## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જૂનાગઢ


નિર્મિત

## રાષ્ટ્રીય સર્વેક્ષણ

# પરખ

# પ્રશ્નબેંક

વર્ષ: 2026-27



## ધોરણ- 7



# PARAKH Rashtriya Sarvekshan 2024

## શિક્ષણની ગુણવત્તા તરફ આગળ વધતો

# જૂનાગઢ જિલ્લો




## PARAKH REPORT CARD 2024 ANALYSIS – JUNAGADH DISTRICT

### ધોરણ 3 — FOUNDATION STAGE

જૂનાગઢનો રેન્ક: રેન્ક 19 (54%)

**ધોરણ ત્રણ નું વિષયવાર પરિણામ**

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 57% | 58% | ↑ +1% |
| ગણિત (Maths) | 52% | 50% | ↓ -2% |
| એકંદર સરેરાશ | 54% | 54% | 0% |

**મુખ્ય તારણ:**
ભાષામાં રાજ્ય કરતાં 1% વધુ,
ગણિતમાં 2% ઓછું.
એકંદર સરેરાશ રાજ્ય જેટલું જ (54%).

### ધોરણ 6 — PREPARATORY STAGE

જૂનાગઢનો રેન્ક: 3 (49%)

**ધોરણ 6 નું વિષયવાર પરિણામ**

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 51% | 55% | ↑ +4% |
| ગણિત (Maths) | 40% | 44% | ↑ +4% |
| આપણી આસપાસની દુનિયા (The World Around Us) | 45% | 48% | ↑ +3% |
| એકંદર સરેરાશ | 45% | 49% | ↑ +4% |

**મુખ્ય તારણ:**
ત્રણેય વિષયોમાં જૂનાગઢ જિલ્લો
રાજ્યના સરેરાશ કરતાં આગળ.
એકંદર સરેરાશ રાજ્ય કરતાં 4% વધુ.

## એક નજરે સરખામણી



| ધોરણ | રાજ્ય સરેરાશ | જૂનાગઢ સરેરાશ | સ્થિતિ |
|---|---|---|---|
| ધોરણ 3 | 54% | 54% | સમાન = |
| ધોરણ 6 | 45% | 49% | જૂનાગઢ +4% ↑ |



**સાથે મળીને ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ આગળ વધીએ,**
**દરેક બાળકને ઉત્તમ ભવિષ્ય આપીએ.**

**<u>પ્રેરક</u>**

**ડૉ.આશાબેન રાજ્યગુરુ - પ્રાચાર્ય**

**<u>માર્ગદર્શક</u>**

**ભરતભાઇ મેસિયા - લેક્ચરર**

**ડૉ.મીરાબેન વ્યાસ - લેક્ચરર**

**આશુતોષભાઈ વ્યાસ - લેક્ચરર**

**હેમલબેન ઉપાધ્યાય - લેક્ચરર**

**પીન્ટુભાઈ મકવાણા - સંશોધન સહાયક**

**<u>ગુજરાતી વિષય કન્વીનર</u>**

**મેઘનાથી પરેશગિરિ**

વિસણવેલ પ્રા.શાળા, તા. માળીયા

**<u>ગણિત વિષય કન્વીનર</u>**

**મારવણિયા કૃણાલકુમાર**

પી.એમ.શ્રી શાળા શાપુર, તા.વંથલી

**<u>વિજ્ઞાન વિષય કન્વીનર</u>**

**માથુકીય નિતેષ**

ખંભાળિયા પ્રા. શાળા, તા. ભેસાણ

**<u>સામાજિક વિજ્ઞાન વિષય કન્વીનર</u>**

**મકવાણા દિલીપકુમાર**

બી.આર.સી કોઓર્ડીનેટર ભેસાણ

**<u>લેખન અને સમીક્ષા</u>**

**<u>ગુજરાતી</u>**

**દેકીવાડીયા જલ્પાબેન**

સી.આર.સી જુનાગઢ ગ્રામ્ય

**કાનાણી અંજનાબેન**

વાસાવાળી પ્રાથમિક શાળા, તા.કેશોદ

**<u>ગણિત</u>**

**નરેન્દ્રસિંહ ચુડાસમા**, BRC માંગરોળ

**ધર્મેશભાઈ સેલારકા**, BRC વિસાવદર

**તુષાર પંડ્યા**, મંડલીકપુર પ્રા. શાળા, તા. જૂનાગઢ

**<u>વિજ્ઞાન</u>**

**સતાસિયા વિનોદભાઈ**

શિરવાણ પ્રાથમિક શાળા, તા.મેંદરડા

**જોષી ભાવેશભાઈ**

ભટ્ટવાવડી પ્રા.શાળા, તા.વિસાવદર

**<u>સામાજિક વિજ્ઞાન</u>**

**વિપુલકુમાર પી. રાવલ**

સરગવાડા પ્રાથમિક શાળા તા. જુનાગઢ

**ઉર્જાબેન હિંડોચા**

વાસાવાડી પે.સે.શાળા તા. કેશોદ

પ્રિય શિક્ષકમિત્રો

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણનો આધારસ્તંભ છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં ભાષા, ગણિત અને પર્યાવરણીય અભ્યાસની પાયાની સમજ સાથે તાર્કિક વિચારશક્તિ, સમસ્યા ઉકેલાની ક્ષમતા તથા જીવનોપયોગી કૌશલ્યોનો વિકાસ થાય તે આજના શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.

રાષ્ટ્રીય સર્વેક્ષણ પરખના અનુસંધાને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓનું અસરકારક મૂલ્યાંકન થઈ શકે અને તેઓ આત્મવિશ્વાસપૂર્વક સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા આ વિશેષ પ્રશ્નબેંક તૈયાર કરવામાં આવી છે.

આ પ્રશ્નબેંક માત્ર મૂલ્યાંકનનું સાધન નથી, પરંતુ વર્ગખંડમાં નિયમિત મહાવરા, પુનરાવર્તન અને નિદાનાત્મક મૂલ્યાંકન માટેનું એક અસરકારક પથદર્શક પણ છે. મને વિશ્વાસ છે કે તમામ શિક્ષકમિત્રો તેનો સર્જનાત્મક અને અસરકારક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવશે.

આ પ્રશ્નબેંકના નિર્માણમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર DIETના તમામ વ્યાખ્યાતાશ્રીઓ, વિષય નિષ્ણાતો, લેખકવૃંદ તેમજ આયોજન સાથે જોડાયેલા તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમના સમર્પણ અને પરિશ્રમના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓને એક ઉપયોગી શૈક્ષણિક પ્રશ્નબેંક પ્રાપ્ત થઈ છે.

આવો, સૌ સાથે મળીને ગુણવત્તાસભર શિક્ષણના ધ્યેયને સાકાર કરીએ અને આપણા જિલ્લાના દરેક વિદ્યાર્થીને રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સજ્જ બનાવીએ. એ જ આપણા સૌના સંયુક્ત પ્રયાસોની સાચી સફળતા ગણાશે.

**ડો. આશાબેન રાજ્યગુરુ, પ્રાચાર્ય**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,જૂનાગઢ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાનાં નબર |
|---|---|---|
| 1. | ભાષા | 1 to 16 |
| 2. | ભાષા- Answer Key | 16 to 18 |
| 3. | ગણિત | 19 to 43 |
| 4. | ગણિત- Answer Key | 44 to 46 |
| 5. | વિજ્ઞાન | 47 to 52 |
| 6. | વિજ્ઞાન - Answer Key | 52 to 53 |
| 7. | સામાજિક વિજ્ઞાન | 54 to 102 |


❖ સામાજિક વિજ્ઞાન ની Answer Key દરેક પ્રકરણના નીચે જ આપવામાં આવેલી છે.

# ભાષા

## ૧. અરીસો (ફકરો)

નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.

*એક રાજાએ પોતાના રાજ્યના સૌથી શ્રેષ્ઠ શિલ્પીને બોલાવીને કહ્યું, "મારે મારા દરબાર માટે એક એવો અરીસો બનાવવો છે, જેમાં માણસનું બહારનું રૂપ નહીં, પણ તેના ગુણો અને મનની દાનત દેખાય." શિલ્પીએ બહુ મહેનત કરી અને એક સુંદર અરીસો તૈયાર કર્યો.*

*રાજાએ દરબાર ભરીને અરીસાનું અનાવરણ કર્યું. જ્યારે રાજા અરીસા સામે ગયા, ત્યારે અરીસો એકદમ ધૂંધળો થઈ ગયો. દરબારના મંત્રીઓ અને સેનાપતિઓ અરીસા સામે ગયા તો પણ અરીસામાં કશું સ્પષ્ટ દેખાયું નહીં. બધા ચિંતામાં પડી ગયા કે આ અરીસો ખરાબ છે. પણ પછી એક નાનો ગરીબ બાળક, જે મહેલની બહાર સાફ-સફાઈ કરતો હતો, તે અરીસા સામે આવ્યો. અચાનક અરીસો સૂર્યના પ્રકાશની જેમ ચમકી ઊઠ્યો અને તેમાં બાળકનું હસતું અને તેજસ્વી ચહેરો દેખાયો.*

*રાજા સમજી ગયા કે અરીસો ખરાબ નહોતો, પણ તેમની અને દરબારીઓની દાનતમાં કંઈક સ્વાર્થ અને અહંકાર છુપાયેલો હતો, જ્યારે પેલા બાળકના મનમાં કોઈ સ્વાર્થ નહોતો, માત્ર નિષ્કપટતા હતી.*

**1. રાજા અને દરબારીઓ અરીસા સામે ગયા ત્યારે અરીસો કેમ ધૂંધળો થઈ ગયો?**

(A) રાજા અને દરબારીઓની દાનતમાં સ્વાર્થ અને અહંકાર હતો.
(B) શિલ્પીએ અરીસો બરાબર બનાવ્યો ન હતો.
(C) સૂર્યના કિરણો અરીસા પર પડતા ન હતા.
(D) અરીસો રહસ્યમય હતો.

**2. શિલ્પીએ બનાવેલા અરીસાની સૌથી મોટી ખાસિયત કઈ હતી?**

(A) તે માણસનું બહારનું સુંદર રૂપ બતાવતો હતો.
(B) તે ભવિષ્ય જોઈ શકતો હતો.
(C) તે માણસના મનની દાનત અને ગુણો દર્શાવતો હતો.
(D) તે માત્ર રાજાનું પ્રતિબિંબ જ બતાવતો હતો.

**3. ગરીબ બાળક અરીસા સામે આવ્યો ત્યારે અરીસો ચમકી ઉઠ્યો કારણકે...**

(A) તેણે અરીસાને સાફ કર્યો હતો.
(B) તેણે સુંદર અને મોંઘા કપડા પહેર્યા હતા.
(C) શિલ્પીએ તેને ખાસ જાદુઈ લાકડી આપી હતી.

(D) બાળકના મનમાં કોઈ સ્વાર્થ ન હતો, માત્ર નિષ્કપટતા હતી.

**4. આ ફકરામાં અરીસો માત્ર નિષ્કપટ વ્યક્તિનું જ પ્રતિબિંબ બતાવે છે તો આ અરીસો ખરેખર શું માપે છે?**

(A) વ્યક્તિની સુંદરતા (B) વ્યક્તિના મનની શુદ્ધતા

(C) વ્યક્તિની ઉંમર (D) વ્યક્તિની સંપત્તિ

**5. ફકરામાં વપરાયેલ 'નિષ્કપટતા' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.**

(A) ભોળુ (B) નિર્દોષ

(C) કપટી (D) ચાલાક

## ૨. જીવનરૂપી બરણી (ફકરો)

નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.

*એક દિવસ વર્ગખંડમાં શિક્ષકે ટેબલ પર કાચની એક મોટી બરણી મૂકી. તેમણે ટેબલમાં નીચેથી મોટા પથ્થરોના કેટલાક ટુકડા કાઢીને બરણીમાં ભરી દીધા, જ્યાં સુધી બરણીમાં વધુ પથ્થર સમાઈ શકે તેમ નહોતા. શિક્ષકે પૂછ્યું, "શું આ બરણી પૂરી ભરાઈ ગઈ છે?" બધા વિદ્યાર્થીઓએ એકસાથે કહ્યું, "હા, ભરાઈ ગઈ છે."*

*શિક્ષકે સ્મિત કર્યું અને ટેબલ નીચેથી નાના કાંકરા ભરેલી થેલી કાઢી. તેમણે કાંકરા બરણીમાં નાખ્યા અને બરણીને થોડી હલાવી. નાના કાંકરા મોટા પથ્થરો વચ્ચેની જગ્યામાં ગોઠવાઈ ગયા. શિક્ષકે ફરી પૂછ્યું, "હવે આ બરણી ભરાઈ ગઈ?" આ વખતે વિદ્યાર્થીઓ થોડા શંકાસ્પદ થયા અને બોલ્યા, "કદાચ નહીં."*

*હવે શિક્ષકે ઝીણી રેતી બરણીમાં નાખી, જે કાંકરા વચ્ચેની જગ્યામાં ભરાઈ ગઈ. છેલ્લે તેમણે એક ગ્લાસ પાણી લઈને બરણીમાં રેડ્યું. શિક્ષકે વિદ્યાર્થીઓને સમજાવ્યું, "આ બરણી તમારું જીવન છે. મોટા પથ્થર એટલે તમારા જીવનની સૌથી મહત્વની બાબતો—જેમ કે અભ્યાસ, સ્વાસ્થ્ય અને પરિવાર. નાના કાંકરા એટલે તમારી નોકરી કે ઘર જેવી બાબતો, અને રેતી એટલે નકામી કે નાની-મોટી રમતો. જો તમે બરણીમાં પહેલા રેતી ભરી દેશો, તો મોટા પથ્થરો માટે કોઈ જગ્યા રહેશે નહીં."*

**૧. શિક્ષકે બરણીમાં સૌથી પહેલાં મોટા પથ્થરો જ કેમ મૂક્યા?**

(A) કારણ કે તેમની પાસે નાના કાંકરા નહોતા.

(B) કારણ કે સૌથી મહત્વની બાબતોને જીવનમાં પહેલું સ્થાન આપવું જોઈએ.

(C) કારણ કે મોટા પથ્થર વજનમાં ભારે હતા.

(D) કારણ કે બરણી બહુ મોટી હતી.

**૨. ફકરામાં "રેતી" શબ્દ જીવનની કઈ બાબતોનું સૂચન કરે છે?**

(A) પરિવાર અને સ્વાસ્થ્ય (B) અભ્યાસ અને જ્ઞાન

(C) નકામી અથવા ઓછી મહત્વની બાબતો (D) મોટી સફળતાઓ

**૩. જો તમે તમારા જીવનરૂપી બરણીમાં પહેલા 'રેતી' ભરી દેશો, તો શું પરિણામ આવશે?**

(A) જીવનમાં બધી જ બાબતો સરળતાથી ગોઠવાઈ જશે.

(B) મહત્વના કામો (મોટા પથ્થરો) માટે સમય કે જગ્યા રહેશે નહીં.

(C) બરણી તૂટી જશે.

(D) તમારો સમય બચી જશે.

**૪. ફકરાના આધારે જણાવો કે વિદ્યાર્થીઓ ક્યારે શંકાસ્પદ થયા?**

(A) જ્યારે શિક્ષકે પહેલીવાર પથ્થરો નાખ્યા ત્યારે.

(B) જ્યારે શિક્ષકે કાંકરા નાખ્યા પછી બીજી વાર પૂછ્યું ત્યારે.

(C) જ્યારે શિક્ષકે પાણી રેડ્યું ત્યારે.

(D) જ્યારે વર્ગખંડમાં બરણી લાવ્યા ત્યારે.

**૫. બરણીમાં રેતી ક્યાં ગોઠવાઈ ગઈ?**

(A) નીચે તળિયામાં (B) પાણીમાં

(C) નાના-મોટા કાંકરા વચ્ચે (D) બરણી તૂટીને રેતી નીચે પડી ગઈ.

## ૩. રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ

નીચેની વાર્તા વાંચી પ્રશ્નોના જવાબ આપો.

*આપણો પહેલો રાષ્ટ્રધ્વજ 7 ઓગસ્ટ 1906 ના રોજ પારસી બાગાન ચોક, ગ્રીન પાર્ક, કલકત્તા પર ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજ લાલ, પીળા અને લીલા આડા પટ્ટાઓથી બનેલો હતો. આ સાથે તેમાં કમળના ફૂલ, ચંદ્ર અને સૂર્ય પણ બનાવવામાં આવ્યા હતા. આ પછી 1907 માં મેડમ કામા અને તેમની સાથે કેટલાક દેશનિકાલ ક્રાંતિકારીઓ દ્વારા પેરિસમાં બીજો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજ પણ પહેલા ધ્વજ જેવો જ હતો, આમાં પણ ચંદ્ર-તારા હતા. માત્ર રંગમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્રીજો ધ્વજ 1917 માં આવ્યો. આ ધ્વજ ડોક્ટર એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે ફરકાવ્યો હતો. ધ્વજમાં એક પછી એક પાંચ લાલ અને ચાર લીલી આડી પટ્ટીઓ હતી. આ ઉપરાંત સપ્તર્ષિની દિશાના સાત નક્ષત્રો પણ હતા.*

**1. આપણો પહેલો રાષ્ટ્રધ્વજ ક્યાં ફરકાવવામાં આવ્યો હતો?**

(A) કલકત્તા (B) પેરિસ

(C) મુંબઈ (D) દિલ્હી

**2. પહેલા અને બીજા રાષ્ટ્રધ્વજમાં કઈ બાબતો અલગ પડતી હતી?**

(A) સૂર્ય અને ચંદ્ર હતા

(B) તારા અને કમળના ફૂલ હતા

(C) રાષ્ટ્રધ્વજના આકારમાં ફેરફાર હતો

(D) માત્ર રંગોમાં થોડો ફેરફાર હતો.

**3. ત્રીજો ધ્વજ કોણે ફરકાવ્યો હતો?**

(A) ગાંધીજી

(B) ડોક્ટર એની બેસન્ટ

(C) જવાહરલાલ નહેરુ

(D) મેડમ કામા

**4. સપ્તર્ષિની દિશાના સાત નક્ષત્રો કયા ધ્વજમાં દર્શાવવામાં આવ્યા હતા?**

(A) ચોથો ધ્વજ

(B) પાંચમો ધ્વજ

(C) ત્રીજો ધ્વજ

(D) પ્રથમ ધ્વજ

**5. પેરિસમાં રાષ્ટ્રધ્વજ કોણે ફરકાવ્યો હતો?**

(A) સરદાર વલ્લભભાઈ પટેલ

(B) મેડમ ભીખાઈજી કામા

(C) ગાંધીજી

(D) સુભાષચંદ્ર બોઝ

## ૪. ભવનાથનો મેળો (ફકરો)

આપેલા ફકરાનું વાંચન કરી પ્રશ્નોના જવાબ આપો.

*જુનાગઢ જિલ્લામાં આવેલ ગિરનાર પર્વતની તળેટીમાં ભવનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરમાં દર વર્ષે મહા વદ નોમથી મહાશિવરાત્રી સુધી 'ભવનાથનો મેળો' ભરાય છે. આ મેળાને મહાશિવરાત્રીનો મેળો પણ કહેવામાં આવે છે. આ મેળાનું મુખ્ય આકર્ષણ દેશભરમાંથી આવેલા નાગા સાધુઓ અને સાધુ-સંતો છે. મહાશિવરાત્રીની રાત્રે સાધુઓનું વિશાળ સરઘસ નીકળે છે, જેને 'શાહી સ્નાન' કહેવામાં આવે છે. સાધુઓ ભવનાથ મંદિરના 'મૃગી કુંડ' માં પવિત્ર સ્નાન કરે છે. આ મેળો ભક્તિ, ભજન અને શિવ આરાધનાનો અદ્ભુત ત્રીવેણી સંગમ છે. આ મેળા દરમિયાન સાધુ-સંતો દ્વારા કરવામાં આવતા વિવિધ હઠયોગ, તલવારબાજી અને લાઠી દાવ જેવા કરતબો લોકોને આશ્ચર્યચકિત કરે છે.*

**1. શિવરાત્રીનો મેળો ક્યારે અને ક્યાં ભરાય છે?**

(A) જુનાગઢ અને મહાસુદ નોમ

(B) જુનાગઢ અને મહાવદ નોમ

(C) મૃગીકુંડ અને મહાવદ અમાસ

(D) દામોદર કુંડ અને મહાવદનોમ

**2. જો કોઈ પ્રવાસીને સાધુ-સંતોના વિવિધ હઠયોગ અને તલવારબાજી જેવા કરતબો જોવા હોય તો તેણે કયા મેળાની મુલાકાત લેવી જોઈએ?**

(A) તરણેતરનો (B) મહાશિવરાત્રી

(C) માધવપુરનો (D) ત્રિવેણી નો

**3. ભવનાથના મેળામાં કયા સાધુઓનું આકર્ષણ વિશેષ હોય છે?**

(A) નાગા સાધુઓ

(B) બૌદ્ધ સાધુઓ

(C) જૈન મુનિઓ

(D) જટાધારી સાધુઓ

**4. ભવનાથના મેળામાં કયા દેવની આરાધના કરવામાં આવે છે?**

(A) ભગવાન શ્રીકૃષ્ણ

(B) ભગવાન વિષ્ણુ

(C) ભગવાન શંકર

(D) બ્રહ્મદેવ

**5. નીચેનામાંથી કયો શબ્દ 'આશ્ચર્યચકિત'નો સમાનાર્થી શબ્દ નથી?**

(A) હબકી ગયેલું

(B) વિસ્મય પામેલું

(C) અપ્રભાવિત

(D) અચંબીત

**6. ઉપર્યુક્ત ફકરામાં 'ત્રિવેણી સંગમ'નો અર્થ શું છે?**

(A) ત્રણ દેવતાઓનો સંગમ

(B) ત્રણ નદીઓનો સંગમ

(C) ભક્તિ, ભજન અને શિવનો સંગમ

(D) સાધુ-સંતોનો સંગમ

## ૫. પક્ષીઓ (ફકરો)

આપેલા ફકરાનું વાંચન કરી પ્રશ્નોના જવાબ આપો.

*પક્ષીઓ પર્યાવરણની શોભા છે. પરોઢિયે પક્ષીઓનો મધુર કલરવ સાંભળવો સૌને ગમે છે. પક્ષીઓ આપણને કુદરતની નજીક લાવે છે. તે વૃક્ષો પર પોતાના માટે સુંદર માળા બનાવે છે. પક્ષીઓ જંગલોના વિસ્તારમાં પણ મદદરૂપ થાય છે; તેઓ ફળો ખાઈને તેના બીજ દૂર દૂર સુધી ફેલાવે છે, જેથી નવા વૃક્ષો ઉગે છે. ઉનાળાની ઋતુમાં પક્ષીઓ માટે આપણી અગાશી કે આંગણામાં પાણીની પરબ (કુંડું) અને ચણ મૂકવી એ આપણી માનવીય ફરજ છે. આ રંગબેરંગી પંખીડા પ્રકૃતિની સુંદરતાને વધુ નયનરમ્ય બનાવે છે. ઘણા પક્ષીઓ કુદરતના સફાઈ કામદાર તરીકે વર્તે છે. ઉદાહરણ તરીકે; ગીધ, સમડી, બાજ જેવા પક્ષીઓ પ્રાણીઓનાં મૃત શરીરને ખાઈને તેમાંથી આવતી દુર્ગંધ દૂર કરે છે. આ રીતે પક્ષીઓ આપણા જીવન માટે ખૂબ જ ઉપયોગી છે.*

**૧. નવા વૃક્ષો ઉગાડવામાં પક્ષીઓ કેવી રીતે મદદરૂપ થાય છે?**

(A) વૃક્ષો કાપીને

(B) ફળોના બીજ ફેલાવીને

(C) માળા તોડીને

(D) પાણી પીને

**૨. ઉનાળામાં પક્ષીઓ માટે આપણે શું કરવું જોઈએ?**

(A) તેમને ઉડાડી મૂકવા જોઈએ

(B) પાણી અને ચણ મૂકવા જોઈએ

(C) માળા તોડી નાખવા જોઈએ

(D) કશું ન કરવું જોઈએ

**૩. પક્ષીઓ આપણને કોની નજીક લાવે છે?**

(A) કુદરતની

(B) ઘરની

(C) ખોરાકની

(D) વૃક્ષોની

**૪. નીચેનામાંથી કયું પક્ષી કુદરતનું સફાઈ કામદાર છે?**

(A) મોર

(B) ચકલી

(C) સુગરી

(D) ગીધ

**૫. પક્ષીઓના રક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે તમે કયો નવો અને શ્રેષ્ઠ ઉપાય સૂચવશો?**

(A) બધી જ પક્ષીઓની જાતિઓને ઘરમાં જ પાડવી

(B) જંગલોના વિસ્તારમાં વૃક્ષો વાવવાનું બંધ કરવું

(C) માત્ર ચોમાસામાં જ પક્ષીઓની સંભાળ લેવી

(D) પક્ષીઓ માટે ઘર-ઘર કુંડા અને ચણની વ્યવસ્થાનું લોકજાગૃતિ અભિયાન શરૂ કરવું

**૬. ફકરામાં 'પક્ષી' માટે બીજો કયો શબ્દ વપરાયો છે?**

(A) કુદરત

(B) પ્રકૃતિ

(C) પંખીડાં

(D) સુંદરતા

## ૬. જાહેરાત (શ્રીમદ્ ભાગવત સપ્તાહ)

નીચે આપેલ જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ આપો.



**1. શ્રીમદ્ ભાગવત સપ્તાહ કેટલા દિવસ ચાલુ રહેશે?**

(A) નવ

(B) સાત

(C) પાંચ

(D) દસ

**2. અપેક્ષા પંડ્યા કયા પ્રકારના ગીતો ગાય છે?**

(A) હિન્દી ગીત

(B) લગ્ન ગીત

(C) ફિલ્મી ગીત

(D) લોકગીત

**3. સંતવાણી ડાયરાનું આયોજન કયા દિવસે કરવામાં આવેલ છે?**

(A) શનિવાર

(B) મંગળવાર

(C) શુક્રવાર

(D) રવિવાર

**4. સૂર્યમ ફ્લોરા સોસાયટી કયા વિસ્તારમાં આવેલી છે?**

(A) નરોડા

(B) પાલડી

(C) નિકોલ

(D) વાસણા

**5. હિતેશભાઈ અંટાળા માટે કયું વિધાન યોગ્ય છે?**

(A) લોકગીત ગાય છે

(B) લોકોને હસાવે છે

(C) ભજન ગાય છે

(D) લોકસાહિત્યકાર છે.

## ૭. જાહેરાત (શાકાહારી ભોજન / ટિફિન)

નીચે આપેલી જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ આપો.




1. **શાકાહારી ભોજન એટલે શું?**

   (A) શાકથી બનેલું ભોજન (B) વનસ્પતિમાંથી બનેલું ભોજન

   (C) માંસમાંથી બનેલું ભોજન (D) શાક અને માછલીમાંથી બનેલું ભોજન

2. **ડિનર એટલે કયા સમયનું ભોજન?**

   (A) સવાર (B) સાંજ

   (C) બપોર (D) દરરોજ

3. **આપણા શરીર માટે નીચેનામાંથી કયું ભોજન યોગ્ય છે?**

   (A) તેલવાળું (B) બહારના પેકેટ

   (C) પીઝા-મેગી (D) દાળ-ભાત-શાક-રોટલી

**4. ઓર્ડર મુજબ કઈ વસ્તુ બનાવી આપવામાં આવશે?**

(A) પરોઠા-થેપલા (B) પાણીપુરી

(C) દાળ-ભાત (D) કઢી-ખીચડી

**5. ફ્રી હોમ ડિલિવરી એટલે શું?**

(A) મફતમાં હોટલમાં જમવા જવું (B) મફતમાં કોઈના ઘરે જમવા જવું

(C) મફતમાં પાડોશીને ત્યાં જમવા જવું (D) ટિફિન ઘરે પહોંચાડવાનો કોઈ ચાર્જ નથી.

## ૮. પેમ્ફલેટ – રસોઈ શો અને રેસીપી પ્રદર્શન

**સ્વાદિષ્ટ રસોઈ અને રેસીપી પ્રદર્શન**

**"નવો સ્વાદ, નવું આરોગ્ય – ઘરનું જમણ"**

* **તમામ ગૃહિણીઓ અને રસોઈના શોખીનો માટે નવી-નવી રેસીપી શીખવાનો શ્રેષ્ઠ મોકો!**

**તારીખ**:૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ (મંગળવાર)

**સમય** : બપોરે ૦૩:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી

**સ્થળ** : કોમ્યુનિટી હોલ, શ્યામલ સોસાયટી પાસે, વડોદરા.

* **મુખ્ય વાનગીઓ અને લાઇવ રેસીપી શો:**

૧. ઓછો તેલ વાપર્યા વગરની પૌષ્ટિક વાનગીઓ

૨. ઝડપથી બનતા હેલ્ધી નાસ્તા (Instant Healthy Snacks)

૩. ઘરની સામગ્રીમાંથી બનતી ઇન્ટરનેશનલ ડીશ

* **વિશેષ આકર્ષણ:**

- આવનાર દરેક વ્યક્તિને "૫૦ નવી વાનગીઓની રેસીપી બુક" બિલકુલ મફત!
- પ્રખ્યાત શેફ સાથે સીધી વાતચીત અને પ્રશ્નોત્તરી

* **પ્રવેશ: સંપૂર્ણ નિઃશુલ્ક (Free Entry)**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક: ૯૮૯૮૯ ૦૦૦૦૦

**૧. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ શું જણાય છે?**

(A) મોંઘી વાનગીઓનું વેચાણ કરવું

(B) માત્ર હોટેલના શેફ માટે સ્પર્ધા યોજવી

(C) ગૃહિણીઓને સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ વાનગીઓ શીખવવાનો અવસર આપવો

(D) વાસણોનું પ્રદર્શન કરવું

**૨. આ રસોઈ શો કઈ તારીખે યોજાવાનો છે?**

(A) 15/10/2026

(B) 25/09/2026

(C) 15/08/2026

(D) 15/09/2026

**3. "નવો સ્વાદ, નવું આરોગ્ય - ઘરનું જમણ" સ્લોગન પરથી શું અનુમાન કરી શકાય?**

(A) લોકો બહારનું ખાવાનું વધુ પસંદ કરે છે

(B) લોકો ઘરમાં જ સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ ખાવાનું બનાવવા પ્રત્યે વધુ જાગૃત થયા છે

(C) ઘરના ખોરાકમાં સ્વાદ હોતો નથી

(D) તેલ વગર રસોઈ બનાવવી અશક્ય છે.

**૪. આ શોમાં કયા પ્રકારની વાનગીઓ શીખવવામાં આવશે?**

(A) ઓછા તેલમાંથી બનતી વાનગીઓ

(B) ઘરની સામગ્રીમાંથી બનતી ડિશ

(C) ઝડપથી બનતા હેલ્ધી નાસ્તા

(D) ઉપરના તમામ

**૫. આ શોનું વિશેષ આકર્ષણ શું છે?**

(A) રેસીપી બુક મફત મળશે

(B) પ્રખ્યાત શેફ સાથે પ્રશ્નોત્તરી

(C) A અને B બંને

(D) એકપણ નહીં

## ૯. પેમ્ફલેટ – પ્રકૃતિ શિક્ષણ શિબિર

પેમ્ફલેટ વાંચી પ્રશ્નોના જવાબ આપો.

***🌿 પ્રકૃતિ શિક્ષણ શિબિર – ૨૦૨૬ 🦁***

***🏫 સરસ્વતી વિદ્યામંદિર, જુનાગઢ***

*પ્રકૃતિના ખોળે... નવું શીખીએ, નવું અનુભવીએ!*

*આપણી શાળા દ્વારા **ધોરણ ૬ થી ૮** ના વિદ્યાર્થીઓ માટે ૩ દિવસ અને ૨ રાત્રિના સાહસિક તથા જ્ઞાનવર્ધક '**પ્રકૃતિ શિક્ષણ શિબિર**' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.*

***📍 શિબિરની મુખ્ય વિગતો***

- ***સ્થળ:*** *સાસણ ગીર, જુનાગઢ*
- ***તારીખ:*** *૨૫ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૨૬*
- ***ઉપડવાનો સમય:*** *૨૫ ડિસેમ્બર, સવારે ૬:00 વાગ્યે (શાળા પ્રાંગણમાંથી)*
- ***પરત આવવાનો સમય:*** *૨૭ ડિસેમ્બર, બપોરે ૧૨:00 વાગ્યે*

***✨ શિબિરના મુખ્ય આકર્ષણો***

- ***🌳 પ્રાકૃતિક સૌંદર્ય:*** *ગીરના સમૃદ્ધ જંગલ અને પ્રકૃતિની નજીક રહેવાનો અદ્ભુત અનુભવ.*
- ***🦁 વન્યજીવ દર્શન:*** *એશિયાઈ સિંહ તથા અન્ય જંગલી પશુ-પંખીઓને તેમના કુદરતી આવાસમાં વિહરતા જોવાની તક.*
- ***📚 પ્રકૃતિ શિક્ષણ:*** *વનસ્પતિ અને વન્યજીવો અંગેનું વિશેષ શૈક્ષણિક માર્ગદર્શન.*

***🏕 શિબિરમાં મળનારી સુવિધાઓ***

- ***રહેઠાણ:*** *વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત ટેન્ટ (Tent) ની સુવિધા.*
- ***ભોજન:*** *સવારનો નાસ્તો, બપોર-સાંજનું પૌષ્ટિક ભોજન અને શુદ્ધ પીવાનું પાણી.*
- ***અન્ય:*** *નહાવા-ધોવાની યોગ્ય તથા સ્વચ્છ વ્યવસ્થા.*

***⚠ નિયમો અને મહત્વની સૂચનાઓ***

*૧. **ગણવેશ:** દરેક વિદ્યાર્થીએ શાળા યુનિફોર્મ અને આઈ-કાર્ડ (ID-Card) પહેરવું ફરજિયાત છે.*

*૨. **સંમતિપત્રક તથા ફી:** વાલીનું સંમતિપત્રક અને શિબિર ફી **૧૦ ડિસેમ્બર, ૨૦૨૬** સુધીમાં પોતાના વર્ગશિક્ષક પાસે જમા કરાવવાની રહેશે.*

*૩. **સ્વચ્છતા:** જંગલમાં કોઈ પણ પ્રકારનો પ્લાસ્ટિક કચરો ફેંકવો નહીં.*

*૪. **સુરક્ષા:** જંગલના પ્રાણીઓને છંછેડવા નહીં કે હેરાન કરવા નહીં.*

**૧. આ 'પ્રકૃતિ શિક્ષણ શિબિર'નું સ્થળ કયું છે?**

(A) સોમનાથ (B) સ્ટેચ્યુ ઓફ યુનિટી

(C) ગિરનાર (D) સાસણ ગીર

**૨. આ શિબિર કેટલા દિવસ અને રાત્રિની છે?**

(A) ૧ દિવસ (B) ૨ દિવસ અને ૧ રાત્રિ

(C) ૩ દિવસ અને ૨ રાત્રિ (D) ૫ દિવસ

**૩. નીચેનામાંથી કયું શિબિરનું આકર્ષણ નથી?**

(A) ગીરનું પ્રાકૃતિક સૌંદર્ય (B) એશિયાઈ સિંહ

(C) અન્ય પશુ-પંખીઓ (D) દરિયાઈ જીવસૃષ્ટિ

**૪. વાલીનું સંમતિપત્રક કઈ તારીખ સુધીમાં જમા કરાવવાનું છે?**

(A) ૨૫ ડિસેમ્બર (B) ૧૦ ડિસેમ્બર

(C) ૨૭ ડિસેમ્બર (D) ૧૫ ડિસેમ્બર

**૫. વિદ્યાર્થીઓએ શિબિર દરમિયાન કઈ વસ્તુ સાથે પહેરવી ફરજિયાત છે?**

(A) ઘરના સુંદર કપડાં

(B) રમતના કપડાં

(C) શાળા યુનિફોર્મ અને આઈ-કાર્ડ

(D) રેઈનકોટ

## ૧૦. કવિતા

નીચેની કવિતા વાંચી પ્રશ્નનો સાચો વિકલ્પ પસંદ કરો.

*કોણે કહ્યું ગરીબ છીએ? કોણે કહ્યું રંક?*
*કાં ભૂલી જા મન રે સોણા! આપણા જુદા અંક.*
*થોડાક નથી સિક્કા પાસે, થોડાક નથી નોટ,*
*એમાં તો શું બગડી ગયું? એમાં તે શી ખોટ?*
*ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલામાલ,*
*આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.*
*ધૂળિયે મારગ ટેક મળે છે, આપણા જેવી સાથ,*
*સુખ-દુઃખની વારતા કહેતાં બાહમાં ભીડે બાથ.*
*ખુલ્લાં બે તર અફળે પડચે, માથે નીતું આભ,*
*રાજા જેવું જીવતાં શીખજે, એ જ જીવનનો લાભ.*

**1. "ઉપરવાળી બેંક" શબ્દપ્રયોગનો અર્થ શું છે?**

(A) સરકારી બેંક (B) ભગવાનનો આશીર્વાદ અને કુદરતી સંપત્તિ.

(C) ખાનગી બેંક (D) વિદેશી બેંક

**2. કવિના મત મુજબ સાચી સમૃદ્ધિ કઈ છે?**

(A) સોનું અને ચાંદી

(B) નોટોના બંડલ

(C) સંતોષ, આશા અને ભગવાન પર વિશ્વાસ.

(D) મોટું ઘર

**3. આ કવિતા વિદ્યાર્થીઓને કયો જીવનમૂલ્ય શીખવે છે?**

(A) દેખાવનું મહત્વ (B) આત્મસન્માન અને સંતોષનું મહત્વ.

(C) સ્પર્ધા કરવી (D) વધુ પૈસા કમાવવા

**4. "આજનું ખાણું આજ આપે" પંક્તિનો મુખ્ય ભાવ શું છે?**

(A) આજમાં જીવવું અને ભગવાન પર વિશ્વાસ રાખવો.

(B) ભવિષ્યની ચિંતા ન કરવી.

(C) બચત ન કરવી.

(D) કામ ન કરવું.

**5. કવિતાનો મુખ્ય સંદેશ કયો છે?**

(A) પૈસા જ જીવનનું સુખ છે.

(B) સાચી સંપત્તિ પ્રેમ, સંતોષ, વિશ્વાસ અને આત્મસન્માનમાં છે.

(C) ગરીબ માણસ સફળ બની શકતો નથી.

(D) ધનવાન જ સુખી હોય છે.

## ૧૧. સંવાદ (પુસ્તકાલય)

સંવાદ વાંચી પ્રશ્નોના જવાબ આપો.

*લાઇબ્રેરિયન: બેટા, અહીં શાંતિ જાળવો. આ વાંચનખંડ છે.*

*આનંદી: માફ કરજો સર, હું મારા મિત્રને પુસ્તક ક્યાં મળશે તે પૂછતી હતી.*

*લાઇબ્રેરિયન: તમારે કયું પુસ્તક જોઈએ છે?*

*આનંદી: મને ગુજરાતી સાહિત્યનું 'સત્યના પ્રયોગો' પુસ્તક જોઈએ છે.*

*લાઇબ્રેરિયન: તે સામેના કબાટ નંબર ૪ માં બીજા ખાનામાં મૂકેલું છે. ત્યાંથી લઈ લો અને અહીં ચોપડામાં તમારું નામ નોંધાવી દો.*

**૧. લાઇબ્રેરિયને આનંદીને શાંત રહેવા કેમ કહ્યું?**

(A) કારણ કે તે મોબાઈલ વાપરતી હતી.

(B) કારણ કે તે વાંચનખંડમાં વાત કરતી હતી.

(C) કારણ કે તે મોટેથી હસતી હતી.

(D) કારણ કે તે દોડી રહી હતી.

**૨. આનંદી કયું પુસ્તક શોધતી હતી?**

(A) સત્યના પ્રયોગો

(B) પંચતંત્રની વાર્તાઓ

(C) મહાભારત

(D) ગણિત વિજ્ઞાન

**૩. 'સત્યના પ્રયોગો' પુસ્તક ક્યાં મૂકેલું હતું?**

(A) કબાટ નંબર ૨ માં

(B) કબાટ નંબર ૪ ના બીજા ખાનામાં

(C) લાઇબ્રેરિયનના ટેબલ પર

(D) કબાટ નંબર ૫ માં

**૪. આ સંવાદ કઈ જગ્યાએ થઈ રહ્યો હતો?**

(A) વર્ગખંડમાં

(B) ભોજનાલયમાં

(C) પુસ્તકાલયમાં

(D) શાળાના બગીચામાં

**૫. 'અહીં શાંતિ જાળવો. આ વાંચનખંડ છે' – નીચેનામાંથી કયું વાક્ય આ સૂચનાને અનુરૂપ નથી?**

(A) પુસ્તકાલયમાં શાંતિ જાળવવી જોઈએ.

(B) પુસ્તકો વાંચતી વખતે અવાજ ન કરવો જોઈએ.

(C) સ્મિતા અને શ્વેતા પુસ્તકો વાંચતી વખતે વાતો કરતા હતા.

(D) રમેશ લાઇબ્રેરીમાં શાંતિથી પુસ્તક વાંચે છે.

## જવાબ વિભાગ (Answer Key)

### પ્રશ્ન-૧ (અરીસો)

૧. (A) રાજા અને દરબારીઓની દાનતમાં સ્વાર્થ અને અહંકાર હતો.

૨. (C) તે માણસના મનની દાનત અને ગુણો દર્શાવતો હતો.

૩. (D) બાળકના મનમાં કોઈ સ્વાર્થ ન હતો, માત્ર નિષ્કપટતા હતી.

૪. (B) વ્યક્તિના મનની શુદ્ધતા

૫. (C) કપટી

### પ્રશ્ન-૨ (બરણી)

૧. (B) કારણ કે સૌથી મહત્વની બાબતોને જીવનમાં પહેલું સ્થાન આપવું જોઈએ.

૨. (C) નકામી અથવા ઓછી મહત્વની બાબતો

૩. (B) મહત્વના કામો (મોટા પથ્થરો) માટે સમય કે જગ્યા રહેશે નહીં.

૪. (B) જ્યારે શિક્ષકે કાંકરા નાખ્યા પછી બીજી વાર પૂછ્યું ત્યારે.

૫. (C) નાના-મોટા કાંકરા વચ્ચે

### પ્રશ્ન-૩ (રાષ્ટ્રધ્વજ)

૧. (A) કલકત્તા

૨. (D) માત્ર રંગોમાં થોડો ફેરફાર હતો.

૩. (B) ડોક્ટર એની બેસન્ટ

૪. (C) ત્રીજો ધ્વજ

૫. (B) મેડમ ભીખાઈજી કામા

### પ્રશ્ન-૪ (ભવનાથ મેળો)

૧. (B) જુનાગઢ અને મહાવદ નોમ

૨. (B) મહાશિવરાત્રી

૩. (A) નાગા સાધુઓ

૪. (C) ભગવાન શંકર

૫. (C) અપ્રભાવિત

૬. (C) ભક્તિ, ભજન અને શિવનો સંગમ

### પ્રશ્ન-૫ (પક્ષીઓ)

૧. (B) ફળોના બીજ ફેલાવીને

૨. (B) પાણી અને ચણ મૂકવા જોઈએ

૩. (A) કુદરતની

૪. (D) ગીધ

૫. (D) પક્ષીઓ માટે ઘર-ઘર કુંડા અને ચણની વ્યવસ્થાનું લોકજાગૃતિ અભિયાન શરૂ કરવું

૬. (C) પંખીડાં

## પ્રશ્ન-૬ (જાહેરાત – ભાગવત સપ્તાહ)

૧. (B) સાત

૨. (D) લોકગીત

૩. (A) શનિવાર

૪. (C) નિકોલ

૫. (B) લોકોને હસાવે છે.

## પ્રશ્ન-૭ (જાહેરાત – ટિફિન)

૧. (B) વનસ્પતિમાંથી બનેલું ભોજન

૨. (B) સાંજ

૩. (D) દાળ-ભાત-શાક-રોટલી

૪. (A) પરોઠા-થેપલા

૫. (D) ટિફિન ઘરે પહોંચાડવાનો કોઈ ચાર્જ નથી.

## પ્રશ્ન-૮ (પેમ્ફલેટ – રસોઈ શો)

૧. (C) ગૃહિણીઓને સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ વાનગીઓ શીખવવાનો અવસર આપવો

૨. (D) 15/09/2026

૩. (B) લોકો ઘરમાં જ સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ ખાવાનું બનાવવા પ્રત્યે વધુ જાગૃત થયા છે

૪. (D) ઉપરના તમામ

૫. (C) A અને B બંને

## પ્રશ્ન-૯ (પેમ્ફલેટ – શિબિર)

૧. (D) સાસણ ગીર

૨. (C) ૩ દિવસ અને ૨ રાત્રિ

૩. (D) દરિયાઈ જીવસૃષ્ટિ

૪. (B) ૧૦ ડિસેમ્બર

૫. (C) શાળા યુનિફોર્મ અને આઈ-કાર્ડ

### પ્રશ્ન-૧૦ (કવિતા)

૧. (B) ભગવાનનો આશીર્વાદ અને કુદરતી સંપત્તિ.

૨. (C) સંતોષ, આશા અને ભગવાન પર વિશ્વાસ.

૩. (B) આત્મસન્માન અને સંતોષનું મહત્વ.

૪. (A) આજમાં જીવવું અને ભગવાન પર વિશ્વાસ રાખવો.

૫. (B) સાચી સંપત્તિ પ્રેમ, સંતોષ, વિશ્વાસ અને આત્મસન્માનમાં છે.

### પ્રશ્ન-૧૧ (સંવાદ)

૧. (B) કારણ કે તે વાંચનખંડમાં વાત કરતી હતી.

૨. (A) સત્યના પ્રયોગો

૩. (B) કબાટ નંબર ૪ ના બીજા ખાનામાં

૪. (C) પુસ્તકાલયમાં

૫. (C) સ્મિતા અને શ્વેતા પુસ્તકો વાંચતી વખતે વાતો કરતા હતા.

# ગણિત

## પ્રકરણ-1 પૂર્ણાંક સંખ્યાઓ

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક સ્પર્ધામાં દરેક સાચા જવાબ માટે 3 ગુણ અને દરેક ખોટા જવાબ માટે -1 ગુણ આપવામાં આવે છે. જો રાહુલના કુલ 20 ગુણ આવે અને તેણે 10 સાચા જવાબો આપ્યા હોય તો તેને કેટલા ખોટા જવાબો આપ્યા હશે?

(A) 10 (B) 5 (C) 8 (D) 12

(2) જો a ÷ (-5) = (-9) હોય તો a ની કિંમત કેટલી થશે?

(A) (-45) (B) (-14) (C) 45 (D) 14

(3) એક લિફ્ટ ખાણમાં દર મિનિટે 6 મીટરના દરે નીચે ઉતરે છે. લિફ્ટ જમીનથી 10 મીટર ઉપરથી શરૂ થાય અને -350 મીટર સુધી પહોંચે છે, તો તેને નીચે પહોંચતા કેટલો સમય લાગશે?

(A) 50 મિનિટ (B) 70 મિનિટ (C) 80 મિનિટ (D) 60 મિનિટ

(4) (-4) × [ (-8) + 5] ની કિંમત શોધો?

(A) 12 (B) (-12) (C) 36 (D) (-36)

(5) [(-36) ÷ 12] ÷ K = 3 માં K ની કિંમત શોધો?

(A) 1 (B) 3 (C) (-3) (D) (-1)

(6) જો a=-8, b=-5, c=3 હોય તો a × (b×c) ની કિંમત શોધો?

A (-120) (B) 120 (C) 40 (D) (-4)

(7) બપોરે 12 વાગ્યે તાપમાન 10 ℃ હતું. જો દર કલાકે 2 ℃ ના દરે ઘટે છે, તો કયા સમયે તાપમાન -8 ℃ થશે?

(A) સાંજે 7 વાગ્યે (B) રાત્રે 8 વાગ્યે (C) રાત્રે 9 વાગ્યે (D) રાત્રે 10 વાગ્યે

## પ્રકરણ-2 અપૂર્ણાંક અને દશાંશ સંખ્યાઓ

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક લંબચોરસનું ક્ષેત્રફળ 12.25 $cm^2$ છે. જો તેની પહોળાઈ 2.5 cm હોય, તો તેની પરિમિતિ શોધવા માટે નીચેનામાંથી કઈ રીત સાચી પડશે?

(A) (12.25 ÷ 2.5) + 2.5 (B) 2 × [(12.25 ÷ 2.5) + 2.5]

(C) 2 × (12.25 × 2.5) (D) (12.25 × 2) + (2.5 × 2)

(2) એક બોટલની ક્ષમતા 3/4 લિ છે. જો તમારી પાસે 4½ લિ પાણી હોય, તો તે પાણીથી કેટલી બોટલ પૂરેપૂરી ભરી શકાય?

(A) 3 (B) 4 (C) 6 (D) 9

(3) રમેશ પાસે ₹ 100 છે. તે તેના 0.35 ભાગના નાણાં પુસ્તક ખરીદવામાં અને બાકીના નાણાંમાંથી 0.4 ભાગના નાણાં સ્ટેશનરી ખરીદવામાં વાપરે છે. તો હવે તેની પાસે કેટલા રૂપિયા બાકી રહ્યા હશે?

(A) 39 (B) 26 (C) 65 (D) 21

(4) જો P = 2/3 ÷ 4/5 અને Q = 2/3 × 5/4 હોય, તો P અને Q વચ્ચેનો સંબંધ શું થાય?

(A) P > Q (B) P < Q (C) P = Q (D) P + Q = 1

(5) એક ચોરસ ખેતરની પરિમિતિ 18.4 metre છે. તો તે ખેતરનું ક્ષેત્રફળ કેટલા ચોરસ મીટર થાય?

(A) 21.16 $m^2$ (B) 4.6 $m^2$ (C) 84.64 $m^2$ (D) 9.2 $m^2$

(6) એક ગાડી 1.5 litre પેટ્રોલમાં 24 km અંતર કાપે છે. તો 1 litre પેટ્રોલમાં તે ગાડી કેટલું અંતર કાપશે?

(A) 36 km (B) 16 km (C) 18 km (D) 12 km

(7) રીટા 5/8 મીટર કાપડમાંથી એક રમકડું બનાવે છે. જો તેની પાસે 12.5 મીટર કાપડ હોય, તો તે કેટલાં રમકડાં બનાવી શકશે?

(A) 10 (B) 15 (C) 20 (D) 25

(8) જો a = 0.2 અને b = 0.02 હોય, તો (a ÷ b) × (a × b) ની કિંમત કેટલી થાય?

A 0.04 (B) 0.4 (C) 4 (D) 0.004

(9) એક વર્ગના 2/5 ભાગના વિદ્યાર્થીઓ છોકરીઓ છે. જો વર્ગમાં કુલ 45 વિદ્યાર્થીઓ હોય અને છોકરાઓમાંથી 1/3 ભાગના છોકરાઓ ગણિતના ક્લબમાં હોય, તો ગણિતના ક્લબમાં કેટલા છોકરાઓ હશે?

(A) 9 (B) 18 (C) 15 (D) 27

## પ્રકરણ-3 માહિતીનું નિયમન

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક રેડીમેડ ગારમેન્ટ (કપડાં) ના વેપારીને તેની દુકાનમાં કઈ સાઇઝના શર્ટનો સ્ટોક સૌથી વધુ રાખવો જોઈએ તે નક્કી કરવું છે. આ નિર્ણય લેવા માટે તેણે માહિતીના કયા માપનો ઉપયોગ કરવો જોઈએ?

(A) મધ્યક (B) મધ્યસ્થ (C) બહુલક (D) વિસ્તાર

(2) પાંચ મિત્રોના દૈનિક ખિસ્સાખર્ચની રકમ અનુક્રમે ₹40, ₹50, ₹45, ₹55 અને ₹1000 છે. જો આ મિત્રોના ખિસ્સાખર્ચનું સાચું 'પ્રતિનિધિત્વ' કરતું માપ શોધવું હોય, તો નીચેનામાંથી કયું માપ ગેરમાર્ગે દોરનારું (ભ્રામક) સાબિત થશે?

(A) મધ્યક (B) મધ્યસ્થ (C) બહુલક (D) સરેરાશ

(3) એક વર્ગના 4 વિદ્યાર્થીઓનું સરેરાશ (મધ્યક) વજન 40 કિગ્રા છે. એક નવા વિદ્યાર્થીના વર્ગમાં જોડાવાથી હવે 5 વિદ્યાર્થીઓનો નવો મધ્યક 42 કિગ્રા થાય છે. તો આ નવા જોડાયેલા વિદ્યાર્થીનું વજન કેટલું હશે?

(A) 42 કિગ્રા (B) 46 કિગ્રા (C) 48 કિગ્રા (D) 50 કિગ્રા

(4) ગણિતની એક કસોટીમાં વર્ગના બધા જ 30 વિદ્યાર્થીઓએ 25 માંથી બરાબર 20 ગુણ મેળવ્યા છે. તો આ માહિતી માટે મધ્યક, મધ્યસ્થ અને બહુલક વચ્ચેનો સંબંધ શું હશે?

(A) મધ્યક > મધ્યસ્થ > બહુલક

(B) મધ્યક < મધ્યસ્થ < બહુલક

(C) મધ્યક = મધ્યસ્થ = બહુલક

(D) સંબંધ નક્કી કરી શકાય નહીં

(5) રમેશ એક સમતોલ સિક્કાને સળંગ 4 વખત ઉછાળે છે અને આશ્ચર્યજનક રીતે ચારેય વખત તેને 'છાપ' (Head) મળે છે. હવે તે 5મી વખત સિક્કો ઉછાળે છે, તો આ વખતે 'કાંટો' (Tail) આવવાની શક્યતા અંગે તમારું શું મંતવ્ય છે?

(A) 4 વખત છાપ આવી ગઈ હોવાથી હવે કાંટો આવવાની શક્યતા વધી જશે.

(B) સિક્કામાં કોઈ ખામી હોવાથી ફરીથી છાપ જ આવશે.

(C) છાપ કે કાંટો આવવાની શક્યતા સમાન (50-50) જ રહેશે.

(D) અગાઉના પરિણામોને આધારે નક્કી ન કરી શકાય કે શું આવશે.

(6) એક જૂતા બનાવતી કંપની 7 અને 8 નંબરના જૂતાનું ઉત્પાદન 12 નંબરના જૂતા કરતા ઘણું વધારે પ્રમાણમાં કરે છે. કંપનીના આ નિર્ણય પાછળ કયો ગાણિતિક ખ્યાલ રહેલો છે?

(A) 12 નંબરના જૂતા બનાવવાનો કાચો માલ મોંઘો પડે છે.

(B) લોકોના પગના માપમાં રહેલી ચલિતતા મુજબ 7-8 નંબરનું માપ ધરાવતા લોકોની સંખ્યા (સંભાવના) વધુ છે.

(C) નાના જૂતા બનાવવામાં કંપનીને વધુ નફો થાય છે.

(D) 12 નંબરના જૂતા પહેરનારા લોકો દુનિયામાં હોતા જ નથી.

(7) સાપસીડીની રમતમાં બે મિત્રો પાસો ફેંકે છે. એક મિત્રને જીતવા માટે પાસા પર '6' ની જરૂર છે અને બીજા મિત્રને '1' ની જરૂર છે. તો કોના જીતવાની શક્યતા વધુ છે?

(A) જેને '6' ની જરૂર છે તેના જીતવાની શક્યતા વધુ છે.

(B) જેને '1' ની જરૂર છે તેના જીતવાની શક્યતા વધુ છે.

(C) બંનેના જીતવાની શક્યતા એકદમ સમાન છે.

(D) પાસો કોણ વધુ જોરથી ફેંકે છે તેના પર આધાર રાખે છે.

(8) એક થેલીમાં 3 લાલ અને 2 વાદળી દડા છે. જો આ થેલીમાં બીજા 3 લાલ દડા ઉમેરવામાં આવે, તો થેલીમાંથી જોયા વિના 'વાદળી દડો' નીકળવાની સંભાવના પર શું અસર થશે?

(A) વધશે (B) ઘટશે (C) સમાન રહેશે (D) શૂન્ય થઈ જશે

(9) ધોરણ 7 ના 50 વિદ્યાર્થીઓની ઊંચાઈ માપવામાં આવે છે અને તેમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. આ માહિતીમાં જોવા મળતી 'ચલિતતા' (Variability) પાછળનું સૌથી પ્રબળ કારણ કયું હોઈ શકે?

(A) માપપટ્ટીમાં રહેલી ખામી.

(B) ઊંચાઈ માપનાર શિક્ષકની ગણતરીની ભૂલ.

(C) દરેક વિદ્યાર્થીનો શારીરિક વિકાસ અને આનુવંશિકતા અલગ-અલગ હોવી.

(D) બધા વિદ્યાર્થીઓની ઉંમર બરાબર એકસરખી ન હોવી.

(10) એક દ્વિ-લંબ આલેખ (Double Bar Graph) એક દુકાનમાં ચાર અલગ-અલગ ઋતુઓ (શિયાળો, ઉનાળો, ચોમાસું, પાનખર) દરમિયાન 'આઈસ્ક્રીમ' અને 'ગરમ કોફી' ના વેચાણની માહિતી દર્શાવે છે. શિયાળા અને ચોમાસામાં કોફીનો સ્તંભ ઊંચો છે, જ્યારે ઉનાળામાં આઈસ્ક્રીમનો સ્તંભ ઘણો ઊંચો છે. આ આલેખના અર્થઘટન પરથી દુકાનદારે કયો સૌથી યોગ્ય વ્યવસાયિક નિર્ણય લેવો જોઈએ?

(A) આખું વર્ષ આઈસ્ક્રીમ અને કોફી સમાન માત્રામાં ખરીદવા.

(B) શિયાળો શરૂ થતાં પહેલાં જ આઈસ્ક્રીમનો મોટો જથ્થો સંગ્રહ કરી લેવો.

(C) ઋતુ પ્રમાણે ગ્રાહકોની માંગ બદલાતી હોવાથી, આગામી શિયાળા માટે કોફીના પાવડરનો સ્ટોક વધારવો.

(D) ઉનાળામાં કોફીનું વેચાણ બિલકુલ બંધ કરી દેવું.

(11) એક લંબ આલેખમાં બે કંપનીઓ 'A' અને 'B' નો વાર્ષિક નફો દર્શાવ્યો છે. કંપની A નો નફો ₹50 લાખ અને કંપની B નો નફો ₹52 લાખ છે. આલેખ દોરનારે Y-અક્ષ પર નફાની શરૂઆત શૂન્ય (0) ને બદલે ₹48 લાખથી કરી છે. આ પ્રકારે દોરેલા આલેખની જોનાર પર શું મનોવૈજ્ઞાનિક અસર પડશે?

(A) બંને કંપનીઓ નુકસાનમાં હોય તેવું લાગશે.

(B) કંપની B નો નફો કંપની A કરતા બમણો (ખૂબ વધારે) હોય તેવો ભ્રમ ઊભો થશે.

(C) કંપની A નો નફો વધુ હોય તેવું લાગશે.

(D) બંને વચ્ચેનો સાચો તફાવત જ દેખાશે, કોઈ ભ્રમ ઊભો નહીં થાય.

(12) એક વિદ્યાર્થીએ 5 દિવસમાં કુલ 100 દાખલા ગણ્યા છે. તેનો લંબ આલેખ સોમવારથી ગુરુવાર સુધી ગણેલા દાખલાની સંખ્યા અનુક્રમે 15, 20, 25 અને 30 દર્શાવે છે. પરંતુ શુક્રવારનો સ્તંભ દોરવાનો બાકી છે. તો શુક્રવાર માટે દોરવામાં આવનાર સ્તંભની ઊંચાઈ Y-અક્ષ પર કયા અંક સુધી જશે?

(A) 10 (B) 20

(C) 35 (D) 40

(13) એક લંબ આલેખમાં 4 અલગ-અલગ મોબાઈલ કંપનીઓ (P, Q, R, S) દ્વારા એક મહિનામાં 'વેચાયેલા મોબાઈલની સંખ્યા' દર્શાવવામાં આવી છે. આ આલેખનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી, નીચેનામાંથી કઈ માહિતી મેળવવી તમારા માટે બિલકુલ અશક્ય છે?

(A) કઈ કંપનીના મોબાઈલ સૌથી વધુ લોકોએ ખરીદ્યા છે.

(B) કઈ કંપનીના મોબાઈલનું વેચાણ સૌથી ઓછું થયું છે.

(C) કઈ કંપનીએ મોબાઈલના વેચાણમાંથી સૌથી વધુ નફો (Profit) કમાયો છે.

(D) ચારેય કંપનીઓ દ્વારા કુલ કેટલા મોબાઈલ વેચાયા.

(14) એક દ્વિ-લંબ આલેખ એક પરિવારની 4 મહિનાની 'આવક' (Income) અને 'ખર્ચ' (Expenditure) દર્શાવે છે. જો તમારે જાણવું હોય કે આ પરિવારે કયા મહિનામાં સૌથી વધુ 'બચત' (Savings) કરી છે, તો તમે આલેખમાં શું જોશો?

(A) જે મહિનામાં આવકનો સ્તંભ સૌથી ઊંચો હોય.

(B) જે મહિનામાં ખર્ચનો સ્તંભ સૌથી નીચો હોય.

(C) જે મહિનામાં આવકના સ્તંભ અને ખર્ચના સ્તંભ વચ્ચેનો તફાવત (ગેપ) સૌથી વધુ હોય અને આવકનો સ્તંભ ખર્ચ કરતાં ઊંચો હોય.

(D) જે મહિનામાં બંને સ્તંભો સમાન ઊંચાઈના હોય.

(15) એક શહેરમાં વાવેલા વૃક્ષોની સંખ્યા દર્શાવતા લંબ આલેખમાં Y-અક્ષ પર પ્રમાણમાપ (Scale) "1 એકમ (સેમી) = 500 વૃક્ષો" લેવામાં આવ્યું છે. જો 'લીમડા' ના વૃક્ષો દર્શાવતો સ્તંભ 5.5 સેમી ઊંચો હોય, તો લીમડાના વૃક્ષોની વાસ્તવિક સંખ્યા કેટલી હશે?

(A) 550 વૃક્ષો (B) 2750 વૃક્ષો

(C) 5000 વૃક્ષો (D) 5500 વૃક્ષો

(16) ઉનાળાની ઋતુમાં એક શહેરના જળાશયમાં પાણીનું સ્તર (મીટરમાં) સળંગ 4 અઠવાડિયા સુધી સતત ઘટતું જતું દર્શાવતો લંબ આલેખ આપેલ છે (દા.ત. 100 મીટર, 80 મીટર, 60 મીટર, 40 મીટર). જો આ જ પ્રવાહ (Trend) ચાલુ રહે, તો પાંચમા અઠવાડિયા માટે નગરપાલિકાએ કયો નિર્ણય લેવો સૌથી વધુ યોગ્ય ગણાશે?

(A) પાણી પુરવઠો રોજીંદા સમય કરતા વધારી દેવો.

(B) પાણીના સ્તર વિશે ચિંતા ન કરવી કારણ કે ચોમાસું આવી જ જશે.

(C) પાણીના વપરાશ પર કાપ મૂકવો અને નાગરિકોને જળ સંરક્ષણ માટે અપીલ કરવી.

(D) આલેખ ખોટો છે તેમ માનીને તેને અવગણવો.

(17) એક કંપનીના મેનેજરને મીટિંગમાં પોતાનો નફો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે તેવું "દર્શાવવું" છે (ભલે નફો સામાન્ય જ વધ્યો હોય). આ માટે તે લંબ આલેખ દોરતી વખતે કઈ યુક્તિનો ઉપયોગ કરશે?

(A) તે Y-અક્ષ પર પ્રમાણમાપ ખૂબ મોટું લેશે (દા.ત. 1 સેમી = 1000 કરોડ).

(B) તે Y-અક્ષની શરૂઆત શૂન્ય (0) થી કરવાને બદલે, સૌથી નાના અવલોકનની એકદમ નજીકના અંકથી કરશે (દા.ત. નફો 90 થી 92 હોય તો અક્ષ 89 થી શરૂ કરશે).

(C) તે X-અક્ષ અને Y-અક્ષની અદલાબદલી કરી નાખશે.

(D) તે લંબ આલેખને બદલે દ્વિ-લંબ આલેખ દોરશે.

(18) નીચેનામાંથી કઈ માહિતીને રજૂ કરવા માટે તમે 'લંબ આલેખ' (Single Bar Graph) ના બદલે 'દ્વિ-લંબ આલેખ' (Double Bar Graph) પસંદ કરશો?

(A) એક અઠવાડિયા દરમિયાન વર્ગમાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવવા.

(B) તમારા વર્ગના 10 વિદ્યાર્થીઓની ગણિતની એકમ કસોટીના ગુણ દર્શાવવા.

(C) ભારતના 5 મુખ્ય શહેરોમાં કોઈ એક ચોક્કસ દિવસે નોંધાયેલ 'મહત્તમ' અને 'લઘુત્તમ' તાપમાનની સરખામણી કરવા.

(D)શાળાની લાઇબ્રેરીમાં રહેલા વિવિધ વિષયોના પુસ્તકોની સંખ્યા દર્શાવવા.

## પ્રકરણ- 4 સાદા સમીકરણ

❖ **નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) Y ના બે ગણા અને 12 નો સરવાળો 22 છે. આ વિધાનને સમીકરણ સ્વરુપે કેવી રીતે લખાય?

(A) Y+12=22 (B) 2Y+22=12 (C) Y+22=12+2Y (D) 2Y+12 = 22

(2) એક સંખ્યાના છઠા ભાગમાંથી 8 બાદ કરતા 2 મળે તેને સમીકરણ સ્વરુપે કેવી રીતે લખી શકાય?

(A) 6X-8 = 2 (B) 6/X - 8 = 2 (C) 1/X - 6 = 2 (D) X/6 - 8 = 2

(3) 2X+4=10 ને વિધાન સ્વરુપે કેવી રીતે લખાય?

(A) કોઇ એક સંખ્યામાં 4 ઉમેરતા 10 મળે

(B) એક સંખ્યાનાં બે ગણામાં 4 ઉમેરતા 10 મળે

(C) એક સંખ્યામાં 2 અને 4 ઉમેરતા 10 મળે

(D) એક સંખ્યાનાં બે ગણા બારાબર 10 મળે

(4) ક્રિષ્ના કહે છે કે મારી પાસે શ્યામ પાસેની પેન્સીલનાં 3 ગણા કરતા 2 પેન્સીલ વધુ છે. જો ક્રિષ્ના પાસે કુલ 17 પેન્સીલ છે. આ વિધાનને સમીકરણ સ્વરુપે કેવી રીતે લખાય?

(A) 3X+2 = 17 (B) X+3 = 17 (C) X/3 +2 = 17 (D)3/X + 2 = 17

(5) કોઇ એક સંખ્યાનાં ત્રણ ગણા અને 10 ની બાદબાકી 35 હોય તો તે સંખ્યા કઇ હોય?

(A) 10 (B) 12 (C) 15 (D) 20

(6) રહીમનાં ખીસ્સમાં રહેલી રકમ એટલી છે કે જેનો એક પંચમાસ ભાગ એ 5 કરતા 2 વધુ હોય તો મુળ રકમ કેટલી હોય?

(A) 30 (B) 35 (C) 40 (D) 45

(7) ગાયનાં દુધની કિંમત ભેસનાં દુધની કિંમત કરતા રુપીયા 10 વધુ છે. જો 1 લીટર ગાયનાં અને 1 લીટર ભેસનાં દુધનો કુલ ભાવ રુપીયા 130 હો તો 2 લીટર ભેસનાં દુધનો ભાવ કેટલા રુપીયા થાય.

(A) 140 (B) 130 (C) 120 (D) 110

(8) એક ત્રિકોણની બે બાજુઓનાં માપનો સરવાળો ત્રીજી બાજુનાં માપ કરતા 2 એકમ વધુ છે. જો આ ત્રિકોણની પરિમિતી 12 એકમ હોય તો ત્રીજી બાજુનું માપ શું થાય?

(A) 3 (B) 4 (C) 5

(D) 6

(9) ક્રિષ્ણાના થેલામાં રહેલ પુસ્તકોની સંખ્યા રિદ્ધિનાં થેલામાં રહેલ પુસ્તકોની સંખ્યા કરતા 1/3 ગણી છે. જો બંનેનાં થેલામાં રહેલા પુસ્તકોની કુલ સંખ્યા 16 હોય તો નીચેના પૈકી શું સાચુ છે?

(A) રિદ્ધિ પાસે 12 અને ક્રિષ્ના પાસે 4 પુસ્તકો છે.

(B) રિદ્ધિ પાસે 4 અને ક્રિષ્ના પાસે 12 પુસ્તકો છે.

(C) આપેલ વિધાનને સમીકરણ સ્વરુપે $x/3+3/x = 16$ એમ લખી શકાય

(D) આપેલ વિધાનને સમીકરણ સ્વરુપે $3x+x/3 = 16$ એમ લખી શકાય

(10) એક દોરડાની કુલ લંબાઇ 28 મીટર છે. તેના સરખા બે ટુકડા પૈકી એક ટુકડાનાં બે ભાગ કરતા મોટો ટુકડો નાના ટુકડા કરતા 4 મીટર વધુ છે. તો નાના ટુકડાની લંબાઇ શું મળે?

(A) 19 (B) 10 (C) 9 (D)

5

(11) માંગરોળ થી જુનાગઢ સુધીનું અંતર આશરે 60 કી.મી. છે. રેખાબેન માંગરોળ થી વંથલી પહોંચતા કુલ અંતરનું ¾ ભાગનું અંતર કાપી લે છે. તો હવે વંથલીથી જુનાગઢ પહોંચતા કેટલુ અંતર કાપવુ પડશે?



(A) 15 કી.મી. (B) 20 કી.મી. (C) 30 કી.મી. (D)

45 કી.મી.

## પ્રકરણ 5 રેખા અને ખૂણા

**❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) આપેલી આકૃતિઓ પૈકી કઈ આકૃતિ માત્ર રેખાખંડોથી બનેલી છે?

(A)  (B)  (C)  D) 

(2) રોશન ભૂમિતિને લગતાં કેટલાંક વાક્યો બોલે છે. તે પૈકી સાચું વાક્ય કયું છે?


(A) રેખાખંડને એક અંત્યબિંદુ હોય છે.

(B) કિરણને બે અંત્યબિંદુ હોય છે.

(C) રેખા બંને દિશામાં અનંત સુધી વિસ્તરેલી છે.

(D) રેખાનું માપન થઈ શકે છે.

(3) આપેલી આકૃતિમાં બિંદુ O આગળ કયો ખૂણો રચાય છે?




(A) ∠XZO (B) ∠ZYO (C) ∠YOZ (D) ∠CYO

(4) યશે પ્રોજેક્ટમાં જુદા જુદા બે ખુણાં બનાવ્યાં. એક ખૂણો 50°નો અને બીજો ખૂણો 130°નો બનાવ્યો હોય તો આ બંને ખૂણાઓથી કઈ જોડ બને?

(A) કોટિકોણ (B) પૂરકકોણ (C) યુગ્મકોણ (D) અભિકોણ


(5) બે ખૂણાનાં માપ પૈકી એક ખુણાંનું માપ 45° છે. આ બંને ખૂણાંઓથી યુગ્મકોણની જોડ બનતી હોય તો બીજા ખૂણાનું માપ શું હોય?

(A) 45° (B) 60° (C) 90° (D) 100°

(6) 40° નો કોટિકોણ અને 50° નો પૂરકકોણ, આ બંને ખૂણાઓનો સરવાળો કઈ જોડ બનાવશે ?

(A) કોટિકોણ (B) યુગ્મકોણ (C) પૂરકકોણ (D) અભિકોણ


(8) આપેલી આકૃતિ મૂજબ અભિકોણની સાચી જોડ કઈ છે?




(A) ∠ AOY અને ∠ YOB (B) ∠ BOX અને ∠ AOX

(C) ∠ YOB અને ∠ BOX (D) ∠ BOY અને ∠ AOX

**(9) આપેલી આકૃતિમાં ∠ DNS નું માપ કેટલું થાય?**




(A) 75° (B) 85° (C) 100° (D) 110°


(10) બે પૂરકકોણોમાં એક ખૂણો કાટખૂણા થી 50° નાનો છે તો, બીજા ખૂણાનું માપ શું હોય?

(A) 40° (B) $90^{0}$ (C) $130^0$ (D) $140^0$

(11) ∠ MNO નાં માપમાં વધારો કરવામાં આવે અને ∠ ABC નાં માપમાં તેટલો જ ઘટાડો કરવામાં આવે છે તેમ છતાં બંનેનો સરવાળો 180° જ રહે છે તો ∠ ABC અને ∠MNO વિશે શું કહી શકાય?

A કોટિકોણ છે. (B) અભિકોણ છે. (C) અનુકોણ છે. (D) પૂરકકોણ છે.

(12) બે સમાંતર રેખાઓ અને તેની છેદિકા દર્શાવતી આકૃતિ પરથી આપેલાં પૈકી શું સાચું જણાય છે?





(A) ∠ MOP અને ∠ OPX યુગ્મકોણોની જોડ છે.

(B) ∠ NOP અને ∠ OPX અભિકોણોની જોડ છે.

(C) ∠ AON અને ∠ MOP અંતઃકોણોની જોડ છે.


(D) ∠ AOM અને ∠ OPX અનુકોણોની જોડ છે.

(13) આકૃતિમાં દર્શાવ્યા મુજબ ∠ AOQ નું માપ 110 $^0$ હોય તો ∠ OQC નું માપ કેટલું હોય?




(A) 70 $^0$ (B) 100 $^0$ (C) 110° (D) 180 $^0$

(14) આપેલી આકૃતિમાં બે સમાંતર રેખા a અને b તથા તેની છેદિકા n આપેલી છે. આપેલા વિધાનો પૈકી કયું વિધાન યોગ્ય જણાતું નથી ?




(A) ∠XPC અને ∠PYD અનુકોણની જોડ છે.

(B) ∠ CPY અને ∠ PYD અંતઃકોણોની જોડ છે.

(C) ∠ XPC અને ∠XPB અભિકોણોની જોડ છે.

(D) ∠ BPY અને ∠ PYD યુગ્મકોણોની જોડ છે.

# પ્રકરણ-6 ત્રિકોણ અને તેના ગુણધર્મો

## ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) કાટકોણ ત્રિકોણ ΔABC માં, ∟B = 90◦ છે. જો આપણે ત્રિકોણના ત્રણેય શિરોબિંદુઓમાંથી વેધ દોરીએ, તો આ ત્રણેય વેધ કયા બિંદુ પર એકબીજાને છેદશે?

(A) કર્ણ AC ના મધ્યબિંદુ પર (B) ત્રિકોણના અંદરના ભાગમાં કોઈ એક બિંદુ પર

(C) ત્રિકોણની બહારના ભાગમાં (D) શિરોબિંદુ B પર

(2) ત્રિકોણ ΔPQR માં, રેખાખંડ PM એ મધ્યગા છે. એક વિદ્યાર્થી નોંધે છે કે ΔPQM નું ક્ષેત્રફળ 25 ચો.સેમી છે. તો સમગ્ર ત્રિકોણ ΔPQR નું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 25 ચો.સેમી (B) 50 ચો.સેમી (C) 12.5 ચો.સેમી (D)75 ચો.સેમી.

(3) એક વિદ્યાર્થી નોંધે છે કે એક ચોક્કસ ત્રિકોણમાં, કોઈ એક શિરોબિંદુમાંથી સામેની બાજુ પર દોરવામાં આવેલ વેધ (Altitude) અને મધ્યગા (Median) બંને બરાબર એક જ રેખાખંડ છે. તો આ ત્રિકોણ કયા પ્રકારનો હોઈ શકે?

(A) માત્ર કાટકોણ ત્રિકોણ (B)માત્ર વિષમબાજુ ત્રિકોણ

(C) સમદ્વિબાજુ અથવા સમબાજુ ત્રિકોણ (D) ગુરુકોણ ત્રિકોણ

(4) એક વિદ્યાર્થી નોંધે છે કે એક ચોક્કસ ત્રિકોણમાં, કોઈ એક શિરોબિંદુમાંથી સામેની બાજુ પર દોરવામાં આવેલ વેધ (Altitude) અને મધ્યગા (Median) બંને બરાબર એક જ રેખાખંડ છે. તો આ ત્રિકોણ કયા પ્રકારનો હોઈ શકે?

(A) માત્ર કાટકોણ ત્રિકોણ (B) માત્ર વિષમબાજુ ત્રિકોણ

(C) સમદ્વિબાજુ અથવા સમબાજુ ત્રિકોણ (D) ગુરુકોણ ત્રિકોણ

(5) ત્રિકોણ Δ LMN માં બે બાજુઓ સમાન છે (LM = LN). શિરોબિંદુ L માંથી બાજુ MN પર એક વેધ LP દોરવામાં આવે છે. જો પાયા MN ની કુલ લંબાઈ 12 સેમી હોય, તો રેખાખંડ MP ની લંબાઈ કેટલી થશે?

(A) 12 સેમી (B) 6 સેમી (C) 24 સેમી (D). 18 સેમી.

(6) શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને કાગળમાંથી કાપેલા ત્રિકોણ PQR આપે છે. તેઓ વિદ્યાર્થીઓને બાજુ QR ને એવી રીતે વાળવા કહે છે કે જેથી શિરોબિંદુ Q બરાબર શિરોબિંદુ R પર બંધબેસતું આવે. આ ગડી (crease) જ્યાં QR ને છેદે છે ત્યાં બિંદુ M અંકિત કરવામાં આવે છે. અંતે, શિરોબિંદુ P અને બિંદુ M ને જોડતી પેન્સિલથી રેખા દોરવામાં આવે છે. આ રેખાખંડ PM ભૌમિતિક રીતે શું દર્શાવે છે?

(A) ત્રિકોણનો વેધ

(B) ત્રિકોણની મધ્યગા

(C) ખૂણા P નો દ્વિભાજક

(D) ખૂણા Q નો દ્વિભાજક

(7) એક ત્રિકોણાકાર બગીચા ΔPQR ની બાજુઓનાં માપ નીચે મુજબ છે: PQ = 40 મીટર, QR = 60 મીટર અને PR = 50 મીટર. ત્રણ મિત્રો અનુક્રમે શિરોબિંદુઓ P, Q અને R પર ઉભા છે. ત્રિકોણના ગુણધર્મોનો ઉપયોગ કરીને જણાવો કે કયા મિત્રની સામેની બાજુનો ખૂણો સૌથી મોટો હશે?

(A) Q પર ઉભેલા મિત્રનો

(B) P પર ઉભેલા મિત્રનો

(C) R પર ઉભેલા મિત્રનો

(D) ત્રણેય ખૂણા સમાન હશે.

## પ્રકરણ-7 રાશિઓની તુલના

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક થેલીમાં કુલ 100 દડા છે. જે પૈકી 10 લાલ, 25 પીળા, 15 લીલા, 30 કાળા અને 20 સફેદ રંગનાં દડા છે. તો કાળા રંગનાં દડાની ટકાવારી કેટલી હોય?

(A) 30% (B) 25% (C) 15% (D) 12%

(2) રાજ અને હસીનાએ મેળવેલ ગુણ આધારિત રિપોર્ટ કાર્ડ આપેલ છે. તે વિશે શું કહી શકાય ?




(A) રાજે મેળવેલ ગુણની ટકાવારી હસીનાથી વધુ છે.

(B) હસીનાએ મેળવેલ ગુણની ટકાવારી રાજથી વધુ છે.


(C) રાજ અને હસીના બંનેએ મેળવેલ ગુણની ટકાવારી સમાન છે.

(D) રાજે હસીનાના કરતાં 40% ગુણ વધુ મેળવ્યા છે.

(3) જૈનીલ પાસે કૂલ 240 લખોટીઓ છે. તે પૈકી 36 લખોટી તેમનાં મિત્ર ભગીરથને આપે છે. તો બાકી રહેલી લખોટીની ટકાવારી કેટલી હોય ?

(A) 0.085% (B) 0.85% (C) 8.5% (D) 85%

(4) આપેલી આકૃતિમાં દર્શાવ્યા મુજબ પીપ A માં કુલ 800 લિટર પેટ્રોલ સમાયેલું છે. તેમાંથી પીપ B માં 40% અને પીપ C માં 480 લિટર પેટ્રોલ ઠાલવવામાં આવેલું છે. તો નીચેનામાંથી શું સાચું છે?




(A) પીપ B માં પીપ C કરતાં વધુ પેટ્રોલ છે.

(B) પીપ C માં પીપ B કરતાં વધુ પેટ્રોલ છે.

(C) પીપ B અને પીપ C બંનેમાં સમાન માત્રામાં પેટ્રોલ છે.

(D) પીપ B માં પીપ C કરતાં 120 લિટર ઓછું પેટ્રોલ છે.

(5) એક લગ્નપ્રસંગમાં કુલ 250 વ્યક્તિઓ છે. જે પૈકી 150 પુરુષો અને 75 સ્ત્રીઓ છે. બાકીનાં બાળકો છે. તો આ પ્રસંગમાં રહેલાં પુરુષો અને બાળકોની સંખ્યાની ટકાવારી કેટલી હોય ?

(A) 10% (B) 30% (C) 60% (D) 70%

(6) જેનો છેદ 8 અને અંશ 4 હોય તે સંખ્યાને ટકામાં કઈ રીતે લખાય ?

(A) 20% (B) 25% (C) 50% (D) 75%

(7) કોઈ એક શાળાનાં વર્ગ A નાં 50 બાળકોમાંથી 30 બાળકો કૂદની રમતમાં ભાગ લે છે. વર્ગ B નાં 60 બાળકો પૈકી 36 બાળકો દોડની રમતમાં ભાગ લે છે. તો આપેલા વિધાનો પૈકી શું સાચું છે ?

(A) કૂદમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી ઓછી છે.

(B) દોડમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી વધુ છે.

(C) કૂદ અને દોડ બંનેમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી સમાન છે.

(D)કૂદમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી વધુ છે.

(8) લિટર દૂધની કિંમત ₹ 60 થી વધીને ₹ 63 થાય છે. તો દૂધના ભાવમાં કેટલા ટકા વધારો થયો કહેવાય ?

(A) 4% (B) 5% (C) 8.4% (D) 10%

(9) એક ગામમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની સંખ્યાનો ગુણોત્તર 3 : 2 : 1 છે. જો કુલ વસ્તી 6000 હોય તો પુરુષો અને બાળકોની કુલ સંખ્યા કેટલી થાય ?

(A) 1000 (B) 2000 (C) 3000 (D) 4000

(10) એક દુકાનદાર એક શર્ટ ₹ 500 માં ખરીદી અને ₹ 600 માં વેચે છે. તથા એક પેન્ટ ₹ 600 માં ખરીદી અને ₹ 720 માં વેચે છે. તો પેન્ટ અને શર્ટની 1 જોડી વેચતાં કેટલા ટકા નફો થાય ?

(A) 120 % (B) 122% (C) 22% (D) 20%

(11) હર્ષ ₹ 5000 બે વર્ષ માટે 10 % નાં વાર્ષિક સાદાવ્યાજે ઉધાર લીધાં. કાવ્યાએ ₹ 3000 તેટલી જ મુદત માટે 12 % નાં વાર્ષિક સાદાવ્યાજે ઉધાર લીધાં. તો બે વર્ષનાં અંતે ચૂકવવાના થતાં વ્યાજનાં સંદર્ભે શું સાચું છે ?

(A) હર્ષે ₹ 320 વધુ વ્યાજ ચૂકવવું પડશે.

(B) કાવ્યાએ ₹ 320 વધુ વ્યાજ ચૂકવવું પડશે.

(C) હર્ષે ₹ 280 વધુ વ્યાજ ચૂકવવું પડશે.

(D) કાવ્યાએ ₹ 280 વધુ વ્યાજ ચૂકવવું પડશે.

(12) જો કોઈ વસ્તુ 10% ખોટ સાથે ₹ 270 માં વેચવામાં આવે તો, ખરીદ કિંમત કેટલી હશે ?

(A) ₹ 280 (B) ₹ 290 (C) ₹ 300 (D) ₹ 320

(13) એક ગ્લાસ 75% પાણીથી ભરેલો છે. તો આ ગ્લાસમાં જેટલો ભાગ ખાલી છે ભાગને અપૂર્ણાંકમાં કઈ રીતે દર્શાવી શકાય?

(A) 1/2 (B) 1/3 (C) 1/4 (D) 1/8

(14) એક વર્ગના 80 વિદ્યાર્થીઓ પૈકી 0.80 ભાગના બાળકો પ્રવાસમાં ગયા. તો કેટલા ટકા વિદ્યાર્થીઓ એ પ્રવાસમાં ભાગ લીધો ?

(A) 0.08% (B) 0.8% (C) 8 % (D) 80%

(15) એક બસ જુનાગઢથી અમદાવાદ સુધી જાય છે. જેનું કુલ અંતર આશરે 320 કિમી છે. જ્યારે બસ વીરપુર પહોંચે છે ત્યારે તે બસ કુલ અંતરનો 0.15 માં ભાગનું અને જૂનાગઢથી રાજકોટ પહોચે છે ત્યારે કુલ અંતરનાં 0.35માં ભાગનું અંતર કાપે છે. તો બસ દ્વારા કપાયેલા વીરપુરથી રાજકોટ વચ્ચેના અંતર સંદર્ભે કયો વિકલ્પ સાચો છે ?

(A) 0.20% અને 64 કિમી (B) 20 % અને 64 કિમી

(C) 0.35% અને 112 કિમી (D) 35% અને 112 કિમી

(16) કોઈ સંખ્યાના 20% = 60 હોય, તો તે સંખ્યાના 40% બરાબર કેટલા થાય?

(A) 80 (B) 120 (C) 135 (D) 145

(17) એક દોડવીર 5000 મીટર દોડમાંથી 1000 મીટર દોડ્યા પછી ઇજાગ્રસ્ત થતાં સ્પર્ધામાંથી બહાર થઈ જાય છે તો તેણે કેટલા ટકા અંતર કાપવાનું બાકી રહી ગયું?

(A) 20% (B) 50% (C) 80% (D) 90%

## પ્રકરણ-8 સંમેય સંખ્યાઓ

❖ **નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) તાસમાં બે વિદ્યાર્થીઓ ચર્ચા કરી રહ્યા છે. કુંજ કહે છે કે "સંમેય સંખ્યાઓ -1/2 અને 1/2 ની વચ્ચે માત્ર '0' જ એકમાત્ર સંમેય સંખ્યા આવેલી છે." જ્યારે સીમા કહે છે કે "ના, તેમની વચ્ચે અસંખ્ય સંમેય સંખ્યાઓ આવેલી છે." આ બંનેમાંથી કોની વાત ગાણિતિક રીતે સાચી છે?

(A) માત્ર કુંજ સાચી છે.

(B) માત્ર સીમા સાચી છે.

(C) બંને ખોટા છે, તેમની વચ્ચે એકપણ સંમેય સંખ્યા નથી.

(D) બંનેની વાત અમુક અંશે સાચી છે.

(2) રાહુલને તેના પિતા તરફથી દર મહિને ખિસ્સાખર્ચ મળે છે. તેમાંથી તે 1/3 ભાગ પુસ્તકો ખરીદવા પાછળ અને 2/5 ભાગ શાળાના નાસ્તા પાછળ ખર્ચે છે. આ બંને ખર્ચ કર્યા પછી પણ જો તેની પાસે ₹40 બચ્યા હોય, તો તેને તેના પિતા તરફથી કુલ કેટલો ખિસ્સાખર્ચ મળ્યો હશે?

(A) ₹100 (B) ₹120 (C) ₹150 (D) ₹200

(3) શિયાળાના એક દિવસે શહેર P નું તાપમાન -5/2°C અને શહેર Q નું તાપમાન -7/2°C નોંધાયું. નીચેનામાંથી કયું વિધાન આ પરિસ્થિતિનું સૌથી સચોટ અર્થઘટન કરે છે?

(A) શહેર P વધુ ઠંડુ છે, કારણ કે સંખ્યારેખા પર -5/2 એ -7/2 ની ડાબી બાજુએ આવેલ છે.

(B) શહેર Q વધુ ઠંડુ છે, કારણ કે સંખ્યારેખા પર -7/2 એ -5/2 ની ડાબી બાજુએ આવેલ છે.

(C) બંને શહેરોમાં સમાન ઠંડી હશે, કારણ કે બંને તાપમાન ઋણ છે.

(D) શહેર P વધુ ઠંડુ છે કારણ કે 5 એ 7 કરતા નાની સંખ્યા છે.

(4) એક દરજી પાસે 3/4 મીટર લાંબી કાપડની પટ્ટી છે. ડિઝાઇન બનાવવા માટે તેને તેમાંથી બરાબર 1/8 મીટર લંબાઈના નાના સરખા ટુકડા કાપવાના છે. પટ્ટીનો કોઈ ભાગ વધે નહીં કે ઘટે નહીં તે રીતે તેમાંથી કેટલા ટુકડા કાપી શકાશે?

(A) 2 ટુકડા (B) 4 ટુકડા (C) 6 ટુકડા (D) 8 ટુકડા

(5) એક ડ્રિલિંગ મશીન દર મિનિટે -3/4 મીટર ઊંડાઈએ જમીનમાં ખાડો ખોદે છે (અહીં ઋણ ચિન્હ જમીનની સપાટીથી નીચેની દિશા દર્શાવે છે). જો તેને જમીનથી -15 મીટરની ઊંડાઈ સુધી પહોંચવું હોય, તો તેને કેટલો સમય લાગશે?

(A) 10 મિનિટ (B) 15 મિનિટ (C) 20 મિનિટ (D) -20 મિનિટ

(6) સંખ્યારેખા પર બે સંમેય સંખ્યાઓ 'x' અને 'y' આવેલી છે. જો x < 0 અને y > 0 હોય, તથા શૂન્ય (0) થી 'x' નું અંતર એ શૂન્ય (0) થી 'y' ના અંતર કરતા વધુ હોય, તો સરવાળા (x + y) નો જવાબ કેવો આવશે?

(A) હંમેશા ધન (Positive) સંખ્યા

(B) હંમેશા ઋણ (Negative) સંખ્યા

(C) હંમેશા શૂન્ય (Zero)

(D) ધન કે ઋણ બંને આવી શકે

(7) શિક્ષકે બોર્ડ પર એક શૂન્યેતર (શૂન્ય ન હોય તેવી) સંમેય સંખ્યા લખી. તેમણે વિદ્યાર્થીઓને તે સંખ્યાની 'વિરોધી સંખ્યા' (Additive Inverse) અને 'વ્યસ્ત સંખ્યા' (Multiplicative Inverse) નો ગુણાકાર કરવા કહ્યું. તો હંમેશા અંતિમ પરિણામ શું આવશે?

(A) 1 (B) -1 (C) 0 (D) મૂળ સંખ્યા પોતે

## પ્રકરણ-9 પરિમિતિ અને ક્ષેત્રફળ

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક ખેડૂત પાસે સમાંતરબાજુ ચતુષ્કોણ આકારનું ખેતર છે, જેનો પાયો 120 મીટર અને અનુરૂપ વેધ 80 મીટર છે. આ ખેતરની બરાબર મધ્યમાં 14 મીટર ત્રિજ્યાવાળો એક ગોળાકાર (વર્તુળાકાર) કૂવો ખોદવામાં આવ્યો છે. તો ખેતરમાં કૂવા સિવાયના બાકીના ભાગનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 9600 ચો.મી (B) 8984 ચો.મી (C) 616 ચો.મી (D) 10216 ચો.મી

(2) એક વર્તુળાકાર મેદાનને ફરતે તારની વાડ કરવાનો ખર્ચ 50 રૂપિયા પ્રતિ મીટરના દરે 2200 રૂપિયા થાય છે. જો આ જ મેદાનમાં અંદરની તરફ ઘાસ ઉગાડવાનો ખર્ચ 10 રૂપિયા પ્રતિ ચોરસ મીટર હોય, તો ઘાસ ઉગાડવાનો કુલ ખર્ચ કેટલો થશે?

(A) 1540 રૂપિયા (B) 3850 રૂપિયા (C) 15400 રૂપિયા (D)154 રૂપિયા

(3) જો કોઈ સમાંતરબાજુ ચતુષ્કોણના પાયાની લંબાઈ બમણી (2 ગણી) કરવામાં આવે અને તેના વેધ (ઊંચાઈ) ને અડધો (અડધા ભાગનો) કરવામાં આવે, તો બનતા નવા ચતુષ્કોણના ક્ષેત્રફળ પર શું અસર થશે?

(A) ક્ષેત્રફળ બમણું થશે. (B) ક્ષેત્રફળ અડધું થશે.

(C) ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં (સમાન રહેશે). (D) ક્ષેત્રફળ ચાર ગણું થશે.

(4) રમેશભાઈ એક સમાંતરબાજુ ચતુષ્કોણ આકારનો બગીચો બનાવે છે, જેનું કુલ ક્ષેત્રફળ 400 ચોરસ મીટર છે. તે આ બગીચાને બરાબર બે સરખા ત્રિકોણાકાર ભાગમાં વહેંચવા માટે તેના એક વિકર્ણ (Diagonal) પર ફૂલોની ક્યારી બનાવે છે. જો એક ત્રિકોણાકાર ભાગનો પાયો 25 મીટર હોય, તો તે ત્રિકોણાકાર ભાગ પર દોરેલા વેધની લંબાઈ કેટલી હશે?

(A) 8 મીટર (B) 16 મીટર (C) 32 મીટર (D) 12.5 મીટર

(5) એક લંબચોરસ (જે સમાંતરબાજુ ચતુષ્કોણનો જ એક પ્રકાર છે) મેદાનની લંબાઈ 20 મીટર અને પહોળાઈ 14 મીટર છે. આ મેદાનના એક ખૂણે 7 મીટર લાંબા દોરડાથી એક ગાયને બાંધવામાં આવી છે. તો મેદાનના કેટલા વિસ્તારમાં ગાય ચરી શકશે નહીં?

(A) 38.5 ચો.મી. (B) 154 ચો.મી. (C) 241.5 ચો.મી. (D) 280 ચો.મી.

(6) 44 સેમી લંબાઈના એક એલ્યુમિનિયમના તારને વાળીને એક વર્તુળ બનાવવામાં આવે છે. ત્યારબાદ તે જ તારને સીધો કરી, તેમાંથી એક ચોરસ બનાવવામાં આવે છે. આ બંને આકૃતિઓ (વર્તુળ અને ચોરસ) દ્વારા ઘેરાતા ક્ષેત્રફળ માટે નીચેનામાંથી કયું વિધાન સ્પષ્ટપણે સાચું છે?

(A) બંનેનું ક્ષેત્રફળ સમાન હશે કારણ કે તારની લંબાઈ સમાન છે.

(B) વર્તુળનું ક્ષેત્રફળ ચોરસના ક્ષેત્રફળ કરતાં વધુ હશે.

(C) ચોરસનું ક્ષેત્રફળ વર્તુળના ક્ષેત્રફળ કરતાં વધુ હશે.

(D) ચોરસનું ક્ષેત્રફળ વર્તુળના ક્ષેત્રફળ કરતાં ઓછુ હશે.

(7) એક ત્રિકોણ અને એક સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ એકસમાન છે. જો ત્રિકોણનો પાયો 20 સેમી અને તેની અનુરૂપ ઊંચાઈ 15 સેમી હોય, અને સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો 10 સેમી હોય, તો તે ચતુષ્કોણની અનુરૂપ ઊંચાઈ કેટલી હશે?

(A) 15 સેમી (B) 20 સેમી (C) 30 સેમી (D) 7.5 સેમી

(8) એક તારને વાળીને 22 સેમી લંબાઈ અને 11 સેમી પહોળાઈનો લંબચોરસ બનાવવામાં આવ્યો છે. જો આ જ તારને ફરીથી સીધો કરીને તેમાંથી એક વર્તુળ બનાવવામાં આવે, તો તે વર્તુળનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 346.5 ચો.સેમી (B) 154 ચો.સેમી (C) 242.0 ચો.સેમી (D) 693.0 ચો.સેમી

(9) એક સમાંતરબાજુ ચતુષ્કોણના પાયાનું માપ બમણું (Double) કરવામાં આવે અને તેની અનુરૂપ ઊંચાઈ અડધી (Half) કરવામાં આવે, તો તેના નવા ક્ષેત્રફળમાં શો ફેરફાર થશે?

(A) નવું ક્ષેત્રફળ બમણું થશે.

(B) નવું ક્ષેત્રફળ અડધું થશે.

(C) ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં (પહેલા જેટલું જ રહેશે).

(D) નવું ક્ષેત્રફળ ચાર ગણું થશે.

## પ્રકરણ-10 બીજ ગણિતીય પદાવલી

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) $4x - 3y^2 + 6$ પદાવલી માટે ક્યું વિધાન યોગ્ય છે ?

(A) 4x પદમાં પદનો ઘાત 0 છે.

(B) $-3Y^2$ પદમાં પદનો સહ ગુણક -3 છે.

(C) 6 એ ચલ પદ છે.

(D) આપેલ પદાવલી દ્વીપદી છે.

(2) $4x^2z^3$ , $1 + 7y - 5x$ , $3x^2y - 6x^2 + 4$ , $4x + 9yz$ પદાવલીઓ પૈકી શું સાચું છે ?

(A) $4x^2z^3$ એ ત્રિપદી છે.

(B) $1 + 7y - 5$ અને $4x + 9yz$ પૈકી 7y અને 4x સજાતિય પદો છે.

(C) $3x^2y - 6x^2 + 4$ મા પદ $-6\ x^2$ નો સહગુણક 2 છે.

(D) $1 + 7y - 5x$ એ ત્રિપદી છે.

(3) $4x^2y$ , $9xy^2$ , $-7x^2y$ , $5xy^2$ પદો પૈકી શું સાચું છે ?

(A) $4x^2y$ , $9xy^2$ , $-7x^2y$ , $5xy^2$ આ તમામ પદો સજાતિય પદો છે.

(B) $4x^2y$ અને $5xy^2$ સજાતિય પદો છે.

(C) $4x^2y$ અને $-7x^2y$ વિજાતિય પદો છે.

(D) $9xy^2$ અને $5xy^2$ સજાતિય પદો છે.

(4) $3x - 5$ પદાવલીમાં $x = 2$ કિંમત મુકતાં પદાવલીની કિંમત શું મળે ?

(A) 11 (B) -11 (C) 1 (D) -1

(5) $-3a + 4$ પદાવલીમાં a ની કઈ કિંમત મુકતાં પદાવલીની કિંમત 10 મળે ?

(A) 3 (B) -3 (C) 2 (D) -2

(6) $2 ( x^2 + xy ) + 3 - xy$ પદાવલીનું સાદુરૂપ આપતાં કઈ પદાવલી મળે ?

(A) $3 + xy + 2x^2$ (B) $2x^2 - xy + 3$

(C) $2x^2 + xy + 3$ (D) $3 - xy - 2x^2$

(7) $6t^3 - 2t + 3$ માં $t = (-1)$ મુકતાં પદાવલીની કિંમત શું મળે ?

(A) -1 (B) 1 (C) 13 (D) -13

(8) 'એક સંખ્યા n નો તેજ સંખ્યાનાં વર્ગ સાથે ગુણાકાર કરી 5 ઉમેરતાં' વિધાનને પદાવલીનાં સ્વરૂપે કેવી રીતે લખાય ?

(A) $2n + 5$ (B) $n^2 + 5$

(C) $2n^2 + 5$ (D) $n^3 + 5$

## પ્રકરણ-11 "ઘાત અને ઘાતાંક"

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) જો $2x \times 8^2 = 2^{10}$ હોય, તો x ની કિંમત કેટલી થશે?

(A) 2 (B) 4 (C) 6 (D) 8

(2) સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર આશરે $1.5 \times 10^{11}$ મીટર છે. પ્રકાશની ઝડપ $3.0 \times 10^8$ મીટર/સેકન્ડ છે. તો સૂર્યપ્રકાશને પૃથ્વી પર પહોંચતા કેટલો સમય (સેકન્ડમાં) લાગશે? (સમય = અંતર / ઝડપ)

(A) 50 સેકન્ડ (B) 5 સેકન્ડ (C) 5000 સેકન્ડ (D) 500 સેકન્ડ

(3) ગ્રહ A નું દળ $6 \times 10^{24}$ કિગ્રા છે અને ગ્રહ B નું દળ $3 \times 10^{22}$ કિગ્રા છે. ગ્રહ A નું દળ ગ્રહ B ના દળ કરતા કેટલા ગણું વધારે છે?

(A) 20 ગણું (B) 200 ગણું (C) 2000 ગણું (D) $2 \times 10^{46}$ ગણું

(4) જો $(5^3)^4 = 5$^m અને $3^4 \times 9^2 = 3$^n હોય, તો m + n ની કિંમત શોધો.

(A) 12 (B) 16 (C) 20 (D) 24

(5) એક રક્તકણ (Red blood cell) ની ત્રિજ્યા આશરે $3.5 \times 10^{-6}$ મીટર છે. આવા $10^5$ રક્તકણોને એક સીધી રેખામાં ગોઠવવામાં આવે, તો તે રેખાની કુલ લંબાઈ કેટલી થશે?

(A) 0.35 મીટર (B) 3.5 મીટર (C) 35 મીટર (D) 0.035 મીટર

(6) $(3^5 \times 10^5 \times 25) \div (5^7 \times 6^5)$ નું સાદું રૂપ આપતાં શું પરિણામ મળે?

(A) 0 (B) $5^2$ (C) 2 (D) 1

## પ્રકરણ-12 સંમિતિ

### ❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ભ્રમણીય સંમિતિ' (Rotational Symmetry) બિલકુલ નથી?

(A) H

(B) S

(C) A

(D) O

(2) એક સમાંતરબાજુ ચતુષ્કોણ (Parallelogram) વિશે નીચેનામાંથી કયું વિધાન બિલકુલ સત્ય છે?

(A) તેમાં 2 સંમિતિની રેખાઓ છે અને પરિભ્રમણીય સંમિતિનો ક્રમ 2 છે.

(B) તેમાં 1 પણ સંમિતિની રેખા નથી, પરંતુ પરિભ્રમણીય સંમિતિનો ક્રમ 2 છે.

(C) તેમાં 4 સંમિતિની રેખાઓ છે.

(D) તેમાં રૈખિક કે પરિભ્રમણીય એકપણ સંમિતિ નથી.

(3) એક દિવાલ ઘડિયાળમાં બરાબર 12:00 વાગ્યા છે. જો આપણે મિનિટ કાંટા અને કલાક કાંટાની સ્થિતિથી બનતી આકૃતિને ધ્યાનમાં લઈએ, તો તેમાં કયા પ્રકારની સંમિતિ જોવા મળશે? (કાંટાઓને કેન્દ્રમાંથી ફરતા ધારો)

(A) માત્ર રૈખિક સંમિતિ

(B) માત્ર પરિભ્રમણીય સંમિતિ

(C) રૈખિક અને પરિભ્રમણીય બંને સંમિતિ

(D) એકપણ નહીં

(4) એક 'નિયમિત ષટ્કોણ' (Regular Hexagon) માં 6 સંમિતિની રેખાઓ હોય છે. હવે જો ષટ્કોણની 6 બાજુઓમાંથી માત્ર 'કોઈ એક જ બાજુ' ને લાલ રંગ કરી દેવામાં આવે (અને બાકીની કાળી રહે), તો તેની સંમિતિની રેખાઓની સંખ્યા કેટલી થઈ જશે?

(A) 5 (B) 3

(C) 1 (D) 0

(5) એક વિદ્યાર્થી લંબચોરસ આકારના એક કાગળને તેના સામસામેના ખૂણાઓ (વિકર્ણ - Diagonal) ભેગા થાય તે રીતે બરાબર વચ્ચેથી વાળે છે. તે જુએ છે કે કાગળના બંને ત્રિકોણાકાર ભાગ એકબીજા પર બરાબર બંધબેસતા નથી. આ પ્રવૃત્તિ પરથી તે કયો ગાણિતિક નિયમ સાબિત કરી રહ્યો છે?

(A) લંબચોરસમાં કોઈ સંમિતિની રેખા હોતી જ નથી.

(B) લંબચોરસનો વિકર્ણ એ તેની સંમિતિની રેખા નથી.

(C) લંબચોરસમાં 4 સંમિતિની રેખાઓ હોય છે.

(D) લંબચોરસ માત્ર પરિભ્રમણીય સંમિતિ ધરાવે છે.

(6) અંગ્રેજીનો કયો શબ્દ એવો છે કે જેને કાગળ પર લખીને, તેને બરાબર અડધું ચક્કર (180°) ઊંધો ફેરવવામાં આવે, તો પણ તે મૂળ શબ્દ જેવો જ વંચાશે? (પરિભ્રમણીય સંમિતિનો ઉદાહરણ)

(A) MOW (B) DEED

(C) NOON (D) BOOK

(7) દીવાલ પર લટકાવેલી એક ઘડિયાળમાં (જેમાં આંકડા નથી, માત્ર કાપા છે) બરાબર 3:00 વાગ્યા છે. જો તમે આ ઘડિયાળનું પ્રતિબિંબ અરીસામાં જોશો, તો તે પ્રતિબિંબ (Mirror Image) માં કાંટા કયો સમય દર્શાવતા હશે?

(A) 3:00 (B) 6:00

(C) 9:00 (D) 12:00

(8) પત્તાની રમતમાં વપરાતા 'લાલના રાજા' (King of Hearts) ના પત્તા વિશે સંમિતિની દ્રષ્ટિએ શું કહી શકાય? (ધ્યાન આપો: પત્તામાં ચિત્ર બંને તરફ માથું રાખીને દોરેલું હોય છે).

(A) તેમાં માત્ર રૈખિક સંમિતિ છે.

(B) તેમાં માત્ર પરિભ્રમણીય સંમિતિ (ક્રમ 2) છે.

(C) તેમાં રૈખિક અને પરિભ્રમણીય બંને સંમિતિ છે.

(D) તેમાં એકપણ સંમિતિ નથી.

(9) એક સાયકલના પૈડાને (જેમાં અસંખ્ય આરા - spokes છે અને કોઈ ડિઝાઇન નથી) તમે કોઈપણ ખૂણે ફેરવો, તે હંમેશા મૂળ સ્થિતિ જેવું જ દેખાય છે. આ વાસ્તવિક ઉદાહરણ દર્શાવે છે કે એક સંપૂર્ણ 'વર્તુળ' માટે...

(A) પરિભ્રમણીય સંમિતિનો ક્રમ શૂન્ય છે.

(B) પરિભ્રમણીય સંમિતિનો ક્રમ 4 છે.

(C) પરિભ્રમણીય સંમિતિનો ક્રમ અસંખ્ય (અનંત) છે.

(D) વર્તુળમાં માત્ર રૈખિક સંમિતિ જ હોય છે.

## પ્રકરણ-13 ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ

❖ **નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) શ્યામ 6 સમાન સમઘન (Cubes) નો ઉપયોગ કરીને અંગ્રેજી મૂળાક્ષર 'T' આકારનું મોડલ બનાવે છે (3 સમઘન આડા અને તેની બરાબર વચ્ચેની નીચે બીજા 3 સમઘન ઊભા). જો આ મોડલને બરાબર ડાબી બાજુએથી (Side View) જોવામાં આવે, તો તે કેવો આકાર દેખાશે?

(A) 4 ચોરસની એક ઊભી હરોળ

(B) 3 ચોરસની એક આડી હરોળ

(C) અંગ્રેજી મૂળાક્ષર 'L' જેવો આકાર

(D) 6 ચોરસ (આખો 'T' આકાર)

(2) એક ટેબલ પર કેટલાક સમઘન ગોઠવીને એક રચના બનાવવામાં આવી છે. તેનો આગળથી દેખાવ (Front view) 2x2 નો ચોરસ છે અને બાજુથી દેખાવ (Side view) પણ 2x2 નો ચોરસ છે, પરંતુ બરાબર ઉપરથી જોતાં (Top view) માત્ર 3 ચોરસ ('L' આકારમાં) દેખાય છે. તો આ રચના બનાવવા માટે ઓછામાં ઓછા કેટલા સમઘન વપરાયા હશે?

(A) 4　　(B) 5

(C) 6　　(D) 8

(3) એક અંધારા ઓરડામાં એક નળાકાર (Cylinder) ને જમીન પર ઊભો રાખવામાં આવ્યો છે. જો તેની બરાબર ઉપરથી ટોર્ચનો પ્રકાશ ફેંકવામાં આવે, તો જમીન પર પડતો પડછાયો કયા આકારનો હશે? અને જો બરાબર સામેથી પ્રકાશ ફેંકવામાં આવે તો સામેની દીવાલ પર પડતો પડછાયો કયા આકારનો હશે?

(A) ઉપરથી: લંબચોરસ, સામેથી: વર્તુળ

(B) ઉપરથી: વર્તુળ, સામેથી: લંબચોરસ

(C) ઉપરથી: વર્તુળ, સામેથી: ત્રિકોણ

(D) ઉપરથી: લંબગોળ, સામેથી: ચોરસ

(4) એક મકાનનો આગળથી દેખાવ (Front View) જોતાં, એક લંબચોરસની બરાબર ઉપર એક ત્રિકોણ દેખાય છે. જ્યારે આ જ મકાનનો હેલિકોપ્ટરમાંથી ઉપરથી દેખાવ (Top View) જોવામાં આવે છે, ત્યારે માત્ર એક મોટો લંબચોરસ દેખાય છે જેની બરાબર વચ્ચેથી એક આડી રેખા પસાર થાય છે. આ મકાનની છત કેવી હશે?

(A) બિલકુલ સપાટ (ધાબાવાળી)

(B) અર્ધગોળાકાર (ઘુમ્મટવાળી)

(C) બે ઢાળવાળી (છાપરાવાળી)

(D) શંકુ આકારની

(5) એક ચોરસ પાયાવાળા પિરામિડ (Square-based pyramid) ને પાયા પર સીધો મૂકેલો છે. જો તેને જમીનને સમાંતર (આડો) વચ્ચેથી કાપવામાં આવે (Cross-section લેવામાં આવે), તો તે કાપેલા નવા ભાગની સપાટી કયા આકારની દેખાશે?

(A) ત્રિકોણ (B) લંબચોરસ (C) સમલંબ ચતુષ્કોણ (D) ચોરસ

## જવાબો-

**પ્રકરણ- 1**

(1) (A) 10 (2) (C) 45 (3) (D) 60 મિનિટ (4) (A) 12

(5) (D) (-1) (6) (B) 120 (7) (C) રાત્રે 9 વાગ્યે

**પ્રકરણ- 2**

(1) (B) 2 × [(12.25 ÷ 2.5) + 2.5] (2) (C) 6 (3) (A) 39

(4) (C) P = Q (5) (A) 21.16 $m^2$ (6) (B) 16 km (7) (C) 20

(8) (A) 0.04 (9) (A) 9

પ્રકરણ- 3

(1) (C) બહુલક (2) (A) મધ્યક (3) (D) 50 કિગ્રા (4) (C)મધ્યક=મધ્યસ્થ=બહુલક

(5) (C) છાપ કે કાંટો આવવાની શક્યતા સમાન (50-50) જ રહેશે

(6) (B) લોકોના પગના માપમાં રહેલી ચલિતતા મુજબ 7-8 નંબરનું માપ ધરાવતા લોકોની સંખ્યા (સંભાવના) વધુ છે.

(7) (C) બંનેના જીતવાની શક્યતા એકદમ સમાન છે. (8) (B) ઘટશે

(9) (C) દરેક વિદ્યાર્થીનો શારીરિક વિકાસ અને આનુવંશિકતા અલગ-અલગ હોવી.

(10) (C) ઋતુ પ્રમાણે ગ્રાહકોની માંગ બદલાતી હોવાથી, આગામી શિયાળા માટે કોફીના પાવડરનો સ્ટોક વધારવો.

(11) (B) કંપની B નો નફો કંપની A કરતા બમણો (ખૂબ વધારે) હોય તેવો ભ્રમ ઊભો થશે.

(12) (A) 10 (13) (C) કઈ કંપનીએ મોબાઈલના વેચાણમાંથી સૌથી વધુ નફો (Profit) કમાયો છે.

(14) (C) જે મહિનામાં આવકના સ્તંભ અને ખર્ચના સ્તંભ વચ્ચેનો તફાવત (ગેપ) સૌથી વધુ હોય અને આવકનો સ્તંભ ખર્ચ કરતાં ઊંચો હોય.

(15) (B) 2750 વૃક્ષો (16) (C) પાણીના વપરાશ પર કાપ મૂકવો અને નાગરિકોને જળ સંરક્ષણ માટે અપીલ કરવી.

(17) (B) તે Y-અક્ષની શરૂઆત શૂન્ય (0) થી કરવાને બદલે, સૌથી નાના અવલોકનની એકદમ નજીકના અંકથી કરશે.

(18) (C) ભારતના 5 મુખ્ય શહેરોમાં કોઈ એક ચોક્કસ દિવસે નોંધાયેલ 'મહત્તમ' અને 'લઘુત્તમ' તાપમાનની સરખામણી કરવા.

પ્રકરણ- 4

(1) (B) 2Y+22 =12 (2) (D) X/6 - 8 = 2 (3) (B) એક સંખ્યાનાં બે ગણામાં 4 ઉમેરતા 10 મળે.

(4) (A) 3X+2 = 17 (5) (C) 15 (6) (B) 35 (7) (C) 120

(8) (C) 5 (9) (A) રિદ્ધિ પાસે 12 અને ક્રિષ્ના પાસે 4 પુસ્તકો છે.

(10) (D) 5 (11) (A) 15 કી.મી.

**પ્રકરણ- 5**

(1) (C)   (2) (C) રેખા બંને દિશામાં અનંત સુધી વિસ્તરેલી છે.

(3) (C) ∠ YOZ  (4) (D)  (5) (B) પૂરકકોણ  (6) (A) 45°

(7) (C) પૂરકકોણ  (8) (D) ∠ BOY અને ∠ AOX  (9) (C) 100°

(10) (D) $140^0$  (11) (D) પૂરકકોણ છે.

(12) (D) ∠ AOM અને ∠ OPX અનુકોણોની જોડ છે.  (13) (A) 70 $^0$

(14) (C) ∠ XPC અને ∠XPB અભિકોણોની જોડ છે.

**પ્રકરણ- 6**

(1) (D) શિરોબિંદુ B પર  (2) (B) 50 ચો.સેમી  (3) (C) સમદ્વિબાજુ અથવા સમબાજુ ત્રિકોણ

(4) (C) સમદ્વિબાજુ અથવા સમબાજુ ત્રિકોણ  (5) (B) 6 સેમી  (6) (B) ત્રિકોણની મધ્યગા

(7) (B) P પર ઉભેલા મિત્રનો.

**પ્રકરણ- 7**

(1) (A) 30%  (2) (C) રાજ અને હસીના બંનેએ મેળવેલ ગુણની ટકાવારી સમાન છે.

(3) (D) 85%  (4) (B) પીપ C માં પીપ B કરતાં વધુ પેટ્રોલ છે.

(5) (D) 70%  (6) (C) 50%

(7) (C) કૂદ અને દોડ બંનેમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી સમાન છે.

(8) (B) 5%  (9) (D) 4000  (10) (D) 20%

(11) (C) હર્ષે ₹ 280 વધુ વ્યાજ ચૂકવવું પડશે.  (12) (C) ₹ 300

(13) (C) ¼  (14) (D) 80%  (15) (B) 20 % અને 64 કિમી

(16) (B) 120  (17) (C) 80%

**પ્રકરણ- 8**

(1) (B) માત્ર સીમા સાચી છે.  (2) (C) ₹150

(3) (B) શહેર Q વધુ ઠંડુ છે, કારણ કે સંખ્યારેખા પર -7/2 એ -5/2 ની ડાબી બાજુએ આવેલ છે.

(4) (C) 6 ટુકડા  (5) (C) 20 મિનિટ  (6) (B) હંમેશા ઋણ (Negative) સંખ્યા

(7) (B) -1

**પ્રકરણ- 9**

(1). (B) 8984 ચો.મી  (2).(A) 1540 રૂપિયા

(3). (C) ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં (સમાન રહેશે).

(4). (B) 16 મીટર  (5). C. 5  (6). (C) 241.5 ચો.મી.

(7). (B) વર્તુળનું ક્ષેત્રફળ ચોરસના ક્ષેત્રફળ કરતાં વધુ હશે.  (8). (A) 15 સેમી

(9). (A) 346.5 ચો.સેમી  (10). (C) ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં (પહેલા જેટલું જ રહેશે).

**પ્રકરણ- 10**

(1) (B) $-3Y^2$ પદમાં પદનો સહગુણક -3 છે. (2) (D) 1 + 7y - 5x એ ત્રિપદી છે.

(3) (D) $9xy^2$ અને $5xy^2$ સજાતિય પદો છે.  (4) (C) 1

(5) (D) -2  (6) (A) $3 + xy + 2x^2$  (7) (A) -1  (8) (D) $n^3 + 5$

**પ્રકરણ- 11**

(1) (B) 4  (2) (D) 500 સેકન્ડ  (3) (B) 200 ગણું  (4) C) 20

(5) (A) 0.35 મીટર  (6) (D) 1

**પ્રકરણ- 12**

(1) (C) A  (2) (B) તેમાં 1 પણ સંમિતિની રેખા નથી, પરંતુ પરિભ્રમણીય સંમિતિનો ક્રમ 2 છે.

(3) (A) માત્ર રૈખિક સંમિતિ  (4) (C) 1  (5) (B)લંબચોરસનો વિકર્ણ એ તેની સંમિતિની રેખા નથી.

(6) (C) NOON  (7) (C) 9:00  (8) (B) તેમાં માત્ર પરિભ્રમણીય સંમિતિ (ક્રમ 2) છે.

(9) (C) પરિભ્રમણીય સંમિતિનો ક્રમ અસંખ્ય (અનંત) છે.

**પ્રકરણ- 13**

(1) (A) 4 ચોરસની એક ઊભી હરોળ  (2) (B) 5  (3) B) ઉપરથી: વર્તુળ, સામેથી: લંબચોરસ

(4) (C) બે ઢાળવાળી (છાપરાવાળી)  (5) (D) ચોરસ

# વિજ્ઞાન

(1) કઈ વનસ્પતિ અન્ય વનસ્પતિ પર વીંટળાઈને તેમાંથી પોષણ મેળવે છે?
(A) અમરવેલ (B) મનીવેલ
(C) નાગરવેલ (D) દુધીવેલ

(2) કઈ વનસ્પતિને જમીનમાંથી જરૂરી પોષક તત્વો ન મળતા કીટકોમાંથી પોષણ મેળવે છે?
(A) તેજ પર્ણ (B) સુવર્ણપર્ણ
(C) રજત પર્ણ (D) કળશ પર્ણ

(3) મારો રંગ લીલો છે, હું જાતે ખોરાક બનાવું છું, હું વાતાવરણને ઓક્સિજન આપુ છું. બોલો હું કોણ છું?
(A) પ્રાણીઓ (B) કીટકો
(C) વનસ્પતિ (D)વાઇરસ

(4) હું વનસ્પતિ છું, મારા અંગને રસોડું કહેવાય છે, તે અંગ ક્યુ છે?
(A) મૂળ (B) પ્રકાંડ
(C) પુષ્પ (D) પર્ણ

(5) હું મનુષ્ય શરીરમાં પાચન કરતું અંગ છું, મારી લંબાઈ સૌથી વધારે છે.
(A) સ્વાદુપિંડ (B) જઠર
(C) નાનું આંતરડું (D) મોટું આંતરડું

(6) વાગોળનાર પ્રાણીઓના આહારમાં મળતું તત્વ જે વાગોળનાર પ્રાણીઓ જ પચાવી શકે છે
(A) સેલ્યુલોઝ (B) પ્રોટીન
(C) ચરબી (D) કાર્બોદિત

(7) મનુષ્યમાં આવેલા એવા દાંત જે છેદક અને અગ્ર દાઢની વચ્ચે આવે છે તેનો ઉપયોગ શું થાય છે?
(A) કાપવા (B) ચાવવા અને ભરડવા
(C) ચીરવા અને ફાડવા (D) બચકું ભરવા

(8) માનવ શરીરમાં આવેલ પાચન અંગ કે જે અન્નનળી અને નાના આંતરડાની વચ્ચે આવેલ છે તે અંગનું કાર્ય નીચે પૈકી કયું છે?
(A) કાર્બોદિતનું પાચન કરવું (B) ખોરાકને ચાવવું
(C) પાણીનું શોષણ કરવું (D) ખોરાકને વલોવવો

(9) એવો સ્વાદ કે જે મોટાભાગના લોકો પસંદ કરતા નથી તે જીભના કયા ભાગમાં પરખાય છે?



(A) અગ્રભાગ
(B) મધ્યભાગ
(C) અંત્ય ભાગ
(D) બાજુનો ભાગ

(10) ક્લિનિકલ થર્મોમીટરમાં રહેલી ખાંચ દૂર કરવામાં આવે તો તાપમાન માપવામાં કઈ સમસ્યા થશે?
(A) દર્દીના તાપમાન કરતાં વધારે મળશે
(B) દર્દીના તાપમાન કરતાં ઓછુ મળશે
(C) દર્દીના તાપમાન જેટલું મળશે
(D) વાતાવરણના તાપમાન જેટલું મળશે

(11) એવી ધાતુ જે પ્રવાહી સ્વરૂપમાં જોવા મળે છે, અને થર્મોમીટરમાં વપરાય છે.
(A) પારો (B) એલ્યુમિનિયમ
(C) જસત (D) નિકલ

(12) સૂર્યપ્રકાશ ઉષ્મા વિકિરણથી પૃથ્વી સુધી પહોંચે છે. સૂર્યપ્રકાશમાં જમીન પર પડેલ લોખંડનો સળીયો કઈ પદ્ધતિથી ગરમ થશે.
(A) ઉષ્માનયન (B) ઉષ્મા વિકિરણ
(C) ઉષ્માવહન (D) ઉષ્માજતન

(13) ક્યુ પ્રવાહી ઉષ્મા વહનની રીતે ગરમ થાય છે?
(A) પાણી (B) દિવેલ
(C) દૂધ (D) મરક્યુરી

(14)શેમ્પૂ એ નીચેના પૈકી કયું છે?
(A) એસિડ (B) બેઈઝ
(C) તટસ્થ (D) ક્ષાર

(15)તટસ્થીકરણ પ્રક્રિયાના અંતે કયો પદાર્થ ઉત્પન્ન થતો નથી?
(A) ક્ષાર (B) ખાંડ
(C) પાણી (D) ઉષ્મા

(16) હળદર વાળા કાગળ પર કોટન બડથી લખી શકાય છે તો કોટન બડને કયા દ્રાવણમાં બોળેલ હશે?
(A) સાબુના દ્રાવણમાં (B) મીઠાના દ્રાવણમાં
(C) ખાંડના દ્રાવણમાં (D) હળદરના દ્રાવણમાં

(17) એક એવું દ્રાવણ છે એસિડીક દ્રાવણને ઘેરા ગુલાબી અને બેઝિક દ્રાવણને લીલા રંગનું બનાવે છે તો તે દ્રાવણ ક્યુ છે?

(A) મોગરાનું દ્રાવણ (B) ગલગોટાનું દ્રાવણ

(C) જાસુદનું દ્રાવણ (D) બારમાસીનું દ્રાવણ

(18) કઈ ધાતુ સળગાવવાથી સફેદ પ્રકાશ અને સફેદ રાખ ઉત્પન્ન થાય છે?

(A) મેગ્નેશિયમ (B) કોબાલ્ટ

(C) નિકલ (D) એલ્યુમિનિયમ

(19) તમારે ચૂનાના નીતર્યા પાણીમાંથી વાયુ પસાર કરીને તેને દૂધિયું બનાવવું છે, તો તે નીચેના પૈકી શાનો ઉપયોગ કરશો

(A) વિનેગર + લીંબુનું દ્રાવણ (B) વિનેગર + બેકિંગસોડા

(C) વિનેગર + હાઈડ્રોક્લોરિક એસિડ (D) વિનેગર + પાણી

(20) $2Fe + O_2 + H_2O$ -> $Fe_2O3 + H_2$ આ રાસાયણિક પ્રક્રિયા શાની છે?

(A) એલ્યુમિનિયમ પર ક્ષાર થવો (B) તાંબા પર ક્ષાર થવો

(C) લોખંડ પર ક્ષાર થવો (D) ચાંદી પર ક્ષાર થવો

(21) જારક શ્વસનમાં કયા વાયુની હાજરી જરૂરી છે?

(A) ઓક્સિજન (B) કાર્બન ડાયોક્સાઈડ

(C) હાઈડ્રોજન (D) નાઈટ્રોજન

(22) સજીવ શ્વસનમાં ઓક્સિજન લે છે, તો ઉચ્છવાસમાં કયો વાયુ બહાર કાઢે છે?

(A) ઓક્સિજન (B) કાર્બનડાયોક્સાઈડ

(C) નાઈટ્રોજન (D) એમોનિયા

(23) ક્યુ સજીવ ત્વચા દ્વારા શ્વસન કરે છે?

(A) માછલી (B) વંદો

(C) સાપ (D) અળસિયું

(24) કયું સજીવ પાણીમાં ઓગળેલા ઓક્સિજન દ્વારા શ્વસન કરે છે

(A) દેડકો (B) સાપ

(C) માછલી (D) મગર

(25) વિનોદ ને પડી જતા હાથમાં વાગ્યું અને લોહી નીકળ્યું, થોડીવારમાં લોહી નીકળતું અટકી ગયું આવું શાના કારણે થયું?

(A) શ્વેતકણ (B) ત્રાકકણ

(C) રુધિરરસ (D) રુધિર

(26) શરીરના કયા ભાગમાં નાડી ધબકારા સાંભળવા મળતા નથી?
(A) કાંડુ (B) ગળું (C) હથેળીમાં (D) ઘૂંટણની પાછળ

(27) અજયને શાળાએ જવાનું મોડું થવાથી તે દોડીને જાય છે, તો તેનો નાડીદર....
(A) વધશે (B) ઘટશે (C) સંભળાશે નહીં (D) કોઈ ફરક નહીં

(28) ડાયાલિસિસની પ્રક્રિયા શા માટે કરવામાં આવે છે?
(A) પાચન સુધારવા (B) લોહીનું પ્રમાણ વધારવા
(C) કુત્રિમ રીતે લોહી ગાળવા (D) ફેફસા ચોખા કરવા

(29) આપેલ વનસ્પતિમાંથી કઈ વનસ્પતિનો ટુકડો મુખ્ય છોડથી જુદો પડે ત્યારે નવો છોડ ઉત્પન્ન કરે છે?
(A) થોર (B) બારમાસી (C) નાળિયેરી (D) પપૈયું

(30) યીસ્ટમાં કલિકા છૂટી પડીને નવો કોષ બનાવે આ પ્રક્રિયાને શું કહેવાય?
(A) બીજાણુ સર્જન
(B) કલિકાસર્જન
(C) અવખંડન
(D) ફલીનીકરણ



(31) જીવજંતુ દ્વારા પરાગનયન થતું હોય એવા પુષ્પો નીચેના પૈકી કયા છે?
(A) પાણીમાં ડૂબેલા (B) સૂકા અને વજનમાં હલકા
(C) નાના અને સફેદ (D) મોટા રંગીન અને સુગંધી

(32) વિપુલ ગુલાબને વાવવા માટે આપેલ પૈકી કયા ભાગનો ઉપયોગ કરશે?
(A) કળી (B) ડાળી (C) ફૂલ (D) પરાગરજ

(33) પદાર્થે એકમ સમયમાં કાપેલ અંતરને શું કહે છે?
(A) સમય (B) અંતર (C) ઝડપ (D) પ્રવેગ

(34) ઝડપનો મૂળભૂત એકમ કયો છે?
(A) km/h (B) m/min (C) km/s (D) m/s

(35) પૃથ્વીને સૂર્યની ફરતે એક પરિક્રમણ પૂર્ણ કરતા લાગતા સમયને શું કહે છે?
(A) એક દિવસ (B) એક વર્ષ (C) એક માસ (D) એક દાયકો

(36) આધુનિક સમયમાં કઈ ઘડિયાળ વધુ ચોકસાઈપૂર્વક સમય માપે છે?
(A) રેતઘડી (B) જળઘડી
(C) ક્વાર્ટ્સ ક્લોક (D) સૂર્ય ઘડી

(37) વિદ્યુતચુંબક ને વધુ શક્તિશાળી બનાવવા માટે કયો ફેરફાર કરશો?

(A) ગૂંચળાની સંખ્યા વધારવી (B) ગૂંચળાની સંખ્યા ઘટાડવી

(C) લોખંડની બદલે પ્લાસ્ટિક વાપરવું (D) વિદ્યુત પ્રવાહ તરત બંધ કરવો

(38) ઘરના એક સ્વીચ બોર્ડમાં ઘણા બધા વિજઉપકરણો જોડીને ચાલુ કરવા જતા એક ઉપકરણ કામ કરતું બંધ થઈ જાય છે, તો આ પરિસ્થિતિને અટકાવવા કયુ ઉપકરણ ઉપયોગી રહેશે?

(A) વિદ્યુત ઘંટડી (B) કાયમી ચુંબક

(C) યોગ્ય ક્ષમતા વાળો ફ્યુઝ (D) પ્લાસ્ટિક કવર

(39) સ્વિચ વિદ્યુતપરિપથ માં ગમે ત્યાં મૂકી શકાય છે કારણ કે...

(A) વિદ્યુત પ્રવાહ ફક્ત બેટરી પાસે વહે છે

(B) સ્વિચ માત્ર વિદ્યુત પરિપથને નિયંત્રિત કરે છે

(C) સ્વિચ વિદ્યુતનું દબાણ વધારે છે

(D) સ્વિચ અવરોધ ઘટાડે છે

(40) અરીસા વડે મળતું પ્રતિબિંબ કઈ પ્રકાશીય ઘટનાને આભારી છે?

(A) પરાવર્તન (B) વક્રીભવન (C) વિભાજન (D) ધ્રુવીભવન

(41) વસ્તુ કરતાં મોટું પ્રતિબિંબ મેળવવા માટે તમે નીચેનામાંથી શેનો ઉપયોગ કરશો?

(A) અંતર્ગોળ લેન્સ (B) અંતર્ગોળ અરીસો

(C) બહિર્ગોળ લેન્સ (D) બહિર્ગોળ અરીસો

(42) સમતલ અરીસા માટે પ્રતિબિંબ કઈ જગ્યાએ રચાય છે?

(A) અરીસાની પાછળ (B) અરીસાની આગળ

(C) A અને B બંને (D) ખાલી A

(43) પડદા પર રચાતા પ્રતિબિંબ વિશે શું કહી શકાય?

(A) વાસ્તવિક (B) આભાસી (C) વાસ્તવિક અને આભાસી (D) અસ્પષ્ટ

(44) જંગલમાં કશું જ નકામું જતું નથી. આ વિધાન કોને અનુલક્ષીને કહી શકાય?

(A) તૃણાહારી પ્રાણીઓ (B) માંસાહારી પ્રાણીઓ

(C) જંગલના રહેવાસીઓ (D) વિઘટકો

(45) નીચે પૈકી કઈ વસ્તુ જંગલમાંથી પ્રાપ્ત થતી નથી?

(A) લાકડું (B) મસાલા (C) પ્લાસ્ટિક (D) કાગળ

(46) પ્રાણીઓ ઉચ્છવાસમાં કયો વાયુ મુક્ત કરે છે?

(A) $O_2$ (B) $CO_2$ (C) $N_2$ (D) $H_2O$

(47) તમારા ઘરે વપરાયેલી ચાની પત્તી અને એંઠવાડ તમે ક્યાં ફેંકશો?
(A) ખુલ્લા મેદાનમાં
(B) ગટરમાં
(C) રોડ પર
(D) કચરા પેટીમાં

(48) પાણીને અછતને પહોંચી વળવા માટે દૂષિત પાણી સાથે શું કરવું જોઈએ?
(A) નદીમાં છોડી દેવો જોઈએ
(B) ભૂગર્ભમાં છોડી દેવું
(C) સાફ કરીને ફરીથી ઉપયોગમાં લેવું જોઈએ
(D) ખુલ્લામાં છોડી દેવું જોઈએ

(49) ગટર વ્યવસ્થા ઉપલબ્ધ ના હોય તેવી જગ્યાએ સાર્વજનિક શૌચાલયનો ઉપયોગ વધારવો જોઈએ શા માટે?
(A) ખુલ્લામાં મળ ત્યાગ અટકાવવા
(B) પાણીનો વ્યય અટકાવવા
(C) ભૂમિ પ્રદૂષણ અટકાવવા
(D) જળ પ્રદૂષણ અટકાવવા

(50) શાકભાજીનો કચરો નિકાલ કરવાની સારી પદ્ધતિ કઈ ગણાય?
(A) સિંકમાં નાખી દેવો જોઈએ
(B) ગટરમાં નાખી દેવો જોઈએ
(C) ખુલ્લામાં નાખી દેવો જોઈએ
(D) ખાતર બનાવવા ઉપયોગ લેવો જોઈએ

## જવાબો

1. (A) અમરવેલ
2. (D) કળશ પર્ણ
3. (C) વનસ્પતિ
4. (D) પર્ણ
5. (C) નાનું આંતરડું
6. (A) સેલ્યુલોઝ
7. (C) ચીરવા અને ફાડવા
8. (D) ખોરાકને વલોવવો
9. (C) અંત્ય ભાગ
10. (B) દર્દીના તાપમાન કરતાં ઓછુ મળશે
11. (A) પારો
12. (C) ઉષ્માવહન
13. (D) મરક્યુરી
14. (C) તટસ્થ

15. (B) ખાંડ

16. (A) સાબુના દ્રાવણમાં

17. (C) જાસુદનું દ્રાવણ

18. (D) એલ્યુમિનિયમ

19. (B) વિનેગર + બેકિંગસોડા

20. (C) લોખંડ પર ક્ષાર થવો

21. (A) ઓક્સિજન

22. (B) કાર્બનડાયોક્સાઈડ

23. (D) અળસિયું

24. (C) માછલી

25. (B) ત્રાકકણ

26. (D) ઘૂંટણની પાછળ

27. (A) વધશે

28. (C) કુત્રિમ રીતે લોહી ગાળવા

29. (A) થોર

30. (B) કલિકાસર્જન

31. (D) મોટા રંગીન અને સુગંધી

32. (B) ડાળી

33. (C) ઝડપ

34. (D) m/s

35. (B) એક વર્ષ

36. (C) ક્વાર્ટ્સ ક્લોક

37. (A) ગૂંચળાની સંખ્યા વધારવી

38. (C) યોગ્ય ક્ષમતા વાળો ફ્યુઝ

39. (B) સ્વિચ માત્ર વિદ્યુત પરિપથને નિયંત્રિત કરે છે.

40. (A) પરાવર્તન

41. (B) અંતર્ગોળ અરીસો

42. (A) અરીસાની પાછળ

43. (B) આભાસી

44. (D) વિઘટકો

45. (C) પ્લાસ્ટિક

46. (B) $CO_2$

47. (D) કચરા પેટીમાં

48. (C) સાફ કરીને ફરીથી ઉપયોગમાં લેવું જોઈએ

49. (A) ખુલ્લામાં મળ ત્યાગ અટકાવવા

50. (D) ખાતર બનાવવા ઉપયોગ લેવો જોઈએ

# સામાજિક વિજ્ઞાન

### એકમ 1 – રાજપૂત યુગ : નવા શાસકો અને રાજ્યો

**1 . નીચેનામાંથી કયું વિધાન રાજપૂતયુગની શાસન વ્યવસ્થા સાથે સુસંગત નથી ?**

(A) રાજા પોતાના જ્યેષ્ઠ પુત્રને જ ઉત્તરાધિકારી તરીકે પસંદ કરતાં હતા.

(B) દરેક પ્રકારની નીતિનો અંતિમ નિર્ણય રાજા કરતો હતો.

(C) રાજ્યની વાણિજ્ય વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા માટે એક અલગ વિભાગ હતો.

(D) આ યુગમાં ગ્રામીણ સંસ્થાઓનું મહત્વ વિશેષ હતું.

**2 . નીચેનામાંથી કયા રાજવંશો બંગાળના રાજવંશો તરીકે જાણીતા હતાં ?**

(A) સોલંકીવંશ અને વાઘેલાવંશ

(B) ચાલુક્યવંશ અને રાષ્ટ્રકુટવંશ

(C) પાલવંશ અને સેનવંશ

(D) ગુર્જર-પ્રતિહારવંશ અને પરમારવંશ

**3 . ગોવિંદચંદ્રને ગઢવાલ વંશનો સૌથી પ્રતાપી રાજા ગણવા માટે નીચે પૈકી કયું કારણ યોગ્ય છે?**

(A) તેણે ગઢવાલમાં શિક્ષણ માટે મહાશાળા બનાવી હતી.

(B) તેણે વિદેશમાં ગઢવાલ વંશની સ્થાપના કરી હતી.

(C) તેણે કાશીને જીતીને પોતાની નવી રાજધાની બનાવી હતી.

(D) તેણે ગઝનીના આક્રમણને અટકાવ્યું હતું અને બૌદ્ધ વિહારોનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

**4. વનરાજ ચાવડાએ નવા નગરનું નામ તેના મિત્ર અણહિલ ભરવાડ પરથી 'અણહિલવાડ પાટણ' રાખ્યું. આ ઘટના રાજપૂત સંસ્કૃતિના ક્યા મૂલ્યને દર્શાવે છે?**

(A) રાજકીય દબાણ અને મજબૂરી

(B) વંશવાદ અને પરિવારવાદ

(C) કૃતજ્ઞતા અને સાચી મિત્રતા

(D) સ્વાર્થ અને અંગતલાભ

**5. તરાઈની બીજી લડાઈ (ઈ.સ. 1192) ને ભારતીય ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ કેમ માનવામાં આવે છે?**

(A) રાજપૂત એકતાની જીત થઈ હતી.

(B) દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના.

(C) તે સૌથી લાંબી લડાઈ હતી.

(D) વિદેશી આક્રમણો કાયમ માટે બંધ થયા.

**6. મહંમદ ગઝનીએ સોમનાથ પર અનેક વખત ચઢાઈ કરી અને અઢળક સંપત્તિ લૂંટી. આ માટે ભારતીય શાસકોની કઈ નબળાઈ જવાબદાર હતી?**

(A) કિલ્લાઓની મજબૂતી ઓછી હોવી.

(B) લડાયક કૌશલ્યનો અભાવ હોવો.

(C) એકતા અને સંગઠિત સૈન્યનો અભાવ.

(D) શસ્ત્રોની ગુણવત્તા ખરાબ હોવી.

**7.જો તમને ભારતના નકશામાં નર્મદા નદીની દક્ષિણે આવેલા મધ્યયુગીન રાજ્યો દર્શાવવાનું કહેવામાં આવે, તો તમે કયા વંશ પસંદ કરશો?**

(A) રાષ્ટ્રકૂટ, પાલ, પલ્લવ વંશ
(B) ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, પલ્લવ વંશ
(C) ચાલુક્ય, ચૌહાણ, રાષ્ટ્રકૂટ વંશ
(D) સેન, પાલ, ચાલુક્ય વંશ

**8. ઇતિહાસના ઘટનાક્રમ મુજબ ક્યો વંશાવલી ક્રમ ગુજરાત માટે સાચો છે?**
(A) ચાવડા વંશ → સોલંકી વંશ → વાઘેલા વંશ
(B) સોલંકી વંશ → ચાવડા વંશ → વાઘેલા વંશ
(C) વાઘેલા વંશ → સોલંકી વંશ → ચાવડા વંશ
(D) ચાવડા વંશ → વાઘેલા વંશ → સોલંકી વંશ

**9. મધ્યકાલીન ભારતના ઇતિહાસમાં ચંદેલ શાસકોનું કયું એવું અજોડ પ્રદાન છે જે કારણે આજે પણ મધ્યપ્રદેશના બુંદેલખંડ વિસ્તારને યાદ કરવામાં છે?**
(A) ભૌગોલિક વિસ્તરણ અને વિદેશી વેપાર માટે.
(B) ખજુરાહોના ભવ્ય મંદિરો, ધાર્મિક મકાનો અને જળાશયોના સ્થાપત્ય માટે.
(C) પૃથ્વીરાજ ચૌહાણને હરાવવા માટે.
(D) બૌદ્ધ ધર્મના સંપૂર્ણ પ્રચાર માટે.

**10. સોલંકીઓના શાસનકાળને ગુજરાતના રાજપૂત શાસનનો 'સુવર્ણયુગ' શા માટે કહેવામાં આવે છે?**
(A) ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ બન્યું અને શક્તિશાળી શાસકો થયા.
(B) આ સમયમાં માત્ર સોનાના સિક્કાઓ જ ચલણમાં હતા.
(C) સોલંકી રાજાઓએ વિદેશીઓ સાથે વેપાર વિકસાવીને ગુજરાતને વધુ સમૃદ્ધ કર્યું હતું.
(D) આ વંશના રાજાઓએ દિલ્હી પર લાંબા સમય સુધી શાસન કર્યું હતું

**11. તમે સોલંકી યુગના પાટણની મુલાકાતે જાઓ છો, ત્યાંના લોકો તમને રાજમાતા મીનળદેવીની પ્રશંસા કરતા કહે છે કે, "અમારા રાજમાતા માત્ર મહેલમાં બેસનારા નથી, તેમણે અમારી આર્થિક અને સામાજિક પીડા દૂર કરી છે." તો લોકો નીચેનામાંથી કઈ ઐતિહાસિક ઘટનાઓ તરફ ઈશારો કરી રહ્યા હશે?**
(A) પાટણને નવી રાજધાની બનાવવાની ઘટના તરફ.
(B) સોમનાથનો યાત્રાળુવેરો બંધ કરાવવા અને મલાવ તળાવનો ન્યાય આપવાની ઘટના તરફ.
(C) અહિંસાના પાલન માટે યુદ્ધો કાયમ માટે બંધ કરાવવાની ઘટના તરફ.
(D) સ્ત્રીઓ માટે આધુનિક શાળાઓ શરૂ કરાવવાની ઘટના તરફ.

**12. ઈ.સ. 1192 માં તરાઈના બીજા યુદ્ધમાં જો પૃથ્વીરાજ ચૌહાણનો વિજય થયો હોત, તો ભારતીય ઇતિહાસમાં કયું પરિવર્તન આવ્યું હોત?**
(A) ભારતમાં મરાઠા શાસન શરુ થયું હોત.
(B) દિલ્હીમાં સલ્તનત યુગની શરૂઆત ટળી હોત.
(C) અંગ્રેજોનું તે જ સમયે ભારતમાં આગમન થયું હોત.
(D) દક્ષિણ ભારતમાં ચોલ વંશનો ઉદય થયો હોત.

**13. નીચેના તારણોમાંથી કયું રાજપૂત યુગના ઇતિહાસનું સૌથી યોગ્ય વિશ્લેષણ છે?**
(A) યુદ્ધ જીતવાથી જ રાજ્ય મહાન બને છે.
(B) માત્ર ધર્મ જ રાજ્યની સફળતા નક્કી કરતો હતો.
(C) વેપારથી જ રાજ્ય સમૃદ્ધ બને છે.
(D) કલા, શિક્ષણ, વહીવટ અને સુરક્ષા – ચારેયનો સંતુલિત વિકાસ જરૂરી છે.

**14.ચાલુક્ય વંશના રાજા પુલકેશી બીજાની સત્તા દક્ષિણ ભારતમાં મજબૂત હોવાનું કારણ શું હતું?**
(A) તેણે ઉત્તર ભારતના શક્તિશાળી રાજા હર્ષવર્ધનને યુદ્ધમાં પરાજય આપ્યો હતો

(B) તેની પાસે વિદેશી શાશકોનું  સમર્થન હતું
(C) તેણે દક્ષિણમાં રાષ્ટ્રકૂટોની સત્તા સંપૂર્ણપણે નષ્ટ કરી હતી
(D) તે પ્રજામાં ખુબ લોકપ્રિય શાસક હતો.

**15. ધારો કે તમે રાજપૂત યુગના 'અમાત્ય' છો, તો રાજા તમને નીચેનામાંથી કઈ મુખ્ય જવાબદારી સોંપશે?**
(A) સરહદ પર જઈને દુશ્મનો સાથે સીધું યુદ્ધ કરવું.
(B) રાજ્યમાં ખેતી અને વ્યાપાર પર કર ઉઘરાવવો.
(C) રાજા સાથે રહીને રાજકીય મંત્રણાઓ અને વહીવટી નિર્ણયો લેવા.
(D) નગરમાં ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવું.

**16. રાજપૂતકાળમાં એક ખેડૂત તરીકે તમારે રાજ્યને કર (ટેક્સ) ચૂકવવો છે, તો શાસનની પદ્ધતિ મુજબ તમારે કેટલો કર આપવો પડશે?**
(A) તમારી કુલ ઉપજનો અડધોઅડધ ભાગ.
(B) તમારી કુલ ઉપજનો છઠ્ઠો ભાગ.
(C) તમારે કોઈ જ કર આપવો પડતો નથી.
(D) તમારી કુલ ઉપજનો ચોથો ભાગ.

**17. જો કોઈ વેપારી વિદેશમાંથી વહાણ દ્વારા ગુજરાતના બંદરે માલ લાવે, તો સોલંકીકાળમાં તેની પાસેથી કયા સ્થળે જકાત ઉઘરાવવામાં આવતી?**
(A) ખંભાત અને ભરૂચ જેવા દરિયાઈ બંદરો અથવા નાકા પર
(B) પાટણના રાજમહેલમાં
(C) સોમનાથ મંદિરના દરિયાઈ કિનારે અથવા નાકા પર
(D) મોઢેરાના સૂર્યમંદિર પાસે

**18. આપેલા વિધાનો ચકાસો અને સાચો તાર્કિક વિકલ્પ પસંદ કરો:**
**વિધાન 1**: ઉત્તર ભારતમાં રાજા હર્ષવર્ધનનું સામ્રાજ્ય હતું.
**વિધાન 2:** દક્ષિણ ભારતમાં પુલકેશી બીજાનું શાસન હતું.
(A) વિધાન 1 સાચું છે
(B) વિધાન 2 સાચું છે
(C) બંને વિધાનો સાચાં છે અને તે એકબીજાના સમકાલીન હતા
(D) બંને વિધાનો તદ્દન ખોટાં છે

**19. રાજા ભોજે ધારાનગરીમાં 'મહાશાળા'ની સ્થાપના કરી અને ફરતી ટેકરીઓની વચ્ચે 'ભોજપાલ' (વર્તમાન ભોપાલ) નગર વસાવ્યું. આ બાબત તેમના કયા ગુણ અથવા કૌશલ્યને દર્શાવે છે?**
(A) તેઓ માત્ર યુદ્ધપ્રિય અને આક્રમક શાસક હતા.
(B) તેઓ શિક્ષણના આશ્રયદાતા અને નગર આયોજનના કુશળ હતા.
(C) તેઓ પ્રજા પાસેથી કર ઉઘરાવવામાં ખૂબ કડક હતા.
(D) તેઓ વિદેશી વેપારને નષ્ટ કરવા માંગતા હતા.

**20. ઇતિહાસના આધારે જણાવો કે રાજા ભીમદેવ પહેલાના સમયમાં મોઢેરાનું સૂર્યમંદિર કઈ રીતે ભૌગોલિક ઇજનેરીનો ઉત્કૃષ્ટ નમૂનો છે?**
(A) તે સંપૂર્ણપણે પાણીની અંદર બનેલું છે
(B) સૂર્યનું પ્રથમ કિરણ સીધું મંદિરના ગર્ભગૃહમાં રહેલી મૂર્તિના મુકુટની મધ્યમણિ પર પડતું
(C) તે કોઈ પણ પિલર (થાંભલા) વગર હવામાં અડીખમ ઊભું છે
(D) તેમાં રાત્રે પણ સૂર્યપ્રકાશ જેવો જ પ્રકાશ રહેતો

**21. નીચેના ઐતિહાસિક સ્થાપત્યોને તેમના નિર્માણ કરનાર સાચા વંશ સાથે સરખાવી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

| | |
|---|---|
| 1. ખજુરાહોનાં મંદિરો | (A). સોલંકી વંશ |

2. રાણીની વાવ (B). ચંદેલ વંશ
3. દેલવાડાના જૈન મંદિરો (C). વાઘેલા વંશ (મંત્રીઓ)

(A) 1-(A), 2-(B), 3-(C)
(B) 1-(B), 2-(A), 3-(C)
(C) 1-(C), 2-(A), 3-(B)
(D) 1-(B), 2-(C), 3-(A)

**22. રાજા ભોજ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના શાસનમાંથી કયું સામાન્ય તારણ કાઢી શકાય?**

(A) તેઓ શિક્ષણ, સાહિત્ય અને પ્રજાકલ્યાણને પ્રોત્સાહન આપતા.
(B) તેઓ માત્ર યુદ્ધપ્રિય શાસકો હતા.
(C) તેઓ વિદેશી શાસકોના પ્રતિનિધિ હતા.
(D) તેઓ વેપારને પ્રોત્સાહન આપતા હતા.

## જવાબ: પ્રકરણ – 1

| | |
|---|---|
| **1** | (A) રાજા પોતાના જ્યેષ્ઠ પુત્રને જ ઉત્તરાધિકારી તરીકે પસંદ કરતાં હતા. |
| **2** | (C) પાલવંશ અને સેનવંશ |
| **3** | (D) તેણે ગઝનીના આક્રમણને અટકાવ્યું હતું અને બૌદ્ધ વિહારોનો જીર્ણોધ્ધાર કર્યો હતો. |
| **4** | (C) કૃતજ્ઞતા અને સાચી મિત્રતા |
| **5** | (B) દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના. |
| **6** | (C) એકતા અને સંગઠિત સૈન્યનો અભાવ. |
| **7** | (B) ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, પલ્લવ વંશ |
| **8** | (A) ચાવડા વંશ → સોલંકી વંશ → વાઘેલા વંશ |
| **9** | (B) ખજુરાહોના ભવ્ય મંદિરો, ધાર્મિક મકાનો અને જળાશયોના સ્થાપત્ય માટે. |
| **10** | (A) ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ બન્યું અને શક્તિશાળી શાસકો થયા. |
| **11** | (B) સોમનાથનો યાત્રાળુવેરો બંધ કરાવવા અને મલાવ તળાવનો ન્યાય આપવાની ઘટના તરફ. |
| **12** | (B) દિલ્હીમાં સલ્તનત યુગની શરૂઆત ટળી હોત. |
| **13** | (D) કલા, શિક્ષણ, વહીવટ અને સુરક્ષા – ચારેયનો સંતુલિત વિકાસ જરૂરી છે. |
| **14** | (A) તેણે ઉત્તર ભારતના શક્તિશાળી રાજા હર્ષવર્ધનને યુદ્ધમાં પરાજય આપ્યો હતો |
| **15** | (C) રાજા સાથે રહીને રાજકીય મંત્રણાઓ અને વહીવટી નિર્ણયો લેવા. |
| **16** | (B) તમારી કુલ ઉપજનો છઠ્ઠો ભાગ. |
| **17** | (A) ખંભાત અને ભરૂચ જેવા દરિયાઈ બંદરો અથવા નાકા પર |
| **18** | (C) બંને વિધાનો સાચાં છે અને તે એકબીજાના સમકાલીન હતા |

| | |
|---|---|
| **19** | (B) તેઓ શિક્ષણના આશ્રયદાતા અને નગર આયોજનના કુશળ હતા. |
| **20** | (B) સૂર્યનું પ્રથમ કિરણ સીધું મંદિરના ગર્ભગૃહમાં રહેલી મૂર્તિના મુકુટની મધ્યમણિ પર પડતું |
| **21** | (B) 1-(B), 2-(A), 3-(C) |
| **22** | (A) તેઓ શિક્ષણ, સાહિત્ય અને પ્રજાકલ્યાણને પ્રોત્સાહન આપતા. |

## એકમ 2 – દિલ્હી સલ્તનત

**23. નીચેના નિવેદનો પર વિચાર કરો:દિલ્લી સલ્તનતના શાસકોમાં કેટલાકે કેન્દ્રીય સત્તા મજબૂત કરવા માટે વિવિધ પગલાં લીધા.**

1. ઇલ્તુતમિશે 'ચેહલગાની'ની રચના કરી.
2. અલાઉદ્દીન ખલજીએ અમીરોની શક્તિ પર નિયંત્રણ મૂક્યું.
3. મહંમદ તુગલકે પ્રાંતીય સત્તાને વધુ સ્વાયત્તતા આપી.

ઉપરોક્તમાંથી કયા નિવેદન/નિવેદનો સાચાં છે?

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

**24. નીચેના પૈકી કઈ ઘટનાએ દિલ્લી સલ્તનતના વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને સૌથી વધુ વેગ આપ્યો?**

(A) રઝિયા સુલતાનાનું શાસન

(B) અલાઉદ્દીન ખલજીની બજાર નીતિ

(C) તુગલક અને લોદી સમયની રાજકીય નબળાઇ

(D) કૂતુબમિનારનું નિર્માણ

**25. વિધાન :અલાઉદ્દીન ખલજીની ભાવ-નિયંત્રણ નીતિ માત્ર આર્થિક સુધારા માટે નહોતી.**

**કારણ:વિશાળ સ્થાયી સેનાને ઓછા ખર્ચે જાળવવા માટે ભાવ નિયંત્રણ જરૂરી હતું.**

(A) (A) અને R બંને સાચાં છે અને R, (A) નું યોગ્ય કારણ છે.

(B) (A) અને R બંને સાચાં છે પરંતુ R યોગ્ય કારણ નથી.

(C) (A) સાચું છે, R ખોટું છે.

(D) (A) ખોટું છે, R સાચું છે.

**26. નીચેના પૈકી કયો તારણ પાઠમાંથી કાઢી શકાય?**

(A) દિલ્લી સલ્તનતની તમામ નીતિઓ સફળ રહી હતી.

(B) મજબૂત શાસક હોય ત્યારે સલ્તનત વિસ્તરી અને નબળા શાસકોના સમયમાં વિખંડન વધ્યું.

(C) વિજયનગર રાજ્ય દિલ્લી સલ્તનતનો ભાગ હતું.

(D) બહમની રાજ્ય ઉત્તર ભારતમાં સ્થિત હતું.

**27. જો ઇલ્તુતમિશ, અલાઉદ્દીન ખલજી અને કૃષ્ણદેવરાયને "રાજ્ય મજબૂત બનાવનારા શાસકો" તરીકે વર્ગીકૃત કરવામાં આવે, તો તેમનામાં સામાન્ય તત્વ કયું હતું?**

(A) સૌએ નવી રાજધાની સ્થાપી.

(B) સૌએ ધાર્મિક સુધારાઓ કર્યા..

(C) સૌએ પોતાના રાજ્યની રાજકીય અને વહીવટી સ્થિરતા વધારી.

(D) સૌએ તાંબાના સિક્કા ચલણમાં મૂક્યા.

**28. નીચેના નિવેદનો પર વિચાર કરો:**

1. રઝિયા સુલતાનાને ઇલ્તુતમિશે પોતાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી હતી.

2. રઝિયા સુલતાનાના શાસનનો વિરોધ મુખ્યત્વે બાહ્ય આક્રમણોના કારણે થયો હતો.

3. રઝિયા સુલતાના દિલ્હીની પ્રથમ મહિલા શાસક હતી.

**નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો:**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

**29. વિધાન :** અલાઉદ્દીન ખલજીને માત્ર વિજેતા શાસક તરીકે જ નહીં પરંતુ વહીવટી સુધારક તરીકે પણ ઓળખી શકાય.

**કારણ :** તેણે ભાવ-નિયમન, બજાર-નિયંત્રણ અને સંગ્રહખોરી નિયંત્રણ જેવા સુધારા અમલમાં મૂક્યા હતા.

(A) (A) અને R બંને સાચાં છે અને R યોગ્ય કારણ છે.

(B) બંને સાચાં છે પણ R યોગ્ય કારણ નથી.

(C) (A) સાચું, R ખોટું.

(D) (A) ખોટું, R સાચું.

**30. નીચેના પૈકી કઈ ઘટના સલ્તનતના પતનની શરૂઆત તરીકે સૌથી વધુ ગણી શકાય?**

(A) કૂતુબમિનારનું નિર્માણ.

(B) મહંમદ તુગલકની નિષ્ફળ યોજનાઓ

(C) ચેહલગાનીની રચના

(D) રઝિયાનો રાજ્યાભિષેક

**31. યોગ્ય જોડ બનાવો**

| **શાસક** | **વિશેષતા** |
|---|---|
| 1. ઇલ્તુતમિશ | (A). બજાર નિયંત્રણ |
| 2. અલાઉદ્દીન | (B). ચેહલગાની |
| 3. મુહમ્મદ તુગલક | (C). તરંગી યોજનાઓ |
| 4. કૃષ્ણદેવરાય | (D). આંધ્રભોજ |

(A) 1-(B), 2-(A), 3-(C), 4-(D)

(B) 1-(A), 2-(B), 3-(D), 4-(C)

(C) 1-(C), 2-(A), 3-(B), 4-(D)

(D) 1-(B), 2-(D), 3-(C), 4-(A)

**32. જો કોઈ શાસક રાજધાની બદલે, ચલણ સુધારે અને વિશાળ યોજનાઓ શરૂ કરે પરંતુ મોટાભાગની યોજનાઓ નિષ્ફળ જાય, તો તે કયા શાસકનું વર્ણન હશે?**

(A) અલાઉદ્દીન ખલજી (B) બહલોલ લોદી

(C) મુહમ્મદ તુગલક (D) ઇબ્રાહિમ લોદી

**33. દિલ્લી સલ્તનતની પ્રાંતીય વહીવટી વ્યવસ્થામાં "ઇક્તાદાર"નું સ્થાન આધુનિક સમયમાં કોના સમકક્ષ માનવામાં આવી શકે?**

(A). રાષ્ટ્રપતિ (B). રાજ્યપાલ

(C). પ્રાંતીય વહીવટના વડા (D). સરપંચ

**34. નીચેના પૈકી કયું નિવેદન વિજયનગર અને બહમની રાજ્ય બંને માટે સાચું છે?**

(A). બંને ઉત્તર ભારતમાં સ્થિત હતાં.

(B). બંને દિલ્લી સલ્તનતના પતન પછી ઉભાં થયાં.

(C). બંનેની સ્થાપના ખલજી શાસકોએ કરી.

(D). બંનેની રાજધાની દિલ્હી હતી.

**35. વિજયનગર સામ્રાજ્યના ઉદય પરથી કયો નિષ્કર્ષ કાઢી શકાય?**

(A). દક્ષિણ ભારત સંપૂર્ણપણે સલ્તનતના નિયંત્રણમાં હતું.

(B). પ્રાદેશિક શક્તિઓને વિકાસની તક મળી.

(C). ઉત્તર ભારતનું મહત્વ ઘટી ગયું.

(D). મુઘલ સામ્રાજ્યનો ઉદય થયો.

**36.યોગ્ય જોડ બનાવો**

| **સ્મારક** | **સંકળાયેલ શાસક** |
|---|---|
| 1. કૂતુબમિનાર | (A). ઇલ્તુત્મિશ |
| 2. અલાઇ દરવાજો | (B). કુતુબુદ્દીન ઐબક |
| 3. હોજ-એ-શમ્મી | (C). અલાઉદ્દીન ખલજી |
| 4. તુગલકાબાદ | (D). તુગલક શાસક |

(A). 1-(B), 2-(C), 3-(A), 4-(D)
(B). 1-(C), 2-(B), 3-(D), 4-(A)

(C). 1-(B), 2-(D), 3-(A), 4-(C)
(D). 1-(A), 2-(C), 3-(B), 4-(D)

**37. નીચેના પૈકી કઈ ઘટના સલ્તનત યુગના "કેન્દ્રીકરણ"નું શ્રેષ્ઠ ઉદાહરણ છે?**

(A). વિજયનગરની સ્થાપના
(B). ચેહલગાનીની રચના

(C). બહમની રાજ્યની સ્થાપના
(D). પ્રથમ પાણીપતનું યુદ્ધ

**38. જો કોઈ ઇતિહાસકાર કહે કે "દિલ્લી સલ્તનતના પતનમાં આંતરિક કારણો બાહ્ય કારણો કરતાં વધુ જવાબદાર હતા", તો કયું ઉદાહરણ સૌથી મજબૂત પુરાવો ગણાશે**?

(A). કૂતુબમિનારનું નિર્માણ

(B). રઝિયાનું શાસન

(C). ઇબ્રાહિમ લોદી સામે અસંતોષ અને આંતરિક વિખવાદ

(D). અલાઇ દરવાજો

**39. નીચેના પૈકી કયા શાસકના સમયમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને વિશેષ પ્રોત્સાહન મળ્યું હોવાનું પાઠમાં દર્શાવાયું છે**?

(A). અલાઉદ્દીન ખલજી
(B). બહલોલ લોદી

(C). ઇબ્રાહિમ લોદી
(D). ગ્યાસુદ્દીન તુગલક

**40. નીચેના પૈકી કયું નિવેદન દિલ્લી સલ્તનત અને વિજયનગર સામ્રાજ્ય વચ્ચેનો મૂળભૂત તફાવત સૌથી સારી રીતે દર્શાવે છે?**

(A). બંને સંપૂર્ણપણે એકસરખી વહીવટી પદ્ધતિ ધરાવતા હતા.

(B). સલ્તનતયુગ મુખ્યત્વે કેન્દ્રીય ઇસ્લામિક શાસન હતું જ્યારે વિજયનગર દક્ષિણ ભારતની પ્રાદેશિક શક્તિ તરીકે વિકસ્યું.

(C). બંનેની સ્થાપના એક જ સમયમાં થઇ હતી.

(D). બંનેના મુખ્ય શાસકો તુર્ક હતા.

## જવાબ: પ્રકરણ – 2

| | |
|---|---|
| **23** | (A) માત્ર 1 અને 2 |
| **24** | (C) તુગલક અને લોદી સમયની રાજકીય નબળાઇ |
| **25** | (A) (A) અને R બંને સાચાં છે અને R, (A) નું યોગ્ય કારણ છે. |
| **26** | (B) મજબૂત શાસક હોય ત્યારે સલ્તનત વિસ્તરી અને નબળા શાસકોના સમયમાં વિખંડન વધ્યું. |
| **27** | (C) સૌએ પોતાના રાજ્યની રાજકીય અને વહીવટી સ્થિરતા વધારી. |

| | |
|---|---|
| **28** | (B) માત્ર 1 અને 3 |
| **29** | (A) (A) અને R બંને સાચાં છે અને R યોગ્ય કારણ છે. |
| **30** | (B) મહંમદ તુગલકની નિષ્ફળ યોજનાઓ |
| **31** | (A) 1-(B), 2-(A), 3-(C), 4-(D) |
| **32** | (C) મુહમ્મદ તુગલક |
| **33** | (C). પ્રાંતીય વહીવટના વડા |
| **34** | (B). બંને દિલ્લી સલ્તનતના પતન પછી ઉભાં થયાં. |
| **35** | (B). પ્રાદેશિક શક્તિઓને વિકાસની તક મળી. |
| **36** | (A). 1-(B), 2-(C), 3-(A), 4-(D) |
| **37** | (B). ચેહલગાનીની રચના |
| **38** | (C). ઇબ્રાહિમ લોદી સામે અસંતોષ અને આંતરિક વિખવાદ |
| **39** | (A). અલાઉદ્દીન ખલજી |
| **40** | (B). સલ્તનતયુગ મુખ્યત્વે કેન્દ્રીય ઇસ્લામિક શાસન હતું જ્યારે વિજયનગર દક્ષિણ ભારતની પ્રાદેશિક શક્તિ તરીકે વિકસ્યું. |

## એકમ 3 – મુઘલ સામ્રાજ્ય

**41. પાણીપતના પ્રથમ યુદ્ધના સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સુસંગત નથી?**

(A) બાબર અને બહલોલ લોદી વચ્ચે થયુંહતું .

(B) યુદ્ધમાં બાબરે તોપનો ઉપયોગ કર્યો હતો.

(C) યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીની હાર થઈ.

(D) પરિણામ સ્વરૂપે મુઘલ સામ્રાજ્યની સ્થાપના થઈ.

**42.તમે વાંચનના શોખીન છો તો તમે નીચે પૈકી ક્યાં મુઘલ શાસકને વાંચનની બાબતમાં યાદ કરશો?**

(A) અકબર (B) બાબર (C) હુમાયુ (D) ઔરંગઝેબ

**43. અકબરના શાસન દરમિયાન ફારસી ભાષામાં જે પુસ્તકોનો અનુવાદ થયો હતો તે પૈકી નીચેની કઈ જોડ સાચી છે?**

(A) રામાયણ અને મહાભારત (B) કથાસાગર અને ચંદબરદાઈ

(C) ઋગ્વેદ અને સામવેદ (D) બૌદ્ધગ્રંથ અને જૈનગ્રંથ

**44. જો કોઇ ચિત્રકાર કુદરતી દ્રશ્ય, પશુ-પંખી અને વિવિધ ચિત્રો બનાવવામાં નિપુણ હોય તો તેને કયા મુઘલ શાસકના દરબારમાં શ્રેષ્ઠ તક મળી હશે?**

(A) અકબર (B) જહાંગીર (C) શાહજહાં (D) ઔરંગઝેબ

**45. અકબરના શાસનકાળ દરમિયાન 'દીન-એ-ઈલાહી' સંપ્રદાયની સ્થાપના અને સામાજિક સુધારા જેમ કે બાળલગ્ન અને સતીપ્રથાનો વિરોધ પાછળ તેનું કયું વલણ સ્પષ્ટ સમજાય છે?**

(A) તે માત્ર પ્રજાને ખુશ કરવા માંગતો હતો.

(B) તે બિનસાંપ્રદાયિક, ઉદાર નીતિ ધરાવતો અને સામાજિક સાહિત્યિક સહિષ્ણુતાનો હિમાયતી શાસક હતો.

(C) તે રાજપૂતો સાથે યુદ્ધ કરીને તેમનું સંગઠન તોડવા માંગતો હતો.

(D) તે ભારતીય સંસ્કૃતિનો નાશ કરી યુરોપીય સંસ્કૃતિ લાવવા માંગતો હતો.

**46. ઔરંગઝેબ દ્વારા સત્તા ઉપર આવવાના સંદર્ભમાં નીચે પૈકી કયું વિધાન યોગ્ય છે?**

(A) તેમણે તેમના ત્રણેય ભાઈઓને હરાવી તેમની હત્યા કરી રાજ્ય હસ્તગત કર્યું.

(B) ત્રણેય ભાઈઓને ફાંસી આપી.

(C) સીધી ગાદી પચાવી પાડી.

(D) સીધુ સામ્રાજ્ય લઈ તેમણે સત્તા સ્થાપી.

**47. હલ્દીઘાટીના પરાજય બાદ રાણા પ્રતાપ અને રાજધાની આ બંને બાબતો સંદર્ભે કઈ જોડ યોગ્ય છે?**

(A) ગોગુંડામાં અને ત્યારબાદ ડુંગરપુરના ચાવંડમાં રાજધાની લઈ ગયા.

(B) ડુંગરપુરના ચાવંડમાં અને ત્યારબાદ ગોગુંડામાં રાજધાની સ્થાપી.

(C) ડુંગરપુરમાં રાજધાની સ્થાપી અને ફરી પાછી ચાવંડમાં પણ રાજધાની સ્થાપી.

(D) ફક્ત ગોગુંડામાં રાજધાની સ્થાપી.

**48. જો તમે મરાઠી ભાષાના ભક્તિ સાહિત્યની રચના કરનાર સાહિત્યકારોની યાદી બનાવતા હોય તો તેમાં નીચે પૈકી કોનો સમાવેશ કરી ન શકાય.?**

(A) સંત એકનાથ B) સંત જ્ઞાનેશ્વર

(C) સ્વામી રામદાસ (D) સ્વામી રામનાથ

**49. છત્રપતિ શિવાજી મહારાજ ઔરંગઝેબની જેલમાંથી છટકી જઈને ફરીથી મોરચો માંડી વિજય મેળવ્યા આ ઘટના તેના કયા ગુણને દર્શાવે છે?**

(A) શારીરિક તાકાત (B) ચાલાકી, હિંમત અને મુત્સદ્દીગીરી

(C) કાયરતા અને ડર (D) અસીમ ઉદારતા

**50. જો મુઘલ સેનામાં કોઈ સૈનિકને ભરતી થવુ હોય તો તેણે ક્યાં અધિકારીનો સંપર્ક કરવો પડતો હશે?**

(A) કાઝી (B) મીર- એ –સામાન

(C) મીરબક્ષ (D) વાકિયાનવીસ

**51. અકબરની મહેસુલી વ્યવસ્થામાં જો કોઈ ખેડૂત વર્ષ દરમિયાન 60 મણ અનાજ પકવે તો તેણે મહેસુલ પેટે કેટલા મણ અનાજ આપવું પડે?**

(A) 10 મણ (B) 20 મણ (C) 30 મણ (D) 60 મણ

**52. અકબરની મનસબદારી પદ્ધતિ નીચેનામાંથી કઈ બે બાબત સાથે સંકળાયેલી હતી?**

(A) શિક્ષણ અને ધર્મ (B) કલા અને સાહિત્ય

(C) સેના અને મહેસૂલ (D) ન્યાય અને વિદેશનીતિ

**53. જો કોઈ રાજા પોતાના શાસનમાં આઠ પ્રધાનોના મંડળની રચના કરે તો તે વ્યવસ્થાને નીચેનામાંથી કોના વહીવટીતંત્રને મળતી આવે છે?**

(A) મહારાણા પ્રતાપ (B) છત્રપતિ શિવાજી મહારાજ

(C) વીર દુર્ગાદાસ રાઠોડ (D) શાહજી

**54. મુઘલ સામ્રાજ્યના અંતિમ સમયમાં ભારતના પ્રાદેશિક રાજ્યો જેમ કે હૈદરાબાદ, બંગાળ અને મરાઠાની કઈ નબળાઈનો લાભ યુરોપિયન કંપનીઓએ ઉઠાવ્યો?**

(A) આ બધા રાજ્યો એકબીજા સાથે સતત ઝઘડતા રહેતા હતા જેથી નિર્બળ બન્યા.

(B) તેઓ સાહિત્ય અને સંગીતના વિરોધી હતા.

(C) તેમણે વેપાર કરવાનું બંધ કરી દીધું હતું.
(D) તેમની પાસે સૈન્ય કે હથિયાર ન હતા.

**55. અકબર અને ગુજરાત વિજય આ બંને સંદર્ભે નીચેનામાંથી કયું સ્થાપત્ય સુસંગત છે?**

(A) બુલંદ દરવાજા (B) સલીમ ચિશ્તીની દરગાહ (C) પંચમહલ (D) સીદી સૈયદની જાળી

**56. શાહજહાંના સમયને મુઘલ સ્થાપત્યનો સુવર્ણયુગ કહેવાનુ મુખ્ય કારણ શું હોઈ શકે?**

(A) તેના સમયમાં વધુ યુદ્ધો થયા હતા. (B) માત્ર લાલ રંગના પથ્થરનો ઉપયોગ થતો હતો.
(C) તાજમહેલ અને લાલકિલ્લા વગેરે જેવાં સ્થાપત્યનું નિર્માણ થયું હતું. (D) ચિત્રકલાનો વિકાસ કર્યો હતો.

**57. અકબરની 'મનસબદારી પદ્ધતિ' ને ધ્યાને રાખતા, જો કોઈ મનસબદારને ઉચ્ચ મનસબ (પદ) સોંપવામાં આવે, તો તત્કાલીન શાસન વ્યવસ્થામાં તેની શું અસર થતી હશે?**

(A) તેનો પગાર વધી જતો અને લશ્કરની જવાબદારી ઓછી થતી.
(B) તેના વિસ્તારનું કદ જાગીર મોટું થતું, તેની લશ્કરી સૈન્ય રાખવાની ક્ષમતા વધતી અને તેનો ન્યાયિક વડો તરીકેનો પ્રભાવ મજબૂત થતો.
(C) તેને માત્ર ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવાની સત્તા મળતી.
(D) તેને તાત્કાલિક અસરથી રાજ્યમાંથી દેશનિકાલ કરવામાં આવતો.

**58. અકબરના સમયના લખાણના વિશ્લેષણના આધારે કયું વિધાન સામ્રાજ્યની ભૌગોલિક સીમાઓનું સાચું મૂલ્યાંકન કરે છે?**

(A) અકબરનું સામ્રાજ્ય માત્ર દક્ષિણ ભારતમાં વિજયનગર સુધી જ મર્યાદિત હતું.
(B) અકબરે પશ્ચિમમાં કંદહાર અને કાબુલથી લઈને પૂર્વમાં બંગાળ સુધી અને દક્ષિણમાં અહમદનગર સુધી મુઘલ સામ્રાજ્યની સીમાઓનો વ્યાપક વિસ્તાર કર્યો હતો.
(C) મુઘલ સામ્રાજ્યમાં ગોંડવાના અને અસમનો પ્રદેશ ક્યારેય સામેલ થઈ શક્યો ન હતો.
(D) કાશ્મીર મુઘલ સામ્રાજ્યનો ભાગ નહોતો પરંતુ તે મરાઠા શાસન હેઠળ હતો.

## જવાબ: પ્રકરણ – 3

| | |
|---|---|
| **41** | (A) બાબર અને બહલોલ લોદી વચ્ચે થયુંહતું . |
| **42** | (C) હુમાયુ |
| **43** | (A) રામાયણ અને મહાભારત |
| **44** | (B) જહાંગીર |
| **45** | (B) તે બિનસાંપ્રદાયિક, ઉદાર નીતિ ધરાવતો અને સામાજિક સાહિત્યિક સહિષ્ણુતાનો હિમાયતી શાસક હતો. |
| **46** | (A) તેમણે તેમના ત્રણેય ભાઈઓને હરાવી તેમની હત્યા કરી રાજ્ય હસ્તગત કર્યું. |
| **47** | (D) ફક્ત ગોગુંડામાં રાજધાની સ્થાપી. |
| **48** | (D) સ્વામી રામનાથ |
| **49** | (B) ચાલાકી, હિંમત અને મુત્સદ્દીગીરી |
| **50** | (C) મીરબક્ષ |

| | |
|---|---|
| **51** | (B) 20 મણ |
| **52** | (C) સેના અને મહેસૂલ |
| **53** | (B) છત્રપતિ શિવાજી મહારાજ |
| **54** | (A) આ બધા રાજ્યો એકબીજા સાથે સતત ઝઘડતા રહેતા હતા જેથી  નિર્બળ બન્યા. |
| **55** | (A) બુલંદ દરવાજા |
| **56** | (C) તાજમહેલ અને લાલકિલ્લા વગેરે જેવાં સ્થાપત્યનું નિર્માણ થયું હતું. |
| **57** | (B) તેના વિસ્તારનું કદ જાગીર મોટું થતું, તેની લશ્કરી સૈન્ય રાખવાની ક્ષમતા વધતી અને તેનો ન્યાયિક વડો તરીકેનો પ્રભાવ    મજબૂત થતો. |
| **58** | (B) અકબરે પશ્ચિમમાં કંદહાર અને કાબુલથી લઈને પૂર્વમાં બંગાળ સુધી અને દક્ષિણમાં અહમદનગર સુધી મુઘલ સામ્રાજ્યની સીમાઓનો વ્યાપક વિસ્તાર કર્યો હતો. |

## એકમ 4 – મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો, વેપારી અને કારીગરો

**59. ભારતમાં બે પ્રખ્યાત સૂર્યમંદિર આવેલા છે તે પૈકી કોર્ણાકના સૂર્યમંદિર સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન સુસંગત નથી ?**

(A)  તે પૂરી જિલ્લામાં આવેલું છે

(B)  તેનું નિર્માણ 13 સદીમાં થયું હતું

(C)  રથમંદિરને 11 પૈડાં છે

(D)  તેનું નિર્માણ કાળા પથ્થરમાંથી થયું છે.

**60.  તમે જયારે દક્ષિણ ભારતના મંદિરોનો પ્રવાસ કરો છો તો નીચે પૈકી  કયા વિધાનો દક્ષિણ ભારતના મંદિરોના વિશેષતા સંદર્ભે સાચાં છે ?**

1.  મંદિરના પ્રવેશદ્વારને ગોપુરમ કહે છે.

2.  મંદિરને ગોળ શિખરો હોય છે.

3.  મંદિરને પ્રદક્ષિણા પથ હોય છે

4. મંદિરને અંતરાલ , ગર્ભગૃહ , શ્રૃંગાર ચોકી કે મુખમંડપમ હોય છે

(A) 1 અને 2 સાચા    (B) 2 અને 4 સાચા

(C) 1 , 3 અને 4 સાચા    (D) 1 ,2 અને 3 સાચા

**61. ભારતમાં કુલ 12 જ્યોર્તિલિંગ આવેલા છે તે પૈકી પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ  માટે નીચે પૈકી કયુ વિધાન યોગ્ય છે  ?**

(A) શૈવપંથનું મંદિર છે.    (B)  ગીર સોમનાથ જિલ્લામાં આવેલું છે.

(C) 12 જ્યોતિર્લિંગોમાનું એક છે.    (D) આપેલ તમામ સાચા છે.

**62.  ભારતમાં મુઘલ સામ્રાજ્ય દરમિયાન ચિત્રકલાનો ઘણો વિકાસ થયો  તે સમયમાં છબીચિત્રો કયા મુઘલ શાસકના સમયની દેન છે ?**

(A) જહાંગીર    (B) અકબર    (C) શાહજહાં    (D) બાબર

**63. ભારતીય સાહિત્યના બે ઉત્તમ સર્જનો પૃથ્વીરાજરાસો અને હિતોપદેશ બાબતે  નીચે પૈકી કઈ જોડ સાચી છે ?**

(A) ચંદબરદાઇ  અને નારાયણ    (B) નારાયણ અને જયદેવ

(C) ચંદબરદાઈ અને સોમેશ્વર    (D) જયદેવ અને સોમેશ્વર

**64. વર્તમાન સમયમાં ભારતીય ચલણી નોટો પર કેટલાક સ્થાપત્યના ચિત્રો મૂકવામાં આવ્યા છે તે પૈકી 100 રૂપિયાની ભારતીય ચલણી નોટ પર કયા સ્થાપત્યનું ચિત્ર મૂકવામાં આવ્યું છે ?**

(A) સાંચીનો સ્તુપ (B) રાણીની વાવ

(C) લાલ કિલ્લો (D) ઈલોરાની ગુફા

**65. યોગ્ય વિકલ્પ પસંદ કરો**

**પાટણ : પટોળાં :: જામનગર: .....................**

(A) જરીભરત (B) બાંધણી

(C) મોતીકામ (D) આપેલ એકપણ નહીં

**66. પાળિયા એ ગુજરાતનું એક વિશિષ્ટ સ્થાપત્ય ગણાય છે.પાળિયા સંદર્ભે નીચે પૈકી કયુ વિધાન યોગ્ય નથી ?**

(A) પાળિયા સાથે વિરગાથા જોડાયેલ હોય છે.

(B) તિથિ મુજબ પાળિયાની પૂજા- અર્ચના કરવામાં આવે છે.

(C) સોમનાથના મંદિર પાસે હમીરજી ગોહિલનો પાળિયો શ્રેષ્ઠ ઉદાહરણ છે.

(D) ભૂચર મોરીમાં વીર વચ્છરાજનો પાળિયો આવેલ છે.

**67. નીચે આપેલ ગુજરતના સ્થાપત્યો પૈકી ક્યાં સ્થાપત્યને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો પ્રાપ્ત થયો છે ?**

(A) અડીકડી વાવ (B) રાણીની વાવ

(C) રાણી રૂડાદેવીની વાવ (D) કાંકરિયા તળાવ

**68. ભારતના પ્રાચીન સ્થાપત્યો પૈકી નીચેની કઈ જોડ અલગ પડે છે ?**

(A) ઉપરકોટનો કિલ્લો અને ભદ્રનો કિલ્લો

(B) રાણીની વાવ અને અડાલજની વાવ

(C) મલાવ તળાવ અને સહસ્ત્રલિંગ તળાવ

(D) રુદ્ર મહાલય અને કીર્તિ તોરણ

**69. તમે અમદાવાદ જિલ્લામાં આવેલ સ્થાપત્યોની મુલાકાતે છો તો તમને કયું સ્થળ જોવા નહીં મળે ?**

(A) કાંકરિયા તળાવ (B) ભદ્રનો કિલ્લો

(C) મુનસર તળાવ (D) રૂદ્રમહાલય

**70. તમે જુનાગઢ જિલ્લાના સ્થાપત્યની મુલાકાત લીધી હોય એવા સ્થળોની યાદી બનાવો છો તો તમારી યાદીમાં નીચે પૈકી કયા સ્થાપત્યનું નામ નહિ હોય ?**

(A) અડીકડીની વાવ (B) નવઘણ કૂવો

(C) સોમનાથ મંદિર (D) ઉપરકોટનો કિલ્લો

**71. સૂર્યોદય સમયે તમારું મોં પશ્ચિમ દિશા તરફ રાખી ઊભા છો તો કયું સ્થાપત્ય તમારા જમણા હાથની દિશા તરફ હશે ?**

(A) કોણાર્કનું સૂર્યમંદિર (B) લાલ કિલ્લો

(C) પલ્લવકાલીન રથમંદિરો (D) તાંજોર નું રાજરાજેશ્વર મંદિર

**72. ભારતમાં મરાઠા સામ્રાજ્યની સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હતું તે સંદર્ભે નીચે પૈકી કયું નગર મરાઠા સામ્રાજ્યના આધિપત્યમાં ન હતું ?**

(A) પુણે (B) સતારા (C) વડોદરા (D) જોધપુર

**73.તમે મુનસર તળાવની મુલાકાતે ગયા છો તો તે સ્થાપત્યનું નિર્માણ કોના શાસનકાળમાં થયું હશે ?**

(A) મુઘલ શાસનકાળ (B) સોલંકી શાસનકાળ

(C) સલ્તનત શાસનકાળ (D) ગુપ્ત શાસનકાળ

**74.ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના મધ્યયુગીન મંદિર સ્થાપત્ય વચ્ચેનો મુખ્ય તફાવત કઈ બાબતને આધારે સ્પષ્ટ થાય છે?**

(A) ઉત્તર ભારતમાં મંદિરો લાકડાના બનતા જ્યારે દક્ષિણ ભારતમાં માત્ર પથ્થરોના બનતા.

(B) ઉત્તર ભારતના મંદિરો ગોળાકાર શિખરો અને સ્તંભ વિનાના ખંડો ધરાવે છે, જ્યારે દક્ષિણ ભારતમાં ભવ્ય 'ગોપુરમ્' એ મુખ્ય વિશેષતા છે.

(C) દક્ષિણ ભારતના મંદિરોમાં શિખરો હોતા જ નથી, ત્યાં માત્ર સપાટ છત હોય છે.

(D) ઉત્તર ભારતમાં ગાંધાર શૈલીના મંદિરો જોવા મળે છે જ્યારે દક્ષિણમાં રાજપૂત શૈલીના

**75. મોઢેરાના સૂર્યમંદિરની સ્થાપત્ય રચના એવી વૈજ્ઞાનિક સમજ ધરાવે છે કે જેમાં ખગોળીય ઘટનાનો સીધો સમન્વય જોવા મળે છે. આ વિધાન કઈ બાબતથી સાબિત થાય છે?**

(A) મંદિરમાં બહારની બાજુએ આવેલી નાની-નાની 108 દેરીઓને કારણે.

(B) મંદિરનું પૂર્વ દિશામાં આવેલું પ્રવેશદ્વાર, જેના કારણે સૂર્યનું પ્રથમ કિરણ સીધું ગર્ભગૃહની મૂર્તિના મુગટની મધ્યમણિ પર પડતાં સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ઝળહળી ઉઠતું.

(C) આ મંદિર સોલંકી રાજા ભીમદેવ પ્રથમે બંધાવ્યું હોવાને કારણે.

(D) મંદિરની આસપાસ સૂર્યકુંડ હોવાના કારણે.

**76. જો તમારે મુઘલ શાસન દરમિયાનના બગીચાઓની પદ્ધતિનો અભ્યાસ કરવો હોય, તો આપેલા કયા સ્થળોની મુલાકાત વધુ યોગ્ય ગણાશે?**

(A) રાણીની વાવ અને અડી-કડી વાવ

(B) કાંકરિયા તળાવ અને હોંજે-કુતુબ

(C) કાશ્મીરનો નિશાતબાગ અને લાહોરનો શાલીમાર બાગ

(D) રુદ્રમહાલય અને સીદી સૈયદની જાળી

**77.નીચે આપેલા જોડકાં જુઓ અને કઈ જોડી સાચી રીતે જોડાયેલી નથી તે ઓળખો.**

1. સિદ્ધહેમશબ્દાનુશાસન - હેમચંદ્રાચાર્ય
2. ગીતગોવિંદમ્ - જયદેવ
3. હિતોપદેશ - નારાયણ
4. સિદ્ધાંતશિરોમણિ - અમીર ખુશરો

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 4 (D) આપેલ તમામ સાચી છે

**78.પાટણના પટોળાની કલા વિશે આપેલા વિધાનોનું મૂલ્યાંકન કરો:**

**વિધાન 1:** પાટણમાં ગુજરાતના સોલંકી શાસનકાળ દરમિયાન આ હુન્નરનો વિકાસ થયો હતો.

**વિધાન 2:** પટોળાની વિશેષતા એ છે કે તે બેવડ ઇક્ત બંને બાજુ એક જ ભાત ધરાવે છે, જેથી તે બંને બાજુ પહેરી શકાય છે.

(A) વિધાન 1 સાચું છે અને વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે અને વિધાન 2 સાચું છે.

(C) બંને વિધાનો ખોટા છે.

(D) બંને વિધાનો તાર્કિક રીતે સાચાં છે.

## જવાબ: પ્રકરણ – 4

| | |
|---|---|
| **59** | (C) રથમંદિરને 11 પૈડાં છે |
| **60** | (C) 1 , 3 અને 4 સાચા |
| **61** | (D) આપેલ તમામ સાચા છે. |
| **62** | (B) અકબર |

| | |
|---|---|
| **63** | (A) ચંદબરદાઈ  અને નારાયણ |
| **64** | (B)  રાણીની વાવ |
| **65** | (B) બાંધણી |
| **66** | (D) ભૂચર મોરીમાં વીર વચ્છરાજનો પાળિયો આવેલ છે. |
| **67** | (B) રાણીની વાવ |
| **68** | (D) રુદ્ર મહાલય  અને કીર્તિ તોરણ |
| **69** | (D) રૂદ્રમહાલય |
| **70** | (C) સોમનાથ મંદિર |
| **71** | (B) લાલ કિલ્લો |
| **72** | (D) જોધપુર |
| **73** | (B) સોલંકી શાસનકાળ |
| **74** | (B) ઉત્તર ભારતના મંદિરો ગોળાકાર શિખરો અને સ્તંભ વિનાના ખંડો ધરાવે છે, જ્યારે દક્ષિણ ભારતમાં ભવ્ય 'ગોપુરમ્' એ મુખ્ય વિશેષતા છે. |
| **75** | (B) મંદિરનું પૂર્વ દિશામાં આવેલું પ્રવેશદ્વાર, જેના કારણે સૂર્યનું પ્રથમ કિરણ સીધું ગર્ભગૃહની મૂર્તિના મુગટની મધ્યમણિ પર પડતાં સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ઝળહળી ઉઠતું. |
| **76** | (C) કાશ્મીરનો નિશાતબાગ અને લાહોરનો શાલીમાર બાગ |
| **77** | (C) માત્ર 4 |
| **78** | (D) બંને વિધાનો તાર્કિક રીતે સાચાં છે. |

## એકમ 5 – આદિવાસી (અનુસૂચિત જનજાતિઓ

**79.નીચે આપેલાં વિધાનો ચકાસો અને સાચો વિકલ્પ પસંદ કરો:**

વિધાન 1: અહોમ સમાજ કુળોમાં વહેંચાયેલો હતો, જેને 'પાઈક' કહેવામાં આવતું.

વિધાન 2: અહોમ રાજ્યમાં જે લોકો પાસે બળજબરીપૂર્વક કામ કરાવવામાં આવતું, તેઓ 'ખેલ' કહેવાતા.

(A)માત્ર વિધાન 1 સાચું છે. (B) માત્ર વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચાં છે. (D) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.

**80. નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો:**

| **જનજાતિ** | **મુખ્ય ક્ષેત્ર/રાજ્ય** |
|---|---|
| 1. અહોમ | (A). મધ્ય ભારત |
| 2. ગોંડ | (B). અસમ |
| 3. સંથાલ | (C). ઝારખંડ અને બંગાળ |
| 4. ભીલ | (D). પશ્ચિમ અને મધ્ય ભારત |

(A) 1-B, 2-A, 3-C, 4-D

(B) 1-A, 2-B, 3-C, 4-D

(C.)1-B, 2-A, 3-D, 4-C

(D) 1-C, 2-D, 3-A, 4-B

**81. વિધાન (A) અને કારણ (R) વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો:**

**વિધાન (A): મધ્યકાલીન ભારતમાં વણજારાઓ ભારત અને બહારની દુનિયા વચ્ચેની કડી સમાન હતા.**

**કારણ (R): તેઓ પોતાના 'ટાંડું' (કાફલા) દ્વારા મધ્ય એશિયાથી અનેક ચીજવસ્તુઓ ભારતમાં લાવતા અને ભારતમાંથી બહાર લઈ જતા હતા.**

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.

(B) (A) અને (R) બંને સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.

(C) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે.

**82. ગોંડ રાજ્યની વહીવટી વ્યવસ્થાને દર્શાવતો કયો ક્રમ (મોટા એકમથી નાના એકમ તરફ) સાચો છે?**

(A) રાજ્ય → ચોર્યાસી → ગઢ → બરહોત

(B) રાજ્ય → ગઢ → ચોર્યાસી → બરહોત

(C) ગઢ → બરહોત → ચોર્યાસી → રાજ્ય

(D) ચોર્યાસી → રાજ્ય → ગઢ → બરહોત

**83. 'બુરંજી' નામની ઐતિહાસિક કૃતિના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો સાચાં છે?**

**તે અહોમ લોકો દ્વારા લખવામાં આવેલ ઐતિહાસિક કૃતિ છે.**

**તેને સૌપ્રથમ આસામી ભાષામાં અને ત્યારબાદ અહોમ ભાષામાં લખવામાં આવી હતી.**

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 અને 2 બંને

(D) એકપણ નહીં

**84. નીચેનામાંથી કઈ જોડ ખોટી છે?**

(A) રાણી દુર્ગાવતી - ગઢકટંગા

(B) અકબરના સેનાપતિ આસફખાન - ગોંડ રાજ્ય પર હુમલો

(C) ગઢકટંગા રાજ્ય - ઘોડાઓનો મોટો વેપાર

(D.) જહાંગીર - વણજારાઓ દ્વારા લશ્કર માટે અનાજની હેરાફેરી

**85. "હું એક એવી વિચરતી જાતિ છું, જેનો ઉલ્લેખ અલાઉદ્દીન ખલજી દિલ્હીના બજારો સુધી અનાજ પહોંચાડવાના સંદર્ભમાં કરે છે. મારો કાફલો એક વિશિષ્ટ નામથી ઓળખાય છે." - આ વાક્ય કઈ જાતિ અને તેના કાફલાનું વર્ણન કરે છે?**

(A) ગોંડ – ચોર્યાસી (B) વણજારા - ટાંડું

(C) અહોમ – ખેલ (D) ભીલ - ગઢ

**86. સમાજમાં વર્ણ વ્યવસ્થાને બદલે 'જાતિ' કયા કારણોસર અસ્તિત્વમાં આવી તે અંગે નીચેના વિધાનો વિચારો:**
**1. અર્થવ્યવસ્થા અને સમાજની જરૂરિયાતો વધતા નવા કૌશલ્યવાળા લોકોની આવશ્યકતા ઊભી થઈ.**
**2. જનજાતિઓ અને સામાજિક જૂથોને જ્ઞાતિ આધારિત સમાજમાં સમાવી લેવામાં આવ્યા.**

(A) વિધાન 1 સાચું છે, પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 1 ખોટું છે, પરંતુ વિધાન 2 સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે અને 1 એ 2 નું કારણ છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

**87. યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરી વિધાન પૂર્ણ કરો:**
**ગોંડ શાસન વ્યવસ્થામાં, દરેક ગઢ ___ ગામોના એકમમાં વહેંચાયેલો હતો, જેને 'ચોર્યાસી' કહેવાતા. આ 'ચોર્યાસી' આગળ જતાં ___ ગામોના એકમમાં વહેંચાતી, જેને 'બરહોત' કહેવાતું.**

(A) ૮૪, ૧૨ (B) ૧૦૦, ૫૦ (C) ૧૨, ૮૪ (D) ૫૦, ૧૦

**88. અહોમ લશ્કરી તાકાત બાબતે નીચેનામાંથી કયું વિધાન સૌથી વધુ યોગ્ય છે?**

(A) અહોમ લોકો પાસે કોઈ સંગઠિત સૈન્ય ન હતું.
(B) અહોમ લોકો માત્ર તીર-કામઠાનો જ ઉપયોગ કરતા.
(C) સત્તરમી સદીમાં અહોમ લોકો દારૂગોળો અને ઉચ્ચ કક્ષાની તોપો બનાવવાની ક્ષમતા ધરાવતા હતા.
(D) અહોમ લશ્કર સંપૂર્ણપણે ભાડૂતી સૈનિકો પર આધારિત હતું.

**89. વિચરતી અને વિમુક્ત જાતિઓના જીવનનિર્વાહ વિશે કયું વિધાન અયોગ્ય છે?**

(A) તેઓ મુખ્યત્વે પશુપાલન સાથે જોડાયેલા હતા.
(B) તેઓ સ્થાયી ખેડૂતો પાસેથી અનાજ અને વાસણોના બદલામાં દૂધ અને ઊન આપતા હતા.
(C) તેઓ એક જ જગ્યાએ કાયમી વસવાટ કરીને મોટા ઉદ્યોગો ચલાવતા હતા.
(D) કેટલીક વિચરતી જાતિઓ જાનવરો પર સામાન લાદીને એક જગ્યાએથી બીજી જગ્યાએ વેપાર કરતી.

## જવાબ: પ્રકરણ – 5

| | |
|---|---|
| **79** | (D) વિધાન 1 અને 2 બંને ખોટાં છે. |
| **80** | (A) 1-B, 2-A, 3-C, 4-D |
| **81** | (A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે. |
| **82** | (B) રાજ્ય → ગઢ → ચોર્યાસી → બરહોત |
| **83** | (A) માત્ર 1 |
| **84** | (C) ગઢકટંગા રાજ્ય - ઘોડાઓનો મોટો વેપાર |
| **85** | (B) વણજારા - ટાંડું |

| | |
|---|---|
| **86** | (C) બંને વિધાનો સાચાં છે અને 1 એ 2 નું કારણ છે. |
| **87** | (A) ૮૪, ૧૨ |
| **88** | (C) સત્તરમી સદીમાં અહોમ લોકો દારૂગોળો અને ઉચ્ચ કક્ષાની તોપો બનાવવાની ક્ષમતા ધરાવતા હતા. |
| **89** | (C) તેઓ એક જ જગ્યાએ કાયમી વસવાટ કરીને મોટા ઉધોગો ચલાવતા હતા. |

## એકમ 6 – વિચરતી અને વિમુક્ત જાતિઓ

**90 . વિચરતી & વિમુક્ત જાતિઓના ઐતિહાસિક સંદર્ભમાં સાચા વિધાનો ધ્યાને લો.**

1. ઈ.સ. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ જાતિઓની ભૂમિકાને કારણે અંગ્રેજ સરકારે તેમને 'ક્રિમિનલ ટ્રાઇબ્સ એક્ટ - 1871' અંતર્ગત ગુનેગાર સમુદાય તરીકે ઘોષિત કરી હતી.
2. ભારત સરકારે સ્વતંત્રતા બાદ તુરંત જ ઈ.સ. 1947માં આ જાતિઓને કાળા કાયદામાંથી મુક્ત કરી હતી.

3. વર્ષ 2008માં તૈયાર થયેલ અહેવાલ મુજબ તેમને બંધારણીય રીતે માનવ અધિકાર આપવાનો પ્રયત્ન થયો છે.

(A) માત્ર 2 & 3 (B) તમામ (C) માત્ર 1 & 3 (D) માત્ર 1

**91. ગુજરાત રાજ્યમાં વિચરતી & વિમુક્ત જાતિઓની યાદી (વર્ષ 2020 સુધીની) સંદર્ભે નીચેના જોડકા જોડો.**

| યાદી - I (જાતિનો પ્રકાર) | યાદી - II (જાતિઓની સંખ્યા) |
|---|---|
| 1. વિચરતી જાતિઓ | a. 12 |
| 2. વિમુક્ત જાતિઓ | b. 32 |
| | c. 28 |
| | d. 40 |

(A) 1-d, 2-b (B) 1-c, 2-a (C) 1-b, 2-a (D) 1-a, 2-c

**92. વણઝારા સમુદાય વિશે સત્ય વિધાનો ચકાસો.**

1. મધ્ય એશિયાથી અનેક ચીજવસ્તુઓ વણઝારાઓ દ્વારા ભારતમાં આવતી & ભારતથી બહાર જતી હતી.
2. અલાઉદ્દીન ખિલજી દિલ્હીના બજારો સુધી અનાજ & ચીજવસ્તુઓ લાવવા માટે તેમનો ઉપયોગ કરતો હતો.
3. સમ્રાટ અકબરે તેમના પુસ્તકમાં વણઝારાઓના કાર્યનો ઉલ્લેખ કર્યો છે.

(A) માત્ર 1 & 2 (B) માત્ર 2 & 3 (C) માત્ર 1 & 3 (D) તમામ

**93. નીચેના જોડકાં યોગ્ય રીતે જોડો:**

| જાતિ | વ્યવસાય/ઓળખ |
|---|---|
| 1. કાંગસિયા | a. શાકભાજીનું ઉત્પાદન & વેપાર |
| 2. નટ | b. બંગડી & સૌંદર્ય પ્રસાધનોનો વેપાર |
| 3. દેવીપૂજક | c. જાદુ & અંગકસરત |
| 4. વણઝારા | d. વેપારી પોઠ (ટાંડુ) |

(A) 1-c, 2-b, 3-a, 4-d (B) 1-b, 2-c, 3-a, 4-d

(C) 1-b, 2-c, 3-d, 4-a (D) 1-a, 2-d, 3-b, 4-c

**94. દેવીપૂજક સમાજની સામાજિક વ્યવસ્થા બાબતે કઈ બાબત સૌથી વધુ સુસંગત છે?**

(A) તેઓ સંપૂર્ણપણે વિચરતું જીવન જીવે છે & ક્યારેય સ્થાયી થતા નથી.

(B) તેઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઊંચું જોવા મળે છે.

(C) કોઈ પણ સમસ્યાઓમાં જ્ઞાતિપંચ (લવાદ)ની ભૂમિકા પ્રભાવી હોય છે, જેનાથી આંતરિક પ્રશ્નો અદાલતોમાં ઓછા જાય છે.

(D) તેઓ પશુપાલન પર જ નિર્ભર છે.

**95. વિચરતી જાતિઓના અર્થતંત્રમાં 'વિનિમય પ્રથા' સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**
(A) તેઓ ખેડૂતોને અનાજ આપતા & બદલામાં પશુઓ લેતા હતા.
(B) તેઓ માત્ર સોના-ચાંદીના સિક્કા આપીને વસ્તુઓ ખરીદતા હતા.
(C) તેઓનો આર્થિક વ્યવહાર માત્ર શહેરી વિસ્તારો પૂરતો સીમિત હતો.
(D) તેઓ સ્થાયી ખેડૂતો પાસેથી અનાજ, કપડાં & વાસણના બદલામાં ઊન & ઘી જેવી વસ્તુઓનો વિનિમય કરતા હતા.
**96. નીચેના વિધાનોમાંથી 'વણઝાર' (ટાંડુ) શબ્દ કોની સાથે સંબંધિત છે?**
(A) વણઝારાઓની પોઠોના સમૂહ સાથે
(B) નટ લોકોના સમૂહ સાથે
(C) આદિવાસીઓના નૃત્ય સાથે
(D) દેવીપૂજક સમાજની પંચાયત સાથે
**97. 1871 ના 'ક્રિમિનલ ટ્રાઇબ્સ એક્ટ' વિશે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે?**
(A) આ કાયદો વિચરતી જાતિઓના કલ્યાણ & શિક્ષણ માટે બનાવવામાં આવ્યો હતો.
(B) આ કાયદો અંગ્રેજ સરકાર દ્વારા ઘડવામાં આવ્યો હતો.
(C) આ કાયદા અંતર્ગત કેટલીક જાતિઓને જન્મજાત ગુનેગાર જાહેર કરવામાં આવી હતી.
(D) ભારત સરકારે 1952માં આ જાતિઓને આ કાયદામાંથી મુક્ત કરી હતી.
**98. કેટલાક વિચરતી જાતિઓમાં એક વિશિષ્ટ સામાજિક રિવાજ જોવા મળતો હતો, તે મુજબ ______**
(A) તેઓક્યારેય પોતાના કબીલાની બહાર લગ્ન કરતા નહીં
(B) તેઓ મૃત્યુ પામેલા વ્યક્તિની યાદી સરકારને આપતા
(C) વર્ષમાં કોઈ નિયમિત દિવસે નક્કી કરેલા સ્થળે ભેગા થતા & ત્યાં વિવાહ સંબંધો નક્કી કરતા
(D) તેઓ દર મહિને રહેઠાણ બદલતા રહેતા
**99. ભારત & વિશ્વના અર્થતંત્ર વચ્ચેની 'કડી' તરીકે મધ્યકાલીન સમયમાં કોને ઓળખવામાં આવતા હતા?**
(A) વણઝારા
(B) નટ બજાણિયા
(C) સલાટ
(D) દેવીપૂજક
**100. નટ (બજાણિયા) સમુદાયના પરંપરાગત કૌશલ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?**
(A) જાદુ કરવા
(B) દોરડા પર ચાલવું
(C) ઉત્કૃષ્ટ ચિત્રકામ કરવું
(D) લાકડી પર ચાલવું
**101. સરકાર દ્વારા વિચરતી-વિમુક્ત જાતિઓના ઉત્થાન માટે નીચેનામાંથી કયા પગલાં લેવામાં આવ્યા છે?**

1. બાળકો માટે ખાસ આશ્રમશાળાઓ & છાત્રાલયોની સ્થાપના.
2. રહેઠાણ માટે મકાન & સ્વચ્છતાની સવલતો.
3. તેમને સ્થાયી કરવા માટેની વિશિષ્ટ યોજનાઓ.

(A) માત્ર 2 & 3
(B) તમામ
(C) માત્ર 1 & 3
(D) માત્ર 1 & 2

**102. વિધાનની સત્યતા ચકાસો:**

1. સાનસી અને કંજર જેવી જાતિઓ વિચરતી & વિમુક્ત જાતિઓમાં આવે છે.
2. આ જાતિઓની જીવનશૈલી મોટે ભાગે કબીલાપ્રથા પ્રકારની હતી.
3. દૂરના વિસ્તારોમાં રહેવા છતાં  તેમની ભાષા & જીવનશૈલીના ભિન્નતા જોવા મળતી હતી.

(A) માત્ર 1 & 3 (B) માત્ર 2 & 3 (C) માત્ર 1 & 2 (D) તમામ

**103. નીચેનામાંથી કઈ જોડી અસંગત છે? (ગુજરાતની વિચરતી જાતિઓના સંદર્ભમાં)**

(A) મિયાણા - વિચરતી જાતિ

(B) સલાટ - પથ્થરકામ/ઘંટી સંસ્કાર

(C) વાંસફોડા - વાંસમાંથી વસ્તુ બનાવનાર

(D) રાવળ - વિચરતી જાતિ

**104. મુઘલ સેના માટે યુદ્ધ દરમિયાન અનાજ & ચીજવસ્તુઓ પહોંચાડવાનું કામ કોણ કરતું હતું?**

(A) સ્થાનિક ખેડૂતો

(B) વણઝારાઓ

(C) યુરોપિયન વેપારીઓ

(D) શાહી સૈનિકો

**105. સ્વાતંત્ર્ય ભારતમાં વણઝારા સમાજના વિખેરાઈ જવા પાછળનું મુખ્ય કારણ શું હતું?**

(A) ખેતીમાં રસ વધવો (B) દુષ્કાળ

(C) રેલવેની શરૂઆત & બ્રિટિશ શાસનની નીતિઓ (D) મુઘલ સામ્રાજ્યનું પતન

**106. નીચેના બનાવોને યોગ્ય કાળક્રમમાં ગોઠવો:**

1. ભારત સરકારે વિચરતી જાતિઓ પર વિસ્તૃત અહેવાલ તૈયાર કરાવ્યો.
2. વિચરતી જાતિઓને ક્રિમિનલ ટ્રાઇબ્ઝ તરીકે ઘોષિત કરવામાં આવી.
3. ભારત સરકારે તેમને 'વિમુક્ત જાતિઓ' તરીકે સન્માન આપ્યું.
4. સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમની ભૂમિકા નોંધાઈ.

(A) 2 -> 3 -> 4 -> 1

(B) 4 -> 2 -> 3 -> 1

(C) 4 -> 3 -> 2 -> 1

(D) 2 -> 4 -> 3 -> 1

**107. ગુજરાતની કઈ વિમુક્ત જાતિ મુખ્યત્વે કચ્છ & સૌરાષ્ટ્ર વિસ્તાર સાથે ઐતિહાસિક રીતે સંકળાયેલી જોવા મળે છે?**

(A) નટ (B) કાંગસિયા

(C) વાંસફોડા (D) વાઘેર & મિયાણા

**108. વિચરતી જાતિઓના જીવનમાં પરિવર્તન લાવવામાં કયા પરિબળનો ફાળો મુખ્ય રહ્યો છે?**

(A) માત્ર ધાર્મિક જાગૃતિ

(B) વિદેશી કંપનીઓનું આગમન

(C) સરકાર દ્વારા વિજ્ઞાન & ટેક્નોલોજી સાથે સંકલનનો પ્રયાસ

(D) તેમના પરંપરાગત વ્યવસાયોનું વધુ વિસ્તરણ

## જવાબ: પ્રકરણ – 6

| | |
|---|---|
| **90** | (C) માત્ર 1 & 3 |
| **91** | (B) 1-c, 2-a |
| **92** | (A) માત્ર 1 & 2 |
| **93** | (B) 1-b, 2-c, 3-a, 4-d |
| **94** | (C) કોઈ પણ સમસ્યાઓમાં જ્ઞાતિપંચ (લવાદ)ની ભૂમિકા પ્રભાવી હોય છે, જેનાથી આંતરિક પ્રશ્નો અદાલતોમાં ઓછા જાય છે. |
| **95** | (D) તેઓ સ્થાયી ખેડૂતો પાસેથી અનાજ, કપડાં & વાસણના બદલામાં ઊન & ઘી જેવી વસ્તુઓનો વિનિમય કરતા હતા. |
| **96** | (A) વણઝારાઓની પોઠોના સમૂહ સાથે |
| **97** | (A) આ કાયદો વિચરતી જાતિઓના કલ્યાણ & શિક્ષણ માટે બનાવવામાં આવ્યો હતો. |
| **98** | (C) વર્ષમાં કોઈ નિયમિત દિવસે નક્કી કરેલા સ્થળે ભેગા થતા & ત્યાં વિવાહ સંબંધો નક્કી કરતા |
| **99** | (A) વણઝારા |
| **100** | (C) ઉત્કૃષ્ટ ચિત્રકામ કરવું |
| **101** | (B) તમામ |
| **102** | (C) માત્ર 1 & 2 |
| **103** | (A) મિયાણા - વિચરતી જાતિ |
| **104** | (B) વણઝારાઓ |
| **105** | (C) રેલવેની શરૂઆત & બ્રિટિશ શાસનની નીતિઓ |
| **106** | (B) 4 -> 2 -> 3 -> 1 |
| **107** | (D) વાઘેર & મિયાણા |
| **108** | (C) સરકાર દ્વારા વિજ્ઞાન & ટેક્નોલોજી સાથે સંકલનનો પ્રયાસ |

## એકમ 7 – ભક્તિયુગ : ધાર્મિક સમુદાયો અને વિચારકો

**109. ભક્તિ & સુફી આંદોલન સંદર્ભે નીચેના વિધાનો તપાસો:**

1. આ આંદોલનનો મુખ્ય હેતુ રાજસત્તા મેળવવાનો હતો.
2. મોટા ભાગના સંતો નિર્ગુણવાદી હતા.
3. સંતોએ લોકોને જ બોલાતી ભાષામાં સાહિત્ય રચ્યું હતું.

(A) માત્ર 1 & 2 (B) માત્ર 2 & 3 (C) માત્ર 1 & 3 (D) તમામ

**110. નીચે આપેલા સંતો & તેમના જન્મસ્થળના જોડકાં ધ્યાને લો:**

1. શંકરાચાર્ય | a. તળાજા
2. રામાનુજાચાર્ય | b. કાલડી
3. નરસિંહ મહેતા | c. પેરુમલતુર

(A) 1-b, 2-a, 3-c
(B) 1-a, 2-b, 3-c
(C) 1-b, 2-c, 3-a
(D) 1-c, 2-a, 3-b

**111. દક્ષિણ ભારતમાં થયેલા ધાર્મિક આંદોલનો બાબતે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે?**

(A) શંકરાચાર્યે આઠમી સદીમાં ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ શરૂ કરી હતી.
(B) અલવાર સંતો શૈવ હતા & નયનાર સંતો વૈષ્ણવ હતા.
(C) રામાનુજાચાર્યે ભક્તિમાર્ગનો સરળ ઉપદેશ આપ્યો હતો.
(D) શંકરાચાર્ય પછી આશરે 250 વર્ષ બાદ રામાનુજાચાર્ય થયા હતા.

**112. સંત કબીર વિશે સાચા વિધાનો ચકાસો:**

1. તેઓ વ્યવસાયે વણકર હતા.
2. 'બીજક' તેમનો કવિતાસંગ્રહ છે.
3. સંત રૈદાસ તેમના ગુરુ હતા.
4. તેઓ નિર્ગુણ શાખાના સંત હતા.

(A) 1, 2 & 3
(B) 2, 3 & 4
(C) 1, 2 & 4
(D) 1, 3 & 4

**113. સૂચિ-I ને સૂચિ-II સાથે જોડો:**

**સૂચિ-I (સંત/કવિ)** | **સૂચિ-II (ગ્રંથ/રચના)**

1. તુલસીદાસ | a. દાસબોધ
2. જ્ઞાનેશ્વર | b. વિનયપત્રિકા
3. સમર્થ રામદાસ | c. જ્ઞાનેશ્વરી
4. ગુરુનાનક | d. ગુરુ ગ્રંથસાહિબ

(A) 1-b, 2-c, 3-a, 4-d
(B) 1-b, 2-c, 3-d, 4-a
(C) 1-b, 2-a, 3-d, 4-c
(D) 1-a, 2-d, 3-b, 4-c

**114. મહારાષ્ટ્રના સંતોને તેમના જન્મ વર્ષ અનુસાર (જૂના થી નવા તરફ) યોગ્ય ક્રમમાં ગોઠવો:**

1. જ્ઞાનેશ્વર 2. નામદેવ 3. એકનાથ 4. તુકારામ

(A) 2-1-3-4 (B) 1-2-3-4
(C) 1-3-2-4 (D) 2-1-4-3

**115. નીચેના વિધાનોમાંથી નરસિંહ મહેતા માટે કઈ બાબત સુસંગત નથી?**

(A) તેઓ ગુજરાતી ભાષાના આદિકવિ ગણાય છે.
(B) તેમનું "વૈષ્ણવજન તો તેને કહીએ..." ભજન ખૂબ લોકપ્રિય છે.
(C) તેઓ મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી હોવાથી મંદિરે જતા ન હતા.
(D) તેમણે જ્ઞાતિભેદનો વિરોધ કર્યો હતો.

**116. ભારતમાં સુફી મત ફેલાવનાર મુખ્ય ચાર પરંપરાઓમાં કોનો સમાવેશ થતો નથી?**

(A) ચિશ્તી (B) સુહરાવર્દી
(C) ઓલિયા (D) કાદરી

**117. શંકરાચાર્ય & રામાનુજાચાર્યના માતા-પિતા સંદર્ભે સાચા જોડકાં જોડો:**

| **સૂચિ-I (સંત)** | **સૂચિ-II (માતા-પિતા)** |
|---|---|
| 1. શંકરાચાર્ય (પિતા) | a. શિવગુરુ |
| 2. શંકરાચાર્ય (માતા) | b. કાંતિમતી |
| 3. રામાનુજાચાર્ય (પિતા) | c. કેશવ |
| 4. રામાનુજાચાર્ય (માતા) | d. અંબાબાઈ (આર્યામ્બા) |

(A) 1-a, 2-d, 3-c, 4-b (B) 1-b, 2-d, 3-a, 4-c
(C) 1-d, 2-a, 3-b, 4-c (D) 1-c, 2-b, 3-a, 4-d

**118.નીચેના પૈકી કયા સંત વલ્લભાચાર્યના શિષ્ય હતા & તેમણે વ્રજમાં રહીને શ્રીકૃષ્ણના પદો રચ્યા હતા?**

(A) તુલસીદાસ (B) રૈદાસ
(C) સૂરદાસ (D) ચૈતન્ય મહાપ્રભુ

**119. મહારાષ્ટ્રના ભક્તિ આંદોલન સંદર્ભે નીચેના વિધાનો ચકાસો:**

1. પંઢરપુરનું વિઠોબા મંદિર તેનું મુખ્ય કેન્દ્ર હતું.
2. સંત નામદેવે ભગવદ્ગીતા પર 'જ્ઞાનેશ્વરી' ટીકા લખી હતી.
3. સમર્થ રામદાસ છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ હતા.

(A) માત્ર 1 & 2 (B) માત્ર 2 & 3
(C) માત્ર 1 & 3 (D) તમામ

**120. મીરાંબાઈ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

1. તેઓ મેડતાના રાજવીના પુત્રી હતા.
2. તેમણે માત્ર ગુજરાતી ભાષામાં જ પદો રચ્યા હતા.
3. તેઓ શ્રીકૃષ્ણને ગિરધરગોપાલના રૂપમાં પૂજતા હતા.

(A) માત્ર 1 & 2 (B) માત્ર 2 & 3 (C) તમામ (D) માત્ર 1 & 3

## જવાબ: પ્રકરણ – 7

| | |
|---|---|
| **109** | (B) માત્ર 2 & 3 |
| **110** | (C) 1-b, 2-c, 3-a |
| **111** | (B) અલવાર સંતો શૈવ હતા & નયનાર સંતો વૈષ્ણવ હતા. |
| **112** | (C) 1, 2 & 4 |
| **113** | (A) 1-b, 2-c, 3-a, 4-d |
| **114** | (A) 2-1-3-4 |
| **115** | (C) તેઓ મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી હોવાથી મંદિરે જતા ન હતા. |
| **116** | (C) ઓલિયા |
| **117** | (A) 1-a, 2-d, 3-c, 4-b |
| **118** | (C) સૂરદાસ |
| **119** | (C) માત્ર 1 & 3 |
| **120** | (D) માત્ર 1 & 3 |

## એકમ 8 – પ્રાદેશિક સંસ્કૃતિનું ઘડતર

**121. મલયાલમ ભાષા & સંસ્કૃતિ સદભે સત્ય વિધાનો ધ્યાને લોઃ**

1. નવમી સદીમાં સ્થાપવામાં આવેલ મહોદયપુરનું ચેર રાજ્ય હાલના કેરલનો એક ભાગ હતું.
2. ચૌદમી સદીમાં વ્યાકરણ & કાવ્યશાસ્ત્ર પર લખાયેલ 'લીલાતિલકમ' ગ્રંથ મણિપ્રવાલમ્ શૈલીમાં લખાયો હતો.
3. મલયાલમ ભાષા પર સંસ્કૃતનો પ્રભાવ જોવા મળતો નથી.

(A) માત્ર 2 & 3 (B) માત્ર 1 & 2 (C) તમામ (D) માત્ર 1 & 3

4.

**122. નીચે આપેલા લેખકો & તેમના પ્રદાનને યોગ્ય રીતે જોડોઃ**

(1) ભાલણ | (a) શામળદાસના પિતા
(2) નરસિંહ મહેતા | (b) અપભ્રંશ ભાષાની શરૂઆત
(3) આચાર્ય હેમચંદ્રા | (c) આખ્યાનના પિતા
(4) મીરાંબાઇ | (d) કૃષ્ણભક્તિના પદો

(A) 1-b, 2-a, 3-c, 4-d (B) 1-c, 2-a, 3-b, 4-d
(C) 1-c, 2-d, 3-b, 4-a (D) 1-a, 2-c, 3-d, 4-b

**123. જગન્નાથ મંદિર (પુરી) ના નિર્માણ & ઇતિહાસ બાબતે નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે?**

(A) ઈ.સ. 1230માં રાજા અનંગભીમ ત્રીજાએ પોતાનું રાજ્ય જગન્નાથને અર્પણ કર્યું હતું.

(B) 'જગન્નાથ'નો અર્થ 'વિશ્વના માલિક' થાય છે જે શિવ શબ્દનો સમાનાર્થી છે.

(C) 12મી સદીમાં ગંગવંશના રાજા અનંત વર્મને મંદિર નિર્માણનો નિર્ણય લીધો હતો.

(D) મુઘલો & મરાઠાઓએ પણ આ મંદિર પર વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો.

**124. હોળી & તેના વિવિધ સ્વરૂપો વિશે યોગ્ય વિધાનો ચકાસો:**

1. બરસાના (ઉત્તર પ્રદેશ) માં ઉજવાતી હોળી 'લઠ્ઠમાર હોળી' તરીકે જાણીતી છે.
2. પંજાબમાં શીખ સમુદાય દ્વારા 'લોહડી' નો તહેવાર મકરસંક્રાંતિ પહેલાં (13 જાન્યુઆરી) ઉજવાય છે.
3. લોહડીનો તહેવાર અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે.

(A) માત્ર 1 (B) માત્ર 1 & 2 (C) તમામ (D) માત્ર 2 & 3

**125. દક્ષિણ ભારતના તહેવારો & તેની વિશેષતાઓ સંદર્ભે જોડકાં જોડો:**

(1) પોંગલ | (a) કેરલ - વલ્લમકાલી (નૌકાસ્પર્ધા)

(2) ઓણમ | (b) તમિલનાડુ - 'થાઈ' માસનો પ્રથમ દિવસ

(3) દુર્ગાપૂજા | (c) પશ્ચિમ બંગાળ - મહિષાસુર પર વિજય

(A) 1-b, 2-a, 3-c (B) 1-a, 2-b, 3-c

(C) 1-b, 2-c, 3-a (D) 1-c, 2-a, 3-b

**126. કથક નૃત્ય શૈલી બાબતે સત્ય વિધાનો તપાસો:**

1. 'કથન કરે સો કથક કહાવે' ઉક્તિ આ નૃત્ય સાથે જોડાયેલી છે.
2. 15મી સદીમાં અપોના નવાબ વાજિદઅલી શાહે તેને પુનર્જીવન આપ્યું હતું.
3. કથક નૃત્ય મુખ્યત્વે બે પરંપરાઓ (ઘરાના) માં વહેંચાયેલું છે: જયપુર & લખનઉ.

(A) માત્ર 2 & 3 (B) તમામ (C) માત્ર 1 & 2 (D) માત્ર 1 & 3

**127. ગુજરાતના મેળાઓ & જિલ્લાઓને યોગ્ય રીતે જોડો:**

(1) તરણેતરનો મેળો | (a) મહેસાણા

(2) મીરાદાતારનો ઉર્સ | (b) સુરેન્દ્રનગર

(3) પલ્લીનો મેળો | (d) ગાંધીનગર

(4) ચિત્ર-વિચિત્રનો મેળો | (c) સાબરકાંઠા

(A) 1-b, 2-d, 3-a, 4-c (B) 1-a, 2-b, 3-c, 4-d

(C) 1-c, 2-a, 3-d, 4-b (D) 1-b, 2-a, 3-d, 4-c

**128. બંગાળી ભાષાના વિકાસના તબક્કાઓ વિશે કયું વિધાન સાચું છે?**

(A) પ્રારંભિક બંગાળી સાહિત્ય બે ભાગમાં વહેંચાયેલું છે: સંસ્કૃતથી પ્રભાવિત & સ્વતંત્ર.

(B) બંગાળી ભાષાનો ઉદ્ભવ દ્રવિડ કુળની ભાષાઓમાંથી થયો છે.

(C) બંગાળી ભાષા પર માત્ર અંગ્રેજી ભાષાનો જ પ્રભાવ જોવા મળે છે.

(D) 15મી સદી સુધી બંગાળી ભાષાનો કોઈ વિકાસ થયો ન હતો.

**129. સિંધી સમાજના તહેવાર 'ચેટીચંડ' વિશે નીચેનામાંથી કઈ બાબત સાચી નથી?**

(A) શ્રદ્ધાળુઓ પ્રસાદ તરીકે 'તાહીરી' (મીઠો ભાત) વહેંચે છે.

(B) આ તહેવાર માત્ર પાકિસ્તાનમાં જ ઉજવવામાં આવે છે.

(C) ચૈત્ર સુદ બીજના દિવસે સિંધી લોકો નૂતન વર્ષ તરીકે ઉજવે છે.

(D) આ દિવસે તેઓ પોતાના ઇષ્ટદેવ ઝુલેલાલની શોભાયાત્રા કાઢે છે.

**130. મણિપુરી નૃત્ય શૈલીના સંદર્ભમાં સાચા વિધાનો ધ્યાને લો:**

1. આ નૃત્યમાં શરીરની ગતિ ધીમી હોવાથી તેને અન્ય નૃત્યોથી અલગ માનવામાં આવે છે.
2. મણિપુરી નૃત્યના બે પ્રકાર છે: લાસ્ય & તાંડવ.
3. 18મી સદીના રાજા ભાગ્યચંદ્રે ગોવિંદ-સંગીત લીલાવિલાસ પુસ્તક લખીને આ શૈલીનો વિકાસ કર્યો હતો.

(A) તમામ (B) માત્ર 1 & 2 (C) માત્ર 2 & 3 (D) માત્ર 1 & 3

## જવાબ: પ્રકરણ – 8

| | |
|---|---|
| **121** | (B) માત્ર 1 & 2 |
| **122** | (B) 1-c, 2-a, 3-b, 4-d |
| **123** | (B) 'જગન્નાથ'નો અર્થ 'વિશ્વના માલિક' થાય છે જે શિવ શબ્દનો સમાનાર્થી છે. |
| **124** | (C) તમામ |
| **125** | (A) 1-b, 2-a, 3-c |
| **126** | (B) તમામ |
| **127** | (D) 1-b, 2-a, 3-d, 4-c |
| **128** | (A) પ્રારંભિક બંગાળી સાહિત્ય બે ભાગમાં વહેંચાયેલું છે: સંસ્કૃતથી પ્રભાવિત & સ્વતંત્ર. |
| **129** | (B) આ તહેવાર માત્ર પાકિસ્તાનમાં જ ઉજવવામાં આવે છે. |
| **130** | (A) તમામ |

## એકમ 9 – અઢારમી સદીના રાજકીય શાસકો

**131. છત્રપતિ શિવાજી મહારાજ બાદ મરાઠા રાજ્યમાં ઉપજેલી પરિસ્થિતિ વિશે કયું વિધાન ખોટું છે?**

(A) પેશ્વા બાલાજી વિશ્વનાથે તાત્યાટોપેનો પક્ષ લીધો હતો.
(B) શાહુને તેમની કાકી તારાબાઈ સાથે વારસાવિગ્રહ (સત્તા સંઘર્ષ) થયો હતો.
(C) ઔરંગઝેબે શિવાજીના પૌત્ર શાહુને મુક્ત કર્યા બાદ કોઈ વિવાદ થયો ન હતો.
(D) તારાબાઈએ સામે ચાલીને શાહુને ગાદી સોંપી દીધી હતી.

**132. પેશ્વાઓનો સાચો ક્રમ કયો છે?**

(A) બાલાજી વિશ્વનાથ → બાજીરાવ પહેલો → બાલાજી બાજીરાવ
(B) બાજીરાવ પહેલો → બાલાજી વિશ્વનાથ → બાલાજી બાજીરાવ
(C) બાલાજી બાજીરાવ → બાજીરાવ પહેલો → બાલાજી વિશ્વનાથ
(D) બાલાજી વિશ્વનાથ → બાલાજી બાજીરાવ → બાજીરાવ પહેલો

**133. બકસરના યુદ્ધમાં અંગ્રેજો સામે કોણે સંયુક્ત મોરચો માંડ્યો હતો?**

1. મીરકાસીમ (બંગાળ)
2. સિરાજ-ઉદ્-દૌલા (બંગાળ)
3. અવધના નવાબ
4. મુઘલ શહેનશાહ શાહઆલમ બીજો

(A) માત્ર 1 & 3 (B) માત્ર 2, 3 & 4
(C) 1, 2, 3 & 4 તમામ (D) માત્ર 1, 3 & 4

**134. શીખ સામ્રાજ્યનો અંત ક્યારે આવ્યો?**

(A) પાણીપતના ત્રીજા યુદ્ધમાં શીખોની હાર થતા.
(B) ઈ.સ. 1849માં અંગ્રેજોએ શીખ સામ્રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું.
(C) રણજિતસિંહના જીવતા જ અંગ્રેજોએ કબજો કર્યો.
(D) અહમદશાહ અબ્દાલીના આક્રમણથી.

**135. પ્લાસીના યુદ્ધના પરિણામ સ્વરૂપે અંગ્રેજોને શું પ્રાપ્ત થયું?**

(A) સંપૂર્ણ ભારત પર શાસન
(B) બંગાળની દીવાની સત્તા
(C) 24 પરગણાની જાગીર
(D) મરાઠા સામ્રાજ્યનો વિસ્તાર

**136. શીખધર્મ & ગુરુ પરંપરા બાબતે સાચું વિધાન પસંદ કરો.**

(A) ગુરુ નાનકે 15મી સદીમાં શીખધર્મની સ્થાપના કરી & તેના 10 ગુરુઓ થયા.
(B) શીખધર્મમાં કુલ 12 ગુરુઓ થયા.
(C) ગુરુ ગોવિંદસિંહ શીખધર્મના સ્થાપક હતા.
(D) શીખધર્મ માત્ર પંજાબ પૂરતો સીમિત હતો & કોઈ સૈન્ય પ્રવૃત્તિ નહોતી.

**137. છત્રપતિ શિવાજી મહારાજે રણતંત્રમાં કઈ યુદ્ધ પદ્ધતિ અપનાવી હતી?**

(A) નૌકા યુદ્ધ પદ્ધતિ
(B) તોપખાના યુદ્ધ પદ્ધતિ
(C) છાપામાર યુદ્ધ પદ્ધતિ
(D) મેદાની યુદ્ધ પદ્ધતિ

**138. યોગ્ય જોડકાં જોડો:**

| | |
|---|---|
| 1. જયપુર | a. રાજા સવાઈ જયસિંહ |
| 2. અમૃતસર | b. રણજિતસિંહ (વિજય) |
| 3. બંગાળ | c. મુર્શિદકુલીખાં (સ્વતંત્ર રાજ્ય) |
| 4. પુણે (મરાઠા) | d. છત્રપતિ શિવાજી (સ્વતંત્ર રાજ્ય) |

(A) 1-b, 2-a, 3-d, 4-c (B) 1-a, 2-b, 3-c, 4-d
(C) 1-c, 2-d, 3-a, 4-b (D) 1-d, 2-c, 3-b, 4-a

**139. મુઘલ બાદશાહ બહાદુરશાહ વિશે કયું વિધાન સત્ય છે?**

(A) તેણે રાજપૂત અને મરાઠા રાજ્યો સાથે દુશ્મનાવટ રાખી હતી.

(B) તેણે મરાઠાઓ વચ્ચે વારસાવિગ્રહ કરાવ્યો હતો.

(C) તે ઔરંગઝેબ પહેલાં ગાદી પર આવ્યો હતો.

(D) તેના સમયમાં ગુરુ ગોવિંદસિંહે વિદ્રોહ કર્યો હતો.

**140. 'તેમણે મહારાષ્ટ્રને એક મહાન મરાઠા સામ્રાજ્યમાં પરિવર્તિત કરી દીધું.' - આ વિધાન કયા પેશ્વા માટે વપરાયું છે?**

(A) બાલાજી વિશ્વનાથ (B) બાલાજી બાજીરાવ

(C) માધવરાવ (D) બાજીરાવ પહેલો

**જવાબ: પ્રકરણ – 9**

| | |
|---|---|
| **131** | (B) શાહુને તેમની કાકી તારાબાઈ સાથે વારસાવિગ્રહ (સત્તા સંઘર્ષ) થયો હતો. |
| **132** | (A) બાલાજી વિશ્વનાથ → બાજીરાવ પહેલો → બાલાજી બાજીરાવ |
| **133** | (D) માત્ર 1, 3 & 4 |
| **134** | (B) ઈ.સ. 1849માં અંગ્રેજોએ શીખ સામ્રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું. |
| **135** | (C) 24 પરગણાની જાગીર |
| **136** | (A) ગુરુ નાનકે 15મી સદીમાં શીખધર્મની સ્થાપના કરી & તેના 10 ગુરુઓ થયા. |
| **137** | (C) છાપામાર યુદ્ધ પદ્ધતિ |
| **138** | (B) 1-a, 2-b, 3-c, 4-d |
| **139** | (B) તેણે મરાઠાઓ વચ્ચે વારસાવિગ્રહ કરાવ્યો હતો. |
| **140** | (D) બાજીરાવ પહેલો |

## પાઠ 10.પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો

પ્રશ્ન–141 ધોરણ-7ના વિદ્યાર્થીઓએ પૃથ્વીના આંતરિક બંધારણનું મૉડેલ બનાવ્યું. ચાર વિદ્યાર્થીઓએ નીચે મુજબના તારણો રજૂ કર્યા. તેમાં પાઠ્યપુસ્તકમાં આપેલી માહિતી સાથે સૌથી વધુ સુસંગત તારણ કયું છે?

A. પૃથ્વીનું સૌથી અંદરનું સ્તર કેન્દ્ર છે, તેની બહાર મેન્ટલ અને સૌથી બહાર પોપડો આવેલો હોવાથી સપાટી પર આપણું જીવન શક્ય બને છે.

B. પૃથ્વીનું સૌથી જાડું સ્તર પોપડો છે, જ્યારે મેન્ટલ સૌથી પાતળું હોવાથી પૃથ્વીનું મોટાભાગનું કદ પોપડાથી બનેલું છે.

C. પૃથ્વીના તમામ સ્તરોનું તાપમાન, જાડાઈ અને રચના એકસરખી હોવાથી અંદરના ભાગમાં કોઈ વિશેષ ફેરફાર જોવા મળતો નથી.

D. પૃથ્વીના અંદરના બધા જ સ્તરો પ્રવાહી અવસ્થામાં હોવાથી પોપડો પણ સતત વહેતો રહે છે.

પ્રશ્ન–142 પૃથ્વીના આંતરિક બંધારણ અને અગ્નિકૃત ખડક અંગે નીચેના વિધાનો વાંચો.અયોગ્ય વિધાન કયું છે?

A. અગ્નિકૃત ખડક મેગ્મા અથવા લાવાના ઠંડા પડી ઘન બનવાથી રચાય છે અને તેને પ્રાથમિક ખડક તરીકે ઓળખવામાં આવે છે.

B. પૃથ્વીના આંતરિક ભાગને મુખ્યત્વે પોપડો, મેન્ટલ અને કેન્દ્ર એમ ત્રણ ભાગોમાં વહેંચવામાં આવે છે.

C. પૃથ્વીનો સૌથી બહારનો ભાગ કેન્દ્ર કહેવાય છે, જ્યારે સૌથી અંદરનો ભાગ પોપડો કહેવાય છે.

D. પૃથ્વીના આંતરિક સ્તરોની રચના અને ગુણધર્મોમાં તફાવત હોવાથી દરેક સ્તરની વિશેષતાઓ અલગ હોય છે.

પ્રશ્ન – 143 ખડકના પ્રકાર અને તેની રચનાની પ્રક્રિયા અંગે નીચેના જોડકા આપવામાં આવ્યા છે. યોગ્ય જોડકું પસંદ કરો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| (P) અગ્નિજ ખડક. | (1) તાપમાન અને દબાણથી રચાય છે. |
| (Q) જળકૃત ખડક. | (2) મેગ્મા અથવા લાવાના ઠંડા પડવાથી બને છે. |
| (R) રૂપાંતરિત ખડક. | (3) કણોના થર જમા થઈ દબાવાથી બને છે. |

A. P–2, Q–3, R–1
B. P–3, Q–1, R–2
C. P–1, Q–2, R–3
D. P–2, Q–1, R–3

પ્રશ્ન – 144 ખડકચક્ર (Rock Cycle)ની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને નીચેના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(P) કણો જમા થઈ જળકૃત ખડક બને.

(Q) મેગ્મા ઠંડું પડી અગ્નિકૃત ખડક બને.

(R)તાપમાન અને દબાણથી રૂપાંતરિત ખડક બને.

(S) ખડકો ઓગળી ફરી મેગ્મામાં પરિવર્તિત થાય.

A. Q → P → R → S
B. P → Q → S → R
C. R → P → Q → S
D. Q → R → P → S

પ્રશ્ન – 145 રીમાએ લખ્યું: "દરેક ખડક સમય જતાં અન્ય પ્રકારના ખડકમાં પરિવર્તિત થઈ શકે છે." તેના આ નિવેદનને સૌથી યોગ્ય રીતે સમર્થન આપતું કારણ કયું છે?

A. પૃથ્વીની અંદર અને સપાટી પર થતી પ્રક્રિયાઓ જેવી કે તાપ, દબાણ, ઘસારણ અને ઓગળવાની ક્રિયાઓથી ખડકોમાં સતત ફેરફાર થતો રહે છે.

B. દરેક ખડકનું કદ અને રંગ એકસરખા હોવાથી બધા ખડકો આપમેળે એકબીજામાં બદલાઈ જાય છે.

C. માત્ર જ્વાળામુખી ફાટે ત્યારે જ બધા પ્રકારના ખડકો એકસાથે બદલાઈ જાય છે.

D. ખડકોમાં કોઈ પરિવર્તન થતું નથી; તેઓ જે સ્વરૂપમાં બને છે તે જ સ્વરૂપમાં હંમેશા રહે છે.

પ્રશ્ન – 146 પૃથ્વીની સપાટી પર થતા ફેરફારો અંગે નીચેના વિધાનો વાંચો.

P. પૃથ્વીના આંતરિક બળોના કારણે ભૂકંપ અને જ્વાળામુખી જેવી ઘટનાઓ બને છે.

Q. પવન, નદી અને હિમનદી જેવી બાહ્ય પ્રક્રિયાઓ પૃથ્વીની સપાટી પર ધોવાણ અને નિક્ષેપણ કરે છે.

R. પૃથ્વીની સપાટી પર થતા ફેરફારો માટે આંતરિક અને બાહ્ય બંને બળો જવાબદાર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને QB. માત્ર Q અને R

C. માત્ર P અને R D. P, Q અને R

પ્રશ્ન – 147 એક વિસ્તારમાં વર્ષો સુધી વહેતી નદીના કારણે ખડકો ઘસાઈ ગયા અને થોડે દૂર રેતી તથા કાંકરા જમા થયા. આ ઘટનાના આધારે યોગ્ય નિષ્કર્ષ કયો છે?

A. નદી પહેલા ધોવાણ કરે છે, પછી પદાર્થોનું પરિવહન કરીને યોગ્ય સ્થળે નિક્ષેપણ કરે છે.

B. નદી માત્ર નિક્ષેપણનું કાર્ય કરે છે, ધોવાણ કરતી નથી.

C. નદી જ્યાંથી વહે છે ત્યાં જ ધોવાણ અને નિક્ષેપણ એકસાથે થાય છે.

D. નદીની ક્રિયાથી પૃથ્વીની સપાટી પર કોઈ ફેરફાર થતો નથી.

પ્રશ્ન – 148 પૃથ્વીની સપાટી પર થતા ફેરફારો અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. ભૂકંપ અને જ્વાળામુખી જેવી આંતરિક પ્રક્રિયાઓ પૃથ્વીની સપાટી પર ઝડપી ફેરફાર લાવી શકે છે.

B. પવન, નદી અને હિમનદી જેવી બાહ્ય પ્રક્રિયાઓ લાંબા સમય દરમિયાન પૃથ્વીની સપાટી પર ફેરફાર કરે છે.

C. ધોવાણ અને નિક્ષેપણની પ્રક્રિયાઓથી વિવિધ ભૂમિ-સ્વરૂપોનું નિર્માણ થાય છે.

D. પૃથ્વીની સપાટી પર થતા બધા ફેરફારો માત્ર માનવની પ્રવૃત્તિઓને કારણે જ થાય છે.

પ્રશ્ન – 149 ભૂમિ-સ્વરૂપોના નિર્માણ અંગે નીચેના વિધાનો વાંચો.

P. નદીના નિક્ષેપણથી પૂરના મેદાનનું નિર્માણ થાય છે.

Q. હિમનદીના કાર્યથી 'યુ' આકારની ખીણ અને ડ્રમલિન જેવા ભૂમિ-સ્વરૂપો રચાય છે.

R. પવનના નિક્ષેપણથી રણપ્રદેશમાં રેતીના ઢુવાનું નિર્માણ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q B. માત્ર Q અને R

C. માત્ર P અને R D. P, Q અને R

પ્રશ્ન – 150 ભૂમિ-સ્વરૂપોના નિર્માણ અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. નદીની ગતિ ધીમી પડતાં તે પોતાના દ્વારા લાવવામાં આવેલા કણોનું નિક્ષેપણ કરે છે.

B. પવનના કારણે રણપ્રદેશમાં રેતીના ધૂળાનું નિર્માણ થઈ શકે છે.

C. હિમનદી માત્ર ધોવાણનું કાર્ય કરે છે, તેના દ્વારા નિક્ષેપણ થતું નથી.

D. કુદરતી પ્રક્રિયાઓના કારણે પૃથ્વીની સપાટી પર વિવિધ ભૂમિ-સ્વરૂપોનું નિર્માણ થતું રહે છે.

પ્રશ્ન – 151 એક વિદ્યાર્થી સમુદ્રકિનારે ગયો. તેણે જોયું કે કેટલાક સ્થળે મોજાં સતત ખડકોને અથડાતા હતા, જ્યારે અન્ય સ્થળે રેતી જમા થઈને પહોળો દરિયાકિનારો બન્યો હતો. આ અવલોકન પરથી યોગ્ય તારણ કયું છે?

A. સમુદ્રમોજાં માત્ર ધોવાણનું કાર્ય કરે છે, નિક્ષેપણ કરતા નથી.

B. સમુદ્રમોજાં માત્ર નિક્ષેપણનું કાર્ય કરે છે, ધોવાણ કરતા નથી.

C. સમુદ્રમોજાં ધોવાણ અને નિક્ષેપણ બંને પ્રક્રિયાઓ દ્વારા વિવિધ ભૂમિ-સ્વરૂપોનું નિર્માણ કરે છે.

D. સમુદ્રમોજાંની પૃથ્વીની સપાટી પર કોઈ અસર થતી નથી.

પ્રશ્ન – 152 નીચેના પ્રક્રિયા અને તેનાથી બનતા ભૂમિ-સ્વરૂપના જોડકામાંથી અયોગ્ય જોડકું કયું છે?

A. નદીનું કાર્ય — પૂરનું મેદાન

B. હિમનદીનું કાર્ય — 'યુ' આકારની ખીણ

C. પવનનું કાર્ય — લોએસ

D. સમુદ્રમોજાંનું કાર્ય — ડ્રમલિન

*પાઠ 10 : પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો*

| | | | |
|---|---|---|---|
| 141 | A. પૃથ્વીનું સૌથી અંદરનું સ્તર કેન્દ્ર છે, તેની બહાર મેન્ટલ અને સૌથી બહાર પોપડો આવેલો હોવાથી સપાટી પર આપણું જીવન શક્ય બને છે. | 147 | A. નદી પહેલા ધોવાણ કરે છે, પછી પદાર્થોનું પરિવહન કરીને યોગ્ય સ્થળે નિક્ષેપણ કરે છે. |
| 142 | C. પૃથ્વીનો સૌથી બહારનો ભાગ કેન્દ્ર કહેવાય છે, જ્યારે સૌથી અંદરનો ભાગ પોપડો કહેવાય છે. | 148 | D. પૃથ્વીની સપાટી પર થતા બધા ફેરફારો માત્ર માનવની પ્રવૃત્તિઓને કારણે જ થાય છે. |
| 143 | A. P–2, Q–3, R–1 | 149 | D. P, Q અને R |
| 144 | A. Q → P → R → S | 150 | C. હિમનદી માત્ર ધોવાણનું કાર્ય કરે છે, તેના દ્વારા નિક્ષેપણ થતું નથી. |
| 145 | A. પૃથ્વીની અંદર અને સપાટી પર થતી પ્રક્રિયાઓ જેવી કે તાપ, દબાણ, ઘસારણ અને ઓગળવાની ક્રિયાઓથી ખડકોમાં સતત ફેરફાર થતો રહે છે. | 151 | C. સમુદ્રમોજાં ધોવાણ અને નિક્ષેપણ બંને પ્રક્રિયાઓ દ્વારા વિવિધ ભૂમિ-સ્વરૂપોનું નિર્માણ કરે છે. |
| 146 | D. P, Q અને R | 152 | D. સમુદ્રમોજાંનું કાર્ય — ડ્રમલિન |

## પાઠ 11. પર્યાવરણના ઘટકો અને આંતરસંબંધો

પ્રશ્ન – 153 પર્યાવરણના ઘટકો અંગે નીચેના વિધાનો વાંચો.

P. મૃદાવરણ પૃથ્વીના ઉપરના ઘન આવરણને દર્શાવે છે.

Q. જલાવરણમાં મહાસાગર, સમુદ્ર, સરોવર અને નદીઓ જેવા જળસ્ત્રોતોનો સમાવેશ થાય છે.

R. જીવાવરણમાં માત્ર પ્રાણીઓનો જ સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q  B. માત્ર Q અને R

C. માત્ર P અને R  D. P, Q અને R

પ્રશ્ન – 154 પર્યાવરણના પ્રકારો અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. કુદરતી પર્યાવરણમાં જૈવિક અને અજૈવિક બંને ઘટકોનો સમાવેશ થાય છે.

B. માનવ પોતાની જરૂરિયાત મુજબ પર્યાવરણમાં ફેરફાર કરે છે, જેના કારણે માનવનિર્મિત પર્યાવરણનું નિર્માણ થાય છે.

C. મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણ એકબીજાથી સંપૂર્ણપણે અસંબંધિત છે.

D. પર્યાવરણના વિવિધ ઘટકો વચ્ચે આંતરસંબંધ હોવાથી એક ઘટકમાં થતો ફેરફાર બીજા ઘટકોને પણ અસર કરે છે.

પ્રશ્ન – 155 શાળાના વિદ્યાર્થીઓએ પાણીના સ્ત્રોતો વિશે માહિતી એકત્ર કરી. તેમણે નોંધ્યું કે મહાસાગરોમાં સૌથી વધુ પાણી છે, જ્યારે નદીઓમાં ખૂબ જ ઓછું પાણી છે. આ અવલોકન પરથી યોગ્ય તારણ કયું નીકળે?

A. પૃથ્વી પરનું મોટા ભાગનું પાણી ખારું હોવાથી મીઠા પાણીનો યોગ્ય ઉપયોગ અને સંરક્ષણ જરૂરી છે.

B. નદીઓમાં પાણી ઓછું હોવાથી મહાસાગરનું પાણી પીવા માટે સીધું જ વાપરી શકાય.

C. પૃથ્વી પરના બધા જ જળસ્ત્રોતોમાં પાણીનું પ્રમાણ લગભગ સરખું છે.

D. મહાસાગરોમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી મીઠા પાણીના સ્ત્રોતોનું કોઈ મહત્વ નથી.

પ્રશ્ન – 156 ભરતી–ઓટ અને મહાસાગરીય પ્રવાહો અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. ભરતી–ઓટ પર મુખ્યત્વે ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળની અસર થાય છે.

B. પૂર્ણિમા અને અમાસના દિવસે ભરતીનું પ્રમાણ સામાન્ય દિવસો કરતાં વધુ હોય છે.

C. ભરતી–ઓટના કારણે દરિયાના પાણીની સપાટી સમયાંતરે વધે અને ઘટે છે.

D. ભરતી–ઓટના કારણે મહાસાગરીય પ્રવાહોની રચના થાય છે.

પ્રશ્ન – 157 પર્યાવરણના ઘટકો વચ્ચેના આંતરસંબંધ અંગે નીચેના વિધાનો વાંચો.

P. જલાવરણનું પાણી બાષ્પીભવન થઈ વાતાવરણમાં પહોંચે છે.

Q. વરસાદથી પાણી ફરી મૃદાવરણ અને જલાવરણમાં પહોંચે છે.

R. પર્યાવરણના એક ઘટકમાં થતો ફેરફાર અન્ય ઘટકોને પણ અસર કરી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q　　B. માત્ર Q અને R

C. માત્ર P અને R　　D. P, Q અને R

પ્રશ્ન – 158 એક ગામમાં કારખાનાનું અશુદ્ધ પાણી નજીકની નદીમાં છોડવામાં આવે છે. થોડા સમય પછી નદીમાં માછલીઓની સંખ્યા ઘટી જાય છે અને પાણીમાંથી દુર્ગંધ આવવા લાગે છે. આ પરિસ્થિતિમાં સૌથી યોગ્ય નિષ્કર્ષ કયો છે?

A. જળ-પ્રદૂષણની અસર માત્ર પાણીના રંગ સુધી મર્યાદિત રહે છે.

B. જળ-પ્રદૂષણ જળચરો અને માનવજીવન બંને માટે હાનિકારક બની શકે છે.

C. જળ-પ્રદૂષણથી માત્ર નદીનો પ્રવાહ ધીમો પડે છે.

D. જળ-પ્રદૂષણની અસર પીવાના પાણી પર થતી નથી.

પ્રશ્ન – 159 હવા-પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો અંગે નીચેના વિધાનો વાંચો.

P. વાહનોનું નિયમિત PUC કરાવવું.

Q. CNG અને PNG જેવા સ્વચ્છ બળતણનો ઉપયોગ કરવો.

R. ધુમાડો અને ઝેરી વાયુ છોડતા ઉદ્યોગો પર યોગ્ય નિયંત્રણ રાખવું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q　　B. માત્ર Q અને R

C. માત્ર P અને R　　D. P, Q અને R

પ્રશ્ન – 160 ધ્વનિ-પ્રદૂષણ અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. હોસ્પિટલ અને શાળાની આસપાસ મૌન ક્ષેત્ર જાળવવું જોઈએ.

B. લાઉડસ્પીકરનો જરૂર વગર વધુ અવાજે ઉપયોગ કરવો જોઈએ.

C. ધ્વનિ-પ્રદૂષણ માનવના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરી શકે છે.

D. બિનજરૂરી હોર્ન વગાડવાનું ટાળવું જોઈએ.

પ્રશ્ન – 161 પ્રદૂષણનો પ્રકાર અને યોગ્ય ઉપાય વચ્ચેનું યોગ્ય જોડકું પસંદ કરો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| P. જળ-પ્રદૂષણ | 1. ગંદા પાણીને શુદ્ધ કરીને છોડવું |
| Q. હવા-પ્રદૂષણ | 2. વાહનોનું PUC કરાવવું |
| R. ધ્વનિ-પ્રદૂષણ | 3. બિનજરૂરી હોર્ન વગાડવાનું ટાળવું |

A. P–1, Q–2, R–3

B. P–2, Q–3, R–1

C. P–3, Q–1, R–2

D. P–2, Q–1, R–3

પ્રશ્ન – 162 એક શહેરમાં વાહનોની સંખ્યા વધી ગઈ છે. લોકો બિનજરૂરી હોર્ન વગાડે છે, કેટલાક વાહનોમાંથી કાળો ધુમાડો નીકળે છે અને નજીકની નદીમાં ગંદુ પાણી છોડવામાં આવે છે. આ પરિસ્થિતિમાં કયું તારણ સૌથી યોગ્ય છે?

A. માત્ર ધ્વનિ-પ્રદૂષણમાં વધારો થશે, અન્ય કોઈ અસર નહીં થાય.

B. માત્ર હવા-પ્રદૂષણ વધશે, જળ-પ્રદૂષણ સાથે તેનો કોઈ સંબંધ નથી.

C. માનવની વિવિધ પ્રવૃત્તિઓના કારણે એક કરતાં વધુ પ્રકારના પ્રદૂષણ એકસાથે સર્જાઈ શકે છે.

D. આવી પ્રવૃત્તિઓથી પર્યાવરણ પર કોઈ નોંધપાત્ર અસર થતી નથી.

### *પાઠ 11 : પર્યાવરણના ઘટકો અને આંતરસંબંધો*

| | | | |
|---|---|---|---|
| 153 | A. માત્ર P અને Q | 158 | B. જળ-પ્રદૂષણ જળચરો અને માનવજીવન બંને માટે હાનિકારક બની શકે છે. |
| 154 | C. મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણ એકબીજાથી સંપૂર્ણપણે અસંબંધિત છે. | 159 | D. P, Q અને R |
| 155 | A. પૃથ્વી પરનું મોટા ભાગનું પાણી ખારું હોવાથી મીઠા પાણીનો યોગ્ય ઉપયોગ અને સંરક્ષણ જરૂરી છે. | 160 | B. લાઉડસ્પીકરનો જરૂર વગર વધુ અવાજે ઉપયોગ કરવો જોઈએ. |
| 156 | D. ભરતી–ઓટના કારણે મહાસાગરીય પ્રવાહોની રચના થાય છે. | 161 | A. P–1, Q–2, R–3 |

| | | | |
|---|---|---|---|
| 157 | D. P, Q અને R | 162 | C. માનવની વિવિધ પ્રવૃત્તિઓના કારણે એક કરતાં વધુ પ્રકારના પ્રદૂષણ એકસાથે સર્જાઈ શકે છે. |

## પાઠ-12. વાતાવરણની સજીવો પર અસર

પ્રશ્ન – 163 બે મિત્રો વચ્ચે ચર્ચા થઈ.

રીના: "જે સ્થળે ખેતી, રોજગાર અને પાણીની સારી સુવિધા હોય ત્યાં વધુ લોકો વસવાટ કરે છે."

મીના: "વિશ્વના દરેક વિસ્તારમાં વસ્તીનું વિતરણ સરખું જ હોય છે."

પાઠ્યપુસ્તકના આધારે યોગ્ય તારણ કયું છે?

A. માત્ર રીનાનું વિધાન સાચું છે.

B. માત્ર મીનાનું વિધાન સાચું છે.

C. બંને વિધાનો સાચાં છે.

D. બંને વિધાનો ખોટાં છે.

પ્રશ્ન – 164 વિશ્વની વસ્તીના વિતરણ અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. વિશ્વના વિવિધ વિસ્તારોમાં વસ્તીનું વિતરણ અસમાન છે.

B. કેટલાક વિસ્તારોમાં વસ્તી ખૂબ ગીચ છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં વસ્તી ખૂબ ઓછી છે.

C. વિશ્વના દરેક ખંડમાં વસ્તીનું પ્રમાણ લગભગ સમાન છે.

D. કુદરતી અને માનવસર્જિત પરિબળો વસ્તીના વિતરણને અસર કરે છે.

પ્રશ્ન – 165 વાતાવરણના સ્તરો અંગે નીચેના વિધાનો વાંચો.

P. ક્ષોભઆવરણમાં વાદળ, વરસાદ અને પવનો જેવી હવામાનની ઘટનાઓ જોવા મળે છે.

Q. સમતાપ આવરણમાં ઓઝોન સ્તર આવેલું છે, જે સૂર્યના પારજાંબલી (Ultra Violet) કિરણોનું શોષણ કરે છે.

R. મધ્યાવરણમાં ઊંચાઈ વધતાં તાપમાન વધતું જાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q

B. માત્ર P અને R

C. માત્ર Q અને R

D. P, Q અને R

પ્રશ્ન – 166 હવામાન અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. હવામાન એટલે ટૂંકા સમયગાળાની વાતાવરણની પરિસ્થિતિ.

B. હવામાનમાં તાપમાન, પવન, વરસાદ અને ભેજ જેવા તત્ત્વોનો સમાવેશ થાય છે.

C. કોઈ સ્થળનું હવામાન વર્ષો સુધી એકસરખું જ રહે છે અને તેમાં ફેરફાર થતો નથી.

D. સવારે, બપોરે અને સાંજે હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે.

પ્રશ્ન – 167 પવનોના પ્રકારો અંગે નીચેના વિધાનો વાંચો.

P. કાયમીપવનો વર્ષભર એક જ દિશામાં નિયમિત રીતે ફૂંકાય છે.

Q. મોસમી પવનો ઋતુ પ્રમાણે પોતાની દિશામાં ફેરફાર કરે છે.

R. સ્થાનિક પવનો વર્ષભર એકસરખી દિશામાં ફૂંકાતા હોવાથી તેમને કાયમીપવનો કહે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q

B. માત્ર P અને R

C. માત્ર Q અને R

D. P, Q અને R

પ્રશ્ન – 168 એક ખેડૂતને જાણવું છે કે પવન કઈ દિશામાંથી ફૂંકાઈ રહ્યો છે, જેથી તે ખેતીનું આયોજન કરી શકે. તેને કયા સાધનનો ઉપયોગ કરવો જોઈએ?

A. પવન વેગમાપક

B. પવન દિશાદર્શક

C. વરસાદમાપક

D. તાપમાપક

પ્રશ્ન – 169 જળચક્રની પ્રક્રિયાના નીચેના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

P. જળબાષ્પનું ઘનીભવન થઈ વાદળો બને છે.

Q. સમુદ્ર, સરોવર અને નદીઓમાંથી પાણીનું બાષ્પીભવન થાય છે.

R. વરસાદ દ્વારા પાણી ફરી પૃથ્વીની સપાટી પર આવે છે.

S. વરસાદનું પાણી નદીઓ અને સમુદ્રમાં ફરી ભેગું થાય છે.

A. Q → P → R → S

B. P → Q → S → R

C. Q → R → P → S

D. R → P → Q → S

પ્રશ્ન – 170 કુદરતી વનસ્પતિના પ્રકારો અંગે નીચેના વિધાનો વાંચો.

P. ઉષ્ણકટિબંધીય બારમાસ લીલાં જંગલોમાં વર્ષભર વરસાદ પડતો હોવાથી વૃક્ષો સદાહરિત રહે છે.

Q. શંકુદ્રુમનાં જંગલોમાં ચીડ, દેવદાર અને ફર જેવા વૃક્ષો જોવા મળે છે.

R. કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાં વધુ વરસાદવાળા પ્રદેશોમાં જોવા મળે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. માત્ર P અને Q

B. માત્ર P અને R

C. માત્ર Q અને R

D. P, Q અને R

પ્રશ્ન –171 ઘાસનાં મેદાનો અંગે નીચેના વિધાનોમાંથી અયોગ્ય વિધાન કયું છે?

A. ઉષ્ણકટિબંધીય ઘાસનાં મેદાનોમાં ઊંચાં ઘાસ જોવા મળે છે.

B. સમશીતોષ્ણ ઘાસનાં મેદાનોમાં ઘાસની સાથે થોડાં વૃક્ષો પણ જોવા મળે છે.

C. ઘાસનાં મેદાનોમાં કોઈ પણ પ્રકારનાં પ્રાણીઓ જોવા મળતાં નથી.

D. આબોહવાની અસરથી ઘાસનાં મેદાનોના પ્રકારોમાં ભિન્નતા જોવા મળે છે.

પ્રશ્ન – 172 એક પ્રદેશમાં આબોહવા ગરમ અને શુષ્ક છે. ત્યાં બાવળ, બોરડી, થોર, ખીજડો જેવી વનસ્પતિ જોવા મળે છે. પાઠ્યપુસ્તકના આધારે આ પ્રદેશમાં કયા પ્રકારની કુદરતી વનસ્પતિ જોવા મળે છે?

A. ઉષ્ણકટિબંધીય બારમાસ લીલાં જંગલો

B. સમશીતોષ્ણ પાનખર જંગલો

C. કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાં

D. શંકુદ્રુમનાં જંગલો

*પાઠ 12 : વાતાવરણની સજીવો પર અસર*

| | | | |
|---|---|---|---|
| 163 | A. માત્ર રીનાનું વિધાન સાચું છે. | 168 | B. પવન દિશાદર્શક |
| 164 | C. વિશ્વના દરેક ખંડમાં વસ્તીનું પ્રમાણ લગભગ સમાન છે. | 169 | A. Q → P → R → S |
| 165 | A. માત્ર P અને Q | 170 | A. માત્ર P અને Q |
| 166 | C. કોઈ સ્થળનું હવામાન વર્ષો સુધી એકસરખું જ રહે છે અને તેમાં ફેરફાર થતો નથી. | 171 | C. ઘાસનાં મેદાનોમાં કોઈ પણ પ્રકારનાં પ્રાણીઓ જોવા મળતાં નથી. |
| 167 | A. માત્ર P અને Q | 172 | C. કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાં |

*પાઠ 13 : આપત્તિ વ્યવસ્થાપન*

પ્રશ્ન 173 ભૂકંપનો આંચકો અનુભવાતાં શાળાના વર્ગખંડમાં રહેલા વિદ્યાર્થીઓ માટે સૌથી યોગ્ય પગલું કયું ગણાય?

A. લિફ્ટનો ઉપયોગ કરીને નીચે જવું

B. બેન્ચ નીચે બેસીને માથાનું રક્ષણ કરવું. ✅

C. દોડીને સીડી પરથી નીચે ઉતરવું

D. બારીમાંથી બહાર કૂદી જવું

પ્રશ્ન 174 વાવાઝોડાની આગાહી થયા પછી નીચેમાંથી કઈ તૈયારી સૌથી વધુ યોગ્ય ગણાય?

A. ચેતવણીને અવગણવી

B. છેલ્લી ઘડીએ તૈયારી શરૂ કરવી

C. જરૂરી દસ્તાવેજો અને આવશ્યક સામાન સુરક્ષિત રાખવો.

D. દરિયાકિનારે પરિસ્થિતિ જોવા જવું

પ્રશ્ન 175 આપત્તિના સમયે સોશિયલ મીડિયા પર મળેલી માહિતી વિશે યોગ્ય નિર્ણય કયો છે?

A. અધિકૃત સ્ત્રોતથી ખાતરી કર્યા પછી જ વિશ્વાસ કરવો.

B. તરત જ બધાને મોકલી દેવી

C. દરેક માહિતી સાચી માની લેવી

D. કોઈપણ માહિતી વાંચ્યા વગર કાઢી નાખવી

પ્રશ્ન 176 વાવાઝોડાની ચેતવણી મળ્યા પછી નીચેમાંથી કયું પગલું સૌથી વધુ યોગ્ય ગણાય?

A. દરિયાકિનારે જઈ પરિસ્થિતિ જોવી.

B. ચેતવણી સાચી છે કે નહીં તેની રાહ જોવી.

C. ઘરની બહાર ઊભા રહી પવનની દિશા જોવી.

D. જરૂરી દસ્તાવેજો અને આવશ્યક વસ્તુઓ સુરક્ષિત રાખીને તંત્રની સૂચનાઓનું પાલન કરવું.

પ્રશ્ન 177 સુનામી પછી તંત્ર દ્વારા હજુ સુધી સુરક્ષિત હોવાની જાહેરાત કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં શું કરવું યોગ્ય ગણાય?

A. આસપાસના લોકો જાય એટલે તેમની સાથે જવું.

B. અધિકૃત સૂચના મળે ત્યાં સુધી સુરક્ષિત સ્થળે જ રહેવું.

C. તરત જ પોતાના ઘરની તપાસ કરવા જવું.

D. દરિયાકિનારે જઈ નુકસાન જોવું.

પ્રશ્ન 178 ગુજરાતના સંભવિત પૂર વિસ્તારનો નકશો મુખ્યત્વે કયા હેતુ માટે ઉપયોગી બને છે?

A. ખેતીલાયક જમીનની માહિતી આપવા.

B. નદીઓનો પ્રવાહ દર્શાવવા.

C. પૂરની સંભાવના ધરાવતા વિસ્તારોની ઓળખ કરીને આગોતરી આયોજન કરવામાં મદદ કરવા.

D. જિલ્લાઓની સરહદો સમજાવવા.

પ્રશ્ન 179 નીચેના પૈકી કઈ પરિસ્થિતિમાં 'દુષ્કાળ' જાહેર કરવાની શક્યતા વધુ હોય છે?

A. દરિયામાં ભરતી આવે.

B. લાંબા સમય સુધી વરસાદ ન પડે.

C. સતત ભારે વરસાદ પડે.

D. નદીમાં પાણી વધે.

પ્રશ્ન 180 એક વિદ્યાર્થી જીબ્રા ક્રોસિંગ છોડીને રસ્તાની વચ્ચેથી દોડીને રસ્તો ઓળંગે છે. તેણે કયા નિયમનું ઉલ્લંઘન કર્યું?

A. ભૂકંપ સલામતીના નિયમનું

B. પૂર સલામતીના નિયમનું

C. સુનામી સલામતીના નિયમનું

D. માર્ગ સલામતીના નિયમનું

પ્રશ્ન 181 નીચેના પૈકી કયું જોડકું સાચું છે?

A. વાવાઝોડું – દરિયાકાંઠાનો વિસ્તાર. B. સુનામી – રણપ્રદેશ

C. દુષ્કાળ – હિમાલય વિસ્તાર D. ભૂકંપ – માત્ર સમુદ્રમાં

પ્રશ્ન 182 આપત્તિ દરમિયાન મોબાઈલ નેટવર્ક બંધ થઈ જાય તો સૌથી વિશ્વસનીય માહિતી કોની સમજવી?

A. અફવાઓ

B. અધિકૃત તંત્રની સૂચનાઓ.

C. સોશિયલ મીડિયા

D. અજાણ્યા લોકોની સલાહ

*પાઠ 13. આપત્તિ વ્યવસ્થાપન*

| | | | |
|---|---|---|---|
| 173 | B. બેન્ચ નીચે બેસીને માથાનું રક્ષણ કરવું. | 178 | C. પૂરની સંભાવના ધરાવતા વિસ્તારોની ઓળખ કરીને આગોતરુ આયોજન કરવામાં મદદ કરવી. |
| 174 | C. જરૂરી દસ્તાવેજો અને આવશ્યક સામાન સુરક્ષિત રાખવો. | 179 | B. લાંબા સમય સુધી વરસાદ ન પડે. |
| 175 | A. અધિકૃત સ્ત્રોતથી ખાતરી કર્યા પછી જ વિશ્વાસ કરવો. | 180 | D. માર્ગ સલામતીના નિયમનું |
| 176 | D. જરૂરી દસ્તાવેજો અને આવશ્યક વસ્તુઓ સુરક્ષિત રાખીને તંત્રની સૂચનાઓનું પાલન કરવું. | 181 | A. વાવાઝોડું – દરિયાકાંઠાનો વિસ્તાર. |
| 177 | B. અધિકૃત સૂચના મળે ત્યાં સુધી સુરક્ષિત સ્થળે જ રહેવું. | 182 | B. અધિકૃત તંત્રની સૂચનાઓ. |

**પાઠ 14. સંસાધનોનું જતન અને સંરક્ષણ**

પ્રશ્ન 183 એક ગામમાં દર વર્ષે પાણીની અછત રહે છે. ગ્રામસભા પાસે માત્ર એક જ યોજના માટે બજેટ છે. સૌથી વધુ લાંબા ગાળાનો લાભ કઈ યોજનાથી મળશે?

A) નવા બોરવેલ ખોદવા

B) વરસાદી પાણીનો સંગ્રહ કરવો

C) રોજ પાણીના ટેન્કર મંગાવવા

D) દરેક ઘરમાં મોટી ટાંકી બનાવવી

પ્રશ્ન 184 બે વિદ્યાર્થીઓમાં ચર્ચા થાય છે.

વિદ્યાર્થી P: "જેટલા વધુ કુદરતી સંસાધનો વાપરીએ એટલો વિકાસ થાય."

વિદ્યાર્થી Q: "વિકાસ સાથે સંસાધનોનું જતન પણ જરૂરી છે."

કોનું મંતવ્ય વધુ યોગ્ય છે?

A) માત્ર વિદ્યાર્થી P

B) માત્ર વિદ્યાર્થી Q

C) બંને

D) કોઈ નહીં

પ્રશ્ન 185 જો કોઈ વિસ્તારમાં મોટા પ્રમાણમાં વૃક્ષો કાપી નાખવામાં આવે, તો નીચેમાંથી કઈ અસર સૌથી પહેલાં જોવા મળે?

A) જમીનનું ધોવાણ વધે

B) ખનિજો વધે

C) નદીઓ ઊંડી બને

D) દરિયાનું પાણી મીઠું ઓછું થાય

પ્રશ્ન 186 એક ખેડૂત રાસાયણિક ખાતરનો અતિરેક ઉપયોગ કરે છે. તેના નિર્ણયનું લાંબા ગાળે શું પરિણામ આવી શકે?

A) જમીનની ગુણવત્તા જળવાઈ રહે

B) જમીનની ફળદ્રુપતા ઘટે

C) વરસાદ વધે

D) જંગલો વધે

પ્રશ્ન 187 નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ 'Reduce (ઓછો ઉપયોગ)' ના સિદ્ધાંતને દર્શાવે છે?

A) જૂના કપડાં દાનમાં આપવાં

B) બંને બાજુ કાગળ પર લખવું

C) પ્લાસ્ટિકની થેલી દર વખતે નવી લેવી

D) કાચની બોટલ ફેંકી દેવી

પ્રશ્ન 188 શાળામાં 'પર્યાવરણ સપ્તાહ' ઉજવવાનું નક્કી થયું. નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ સંસાધનોના સંરક્ષણ સાથે સૌથી વધુ સંબંધિત છે?

A) વધુ કાગળના પોસ્ટર બનાવવાં

B) વૃક્ષારોપણ અને પાણી બચાવ અભિયાન ચલાવવું

C) આખો દિવસ લાઈટ ચાલુ રાખવી

D) પ્લાસ્ટિકની સજાવટ કરવી

પ્રશ્ન 189 જો દરેક પરિવાર વીજળીનો બિનજરૂરી વપરાશ ઘટાડે તો તેનો સૌથી મોટો લાભ કોને મળશે?

A) માત્ર તે પરિવારને

B) માત્ર સરકારને

C) સમગ્ર સમાજ અને પર્યાવરણને

D) માત્ર વીજ કંપનીને

પ્રશ્ન 190 નીચેના ચાર નિર્ણયોમાંથી સૌથી જવાબદાર નિર્ણય કયો ગણાય?

A) જંગલમાંથી જરૂર કરતાં વધુ લાકડું કાપવું

B) પાણીનો બગાડ કરવો

C) જરૂરિયાત મુજબ જ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવો

D) પ્લાસ્ટિકનો વધુ ઉપયોગ કરવો

પ્રશ્ન 191 કોઈ વિસ્તારમાં વરસાદ ઓછો પડવા છતાં ત્યાં પાણીની અછત નથી. તેનું સૌથી યોગ્ય કારણ શું હોઈ શકે?

A) પાણીનો બગાડ થાય છે

B) વરસાદી પાણીનું યોગ્ય સંચાલન થાય છે

C) લોકો વધુ પાણી વાપરે છે

D) ત્યાં ખેતી થતી નથી

**પ્રશ્ન 192 જો તમે ગામના સરપંચ હો અને સંસાધનોના જતન માટે એક જ નિર્ણય લઈ શકો, તો કયો નિર્ણય સૌથી વધુ અસરકારક રહેશે?**

**A) દરેક ઘરમાં પાણીના વપરાશની કોઈ મર્યાદા ન રાખવી**

**B) વરસાદી પાણીનો સંગ્રહ, વૃક્ષારોપણ અને કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે સામૂહિક અભિયાન શરૂ કરવું**

**C) નવા રસ્તા બનાવવા માટે વૃક્ષો કાપવાની મંજૂરી આપવી**

**D) વધુ ભૂગર્ભ જળનો ઉપયોગ કરવા લોકોને પ્રોત્સાહન આપવું.**

### *પાઠ 14 : સંસાધનોનું જતન અને સંરક્ષણ*

| | | | |
|---|---|---|---|
| 183 | B. વરસાદી પાણીનો સંગ્રહ કરવો | 188 | B. વૃક્ષારોપણ અને પાણી બચાવ અભિયાન ચલાવવું |
| 184 | B. માત્ર વિદ્યાર્થી Q | 189 | C. સમગ્ર સમાજ અને પર્યાવરણને |
| 185 | A. જમીનનું ધોવાણ વધે | 190 | C. જરૂરિયાત મુજબ જ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવો |
| 186 | B. જમીનની ફળદ્રુપતા ઘટે | 191 | B. વરસાદી પાણીનું યોગ્ય સંચાલન થાય છે |
| 187 | B. બંને બાજુ કાગળ પર લખવું | 192 | B. વરસાદી પાણીનો સંગ્રહ, વૃક્ષારોપણ અને કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે સામૂહિક અભિયાન શરૂ કરવું |

### *પાઠ 15 : લોકશાહીમાં સમાનતા*

પ્રશ્ન 193 શાળામાં વિજ્ઞાન પ્રદર્શન માટે માત્ર છોકરાઓને જ ભાગ લેવાની તક આપવામાં આવે છે. લોકશાહીના કયા સિદ્ધાંતનું ઉલ્લંઘન થાય છે?

A) ભાઈચારો B) સ્વતંત્રતા

C) સમાનતા D) ન્યાય

પ્રશ્ન 194 એક ગામમાં જાહેર પાણીના નળનો ઉપયોગ દરેક વ્યક્તિ કોઈપણ ભેદભાવ વગર કરી શકે છે. આ કયા મૂલ્યનું શ્રેષ્ઠ ઉદાહરણ છે?

A) સમાનતા B) અસમાનતા

C) વિશેષાધિકાર D) સ્પર્ધા

પ્રશ્ન 195 બે વિદ્યાર્થીઓમાંથી એક આર્થિક રીતે નબળો છે. શાળા તેને શિષ્યવૃત્તિ આપે છે જેથી તે અભ્યાસ ચાલુ રાખી શકે. આ નિર્ણય મુખ્યત્વે શું દર્શાવે છે?

A) ભેદભાવ B) પક્ષપાત

C) વિશેષ સત્તા D) સામાજિક ન્યાય અને સમાન તક

પ્રશ્ન 196 નીચેના પૈકી કઈ પરિસ્થિતિ લોકશાહી સમાજને સૌથી વધુ મજબૂત બનાવે છે?

A) એક જ વર્ગના લોકોને સરકારી લાભ મળવો

B) દરેક વ્યક્તિને સમાન અધિકાર અને તક મળવી

C) અમુક લોકોને જ નિર્ણય લેવાની છૂટ હોવી

D) માત્ર ધનિક લોકો મત આપી શકે

પ્રશ્ન 197 એક સરકારી કચેરીમાં દરેક નાગરિક સાથે સમાન વર્તન કરવામાં આવે છે. આથી શું સ્પષ્ટ થાય છે?

A) અધિકારો જન્મથી નક્કી થાય છે.

B) સરકારી સેવાઓ માત્ર અમુક લોકો માટે છે.

C) કાયદા સમક્ષ સૌ સમાન છે.

D) ધનિકોને વધુ અધિકાર છે.

પ્રશ્ન 198 જો સમાજમાં સમાનતાનો અભાવ હોય તો સૌથી પહેલાં કઈ સમસ્યા ઊભી થઈ શકે?

A) લોકોમાં ભેદભાવ અને અન્યાય વધે.

B) શિક્ષણનું સ્તર વધે.

C) વિકાસ ઝડપી બને.

D) સૌને સમાન તક મળે.

પ્રશ્ન 199 નીચેના પૈકી કઈ ઘટના સમાનતાના સિદ્ધાંતને સૌથી વધુ અનુરૂપ છે?

A) રમતગમતમાં માત્ર શહેરના વિદ્યાર્થીઓને પસંદ કરવા.

B) સરકારી નોકરીમાં માત્ર એક જ જાતિના લોકોને તક આપવી.

C) શાળામાં પ્રવેશ માટે બધા વિદ્યાર્થીઓ માટે સમાન નિયમો રાખવા.

D) છોકરીઓને સ્પર્ધામાં ભાગ ન લેવા દેવો.

પ્રશ્ન 200 બંધારણે દરેક નાગરિકને સમાન અધિકારો શા માટે આપ્યા છે?

A) લોકો વચ્ચે સ્પર્ધા વધે તે માટે.

B) માત્ર શિક્ષિત લોકોને લાભ મળે તે માટે.

C) દરેક વ્યક્તિ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે.

D) માત્ર સરકારને સત્તા મળે તે માટે.

પ્રશ્ન 201 તમારા વર્ગમાં નવા આવેલા વિદ્યાર્થી સાથે કેટલાક વિદ્યાર્થીઓ ભેદભાવ કરે છે. તમે શું કરશો?

A) નવા વિદ્યાર્થીને એકલો છોડી દઈશ.

B) શિક્ષકને જાણ કરીને સૌ સાથે સમાન વર્તન કરવા પ્રોત્સાહિત કરીશ.

C) તેમની સાથે જોડાઈ જઈશ.

D) મૌન રહીશ.

પ્રશ્ન 202 તમે શાળાના મુખ્ય વિદ્યાર્થી (School Captain) તરીકે પસંદ થયા છો. રમતોત્સવમાં ટીમ પસંદ કરવાની જવાબદારી તમારી છે. લોકશાહીમાં સમાનતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને સૌથી યોગ્ય નિર્ણય કયો હશે?

A) માત્ર મોટા વર્ગના વિદ્યાર્થીઓને પસંદ કરવા.

B) છોકરાઓને જ પ્રાથમિકતા આપવી.

C) મારા મિત્રોની જ પસંદગી કરવી.

D) જે વિદ્યાર્થીઓ સારી તૈયારી અને યોગ્યતા ધરાવે છે તેમને કોઈપણ ભેદભાવ વગર તક આપવી.

પાઠ 15 લોકશાહીમાં સમાનતા

| | | | |
|---|---|---|---|
| 193 | C. સમાનતા | 198 | A. લોકોમાં ભેદભાવ અને અન્યાય વધે. |
| 194 | A. સમાનતા | 199 | C. શાળામાં પ્રવેશ માટે બધા વિદ્યાર્થીઓ માટે સમાન નિયમો રાખવા. |
| 195 | D. સામાજિક ન્યાય અને સમાન તક | 200 | C. દરેક વ્યક્તિ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે. |
| 196 | B. દરેક વ્યક્તિને સમાન અધિકાર અને તક મળવી | 201 | B. શિક્ષકને જાણ કરીને સૌ સાથે સમાન વર્તન કરવા પ્રોત્સાહિત કરીશ. |
| 197 | C. કાયદા સમક્ષ સૌ સમાન છે. | 202 | D. જે વિદ્યાર્થીઓ સારી તૈયારી અને યોગ્યતા ધરાવે છે તેમને કોઈપણ ભેદભાવ વગર તક આપવી. |

## પાઠ 16 : રાજ્ય સરકાર

પ્રશ્ન 203 તમારા જિલ્લામાં નવી સરકારી હોસ્પિટલ બનાવવાની માંગ લોકો લાંબા સમયથી કરી રહ્યા છે. આ માંગને રાજ્ય સરકાર સુધી અસરકારક રીતે પહોંચાડવાનું મુખ્ય કાર્ય કોણ કરે છે?

A. ધારાસભ્ય (MLA)

B. સરપંચ

C. ગ્રામ સેવક

D. તાલુકા વિકાસ અધિકારી

પ્રશ્ન 204 રાજ્યમાં શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત બનાવવા માટે નવી યોજના બનાવવામાં આવે છે. આ યોજનાના અમલની મુખ્ય જવાબદારી કોની હોય છે?

A. ન્યાયતંત્ર

B. ચૂંટણી પંચ

C. કારોબારી તંત્ર

D. વિધાનસભાના મતદારો

પ્રશ્ન 205 જો રાજ્ય સરકાર કોઈ નવો કાયદો બનાવે, તો તે કાયદો સૌ માટે સમાન રીતે લાગુ પડે છે. આમાંથી કયો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે?

A. ભેદભાવ

B. વ્યક્તિગત સ્વતંત્રતા

C. વિશેષાધિકાર

D. સમાનતા અને કાયદાનું શાસન

પ્રશ્ન 206 એક વિદ્યાર્થી કહે છે, "રાજ્ય સરકારના દરેક વિભાગનું કામ અલગ-અલગ હોય છે." તેના નિવેદનનું શ્રેષ્ઠ કારણ કયું છે?

A. કામમાં જવાબદારી અને કાર્યક્ષમતા જળવાય.

B. ચૂંટણી સરળ બને.

C. માત્ર કાયદા બનાવવા માટે.

D. એક જ વિભાગ બધું કામ કરી શકે નહીં.

પ્રશ્ન 207 જો રાજ્ય સરકાર શિક્ષણ, આરોગ્ય અને રસ્તાઓ પર વધુ ખર્ચ કરે, તો તેનો સૌથી મોટો લાભ કોને મળશે?

A. માત્ર સરકારી કર્મચારીઓને

B. સમગ્ર રાજ્યના નાગરિકોને

C. માત્ર શહેરના લોકોને

D. માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓને

પ્રશ્ન 208 રાજ્યની વિધાનસભામાં ચર્ચા અને વિચારણા કર્યા પછી જ કાયદા બનાવવામાં આવે છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ શું છે?

A. ઉતાવળમાં નિર્ણય લેવો

B. સમય પસાર કરવો

C. ચૂંટણી ટાળવી

D. વિવિધ મંતવ્યોને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેવો

પ્રશ્ન 209 કોઈ સરકારી અધિકારી પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે. નાગરિકને ન્યાય મેળવવા માટે કયા અંગનો આશરો લેવો જોઈએ?

A. કારોબારી B. ન્યાયતંત્ર

C. ધારાસભા D. પોલીસ સ્ટેશન

પ્રશ્ન 210 ચૂંટણી દરમિયાન મતદાન કરવું દરેક નાગરિકની મહત્વપૂર્ણ જવાબદારી કેમ છે?

A. સરકારના કર્મચારીઓ પસંદ કરવા માટે

B. ન્યાયાધીશોની પસંદગી કરવા માટે

C. સરકારી યોજનાઓ બનાવવા માટે

D. પોતાના પ્રતિનિધિને પસંદ કરીને લોકશાહીને મજબૂત બનાવવા માટે

પ્રશ્ન 211 કોઈ વિસ્તારના લોકો પાણીની સમસ્યાથી પરેશાન છે. રાજ્ય સરકાર સૌથી અસરકારક ઉકેલ કયો અપનાવે?

A. માત્ર જાહેરાત કરવી

B. સમસ્યાની અવગણના કરવી

C. જળસંગ્રહ ની નવીનતમ યોજનાઓ અમલમાં મૂકવી

D. માત્ર ફરિયાદ નોંધવી

પ્રશ્ન 212 તમે રાજ્યના મુખ્યમંત્રી હોય, રાજ્યના સર્વાંગી વિકાસ માટે નીચેના પૈકી કયો નિર્ણય સૌથી વધુ જવાબદાર ગણાય?

A. માત્ર મોટા શહેરોના વિકાસ પર ધ્યાન આપવું.

B. માત્ર નવા સરકારી ભવનો બનાવવાં.

C. માત્ર એક જ વિભાગને વધુ બજેટ આપવું.

D. શિક્ષણ, આરોગ્ય, ખેતી અને માળખાકીય સુવિધાઓનો સંતુલિત વિકાસ કરવો.

પાઠ 16 રાજ્ય સરકાર

| | | | |
|---|---|---|---|
| 203 | A. ધારાસભ્ય (MLA) | 208 | D. વિવિધ મંતવ્યોને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેવો |
| 204 | C. કારોબારી તંત્ર | 209 | B. ન્યાયતંત્ર |
| 205 | D. સમાનતા અને કાયદાનું શાસન | 210 | D. પોતાના પ્રતિનિધિને પસંદ કરીને લોકશાહીને મજબૂત બનાવવા માટે |
| 206 | A. કામમાં જવાબદારી અને કાર્યક્ષમતા જળવાય. | 211 | C. જળસંગ્રહ ની નવીનતમ યોજનાઓ અમલમાં મૂકવી |
| 207 | B. સમગ્ર રાજ્યના નાગરિકોને | 212 | D. શિક્ષણ, આરોગ્ય, ખેતી અને માળખાકીય સુવિધાઓનો સંતુલિત વિકાસ કરવો. |

## પાઠ 17 : જાતિગત ભિન્નતા

પ્રશ્ન 213 વિવિધ જાતિ, ભાષા અને સંસ્કૃતિ ધરાવતા લોકો એકબીજાના તહેવારોમાં ભાગ લે છે. આ ઘટના શું દર્શાવે છે?

A. સાંસ્કૃતિક સહઅસ્તિત્વ B. અસમાનતા

C. ભેદભાવ D. સ્પર્ધા

પ્રશ્ન 214 નીચેના પૈકી કયું જોડકું યોગ્ય નથી?

A. ભાષા – સંવાદનું માધ્યમ

B. સંસ્કૃતિ – રહેણીકરણી, પરંપરા અને જીવનશૈલી

C. જાતિગત ભિન્નતા – સૌની ભાષા અને રહેણીકરણી એકસરખી હોવી

D. પરંપરા – પેઢી દર પેઢી ચાલતા રિવાજો

પ્રશ્ન 215 કોઈ શાળામાં નવા રાજ્યમાંથી આવેલ વિદ્યાર્થીની ભાષા અલગ હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ તેની મજાક ઉડાવે છે. આ પરિસ્થિતિમાં સૌથી યોગ્ય વર્તન કયું ગણાય?

A. તેની ભાષા અને સંસ્કૃતિનો આદર કરીને મિત્રતા કરવી B. તેની સાથે વાત ન કરવી.

C. તેને એકલો છોડી દેવો. D. અન્ય વિદ્યાર્થીઓને પણ તેની મજાક કરવા પ્રોત્સાહિત કરવા.

પ્રશ્ન 216 નીચેના વિદ્યાર્થીઓમાંથી જાતિગત ભિન્નતાનો સાચો અર્થ કોણ સમજે છે?

A. "બધી ભાષા અને સંસ્કૃતિ એકસરખી હોય ત્યારે જ સમાજમાં એકતા રહે."

B. "પોતાની ભાષા અને સંસ્કૃતિને જ મહત્ત્વ આપવું."

C. "જુદી-જુદી ભાષા, વેશભૂષા, પરંપરા અને જીવનશૈલી હોવા છતાં પરસ્પર આદર અને સહકારથી રહેવું એ જ વિવિધતાની સુંદરતા છે."

D. "અલગ સંસ્કૃતિના લોકો સાથે સંબંધ રાખવાથી સમાજમાં એકતા ઓછી થાય."

પ્રશ્ન 217 નીચેના પૈકી કઈ બાબત જાતિગત ભિન્નતાને મજબૂત બનાવવાને બદલે નબળી પાડે છે?

A. એકબીજાના રિવાજોનો આદર કરવો.

B. વિવિધ ભાષાઓ શીખવાનો પ્રયત્ન કરવો.

C. પરસ્પર સહકાર આપવો.

D. ભેદભાવ રાખવો.

પ્રશ્ન 218 વિધાન (A): ભારતને "વિવિધતામાં એકતા" ધરાવતો દેશ કહેવાય છે.
કારણ (R): ભારતમાં વિવિધ ભાષા, ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાના લોકો પરસ્પર આદર અને સહકાર સાથે રહે છે.
નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

A. વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે અને કારણ (R), વિધાન (A)નું યોગ્ય કારણ છે.

B. વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, પરંતુ કારણ (R), વિધાન (A)નું યોગ્ય કારણ નથી.

C. વિધાન (A) સાચું છે, પરંતુ કારણ (R) ખોટું છે.

D. વિધાન (A) ખોટું છે, પરંતુ કારણ (R) સાચું છે.

પ્રશ્ન 219 એક ગામમાં જુદી-જુદી જાતિના લોકો સાથે મળીને પાણી બચાવો અભિયાન ચલાવે છે. આ ઘટનાથી શું સ્પષ્ટ થાય છે?

A. ભિન્નતા વિકાસમાં અવરોધ બને છે.

B. માત્ર એક જ સમુદાય કામ કરી શકે.

C. વિવિધતા હોવા છતાં સહકાર શક્ય છે.

D. ભિન્નતા માત્ર વિવાદ ઊભા કરે છે.

પ્રશ્ન 220 જો કોઈ વ્યક્તિ બીજી ભાષા બોલતા લોકોને નીચા ગણે, તો તેની સૌથી મોટી અસર શું થઈ શકે?

A. પરસ્પર વિશ્વાસ વધે.

B. સાંસ્કૃતિક વિકાસ થાય.

C. રાષ્ટ્રીય એકતા મજબૂત બને.

D. સમાજમાં ભેદભાવ અને અણબનાવ વધે.

પ્રશ્ન 221 તમારા વર્ગમાં "ભારતની વિવિધ સંસ્કૃતિઓ" વિષય પર કાર્યક્રમ યોજવાનો છે. સૌથી યોગ્ય આયોજન કયું રહેશે?

A. જુદા-જુદા રાજ્યોની ભાષા, વેશભૂષા, ભોજન અને લોકકલાનું પ્રદર્શન કરવું.

B. માત્ર એક જ રાજ્યની સંસ્કૃતિ રજૂ કરવી.

C. માત્ર એક જ ભાષામાં કાર્યક્રમ રાખવો.

D. માત્ર શિક્ષકોને જ ભાગ લેવા દેવો.

પ્રશ્ન 222 નીચેના પૈકી જાતિગત ભિન્નતાને રાષ્ટ્રીય શક્તિમાં ફેરવવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે?

A. દરેક વ્યક્તિએ પોતાની સંસ્કૃતિ જ શ્રેષ્ઠ માનવી.

B. અન્ય સમુદાયોથી દૂર રહેવું.

C. વિવિધતાનો આદર કરીને સૌ સાથે સમાનતા અને સહકારથી જીવવું.

D. માત્ર પોતાની ભાષાનો જ ઉપયોગ કરવો.

પાઠ 17 : જાતિગત ભિન્નતા

| | | | |
|---|---|---|---|
| 213 | A. સાંસ્કૃતિક સહઅસ્તિત્વ | 218 | A. વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે અને કારણ (R), વિધાન (A)નું યોગ્ય કારણ છે. |
| 214 | C. જાતિગત ભિન્નતા – સૌની ભાષા અને રહેણીકરણી એકસરખી હોવી | 219 | C. વિવિધતા હોવા છતાં સહકાર શક્ય છે. |
| 215 | A. તેની ભાષા અને સંસ્કૃતિનો આદર કરીને મિત્રતા કરવી | 220 | D. સમાજમાં ભેદભાવ અને અણબનાવ વધે. |
| 216 | C. "જુદી-જુદી ભાષા, વેશભૂષા, પરંપરા અને જીવનશૈલી હોવા છતાં પરસ્પર આદર અને સહકારથી રહેવું એ જ વિવિધતાની સુંદરતા છે." | 212 | A. જુદા-જુદા રાજ્યોની ભાષા, વેશભૂષા, ભોજન અને લોકકલાનું પ્રદર્શન કરવું. |
| 217 | D. ભેદભાવ રાખવો. | 222 | C. વિવિધતાનો આદર કરીને સૌ સાથે સમાનતા અને સહકારથી જીવવું. |

## પાઠ 18 : સંચાર-માધ્યમ અને જાહેરાત

પ્રશ્ન 223 કોઈ ગામમાં ભારે વરસાદને કારણે પૂર આવ્યું છે. લોકોને ઝડપથી સલામત સ્થળે પહોંચાડવા માટે કયું સંચાર-માધ્યમ સૌથી વધુ અસરકારક રહેશે?

A. રેડિયો B. ટેલિવિઝન

C. મોબાઈલ ફોન D. પુસ્તક

પ્રશ્ન 224 નીચેના પૈકી યોગ્ય જોડકુ કયુ છે?

A. રેડિયો – માત્ર દૃશ્ય માધ્યમ B. ટેલિવિઝન – દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમ

C. પુસ્તક – શ્રાવ્ય માધ્યમ D. વર્તમાનપત્ર – દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમ

પ્રશ્ન 225 એક વિદ્યાર્થીએ સોશિયલ મીડિયામાં આવેલી જાહેરાત જોઈને કોઈ વસ્તુ ખરીદી લીધી, પરંતુ વસ્તુ જાહેરાત મુજબ નીકળી નહીં. આવી સ્થિતિમાં સૌથી યોગ્ય નિર્ણય કયો ગણાય?

A. દરેક જાહેરાત પર તરત વિશ્વાસ કરવો.

B. જાહેરાતમાં દર્શાવેલી માહિતીની ચકાસણી કર્યા પછી જ ખરીદી કરવી.

C. માત્ર સસ્તી વસ્તુ જ ખરીદવી.

D. જાહેરાત જોઈને મિત્રોને પણ ખરીદવા કહેવું.

પ્રશ્ન 226 વિધાન (A): સંચાર-માધ્યમ લોકો સુધી માહિતી ઝડપથી પહોંચાડે છે.

કારણ (R): આધુનિક ટેકનોલોજીના કારણે માહિતીનું ઝડપી પ્રસારણ શક્ય બન્યું છે.

A. A અને R બંને સાચાં છે અને R, Aનું યોગ્ય કારણ છે.

B. A અને R બંને સાચાં છે, પરંતુ R, Aનું યોગ્ય કારણ નથી.

C. A સાચું છે, R ખોટું છે.

D. A ખોટું છે, R સાચું છે.

પ્રશ્ન 227 નીચેના પૈકી કયું કાર્ય જાહેરાતનો સકારાત્મક ઉપયોગ દર્શાવે છે?

A. ખોટી માહિતી ફેલાવવી.

B. આરોગ્ય અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવવી.

C. લોકોને ગેરમાર્ગે દોરવા.

D. અફવાઓ ફેલાવવી.

પ્રશ્ન 228 એક ખેડૂત હવામાનની આગાહી જાણીને વાવણી કરવાનો નિર્ણય લે છે. તે મુખ્યત્વે કયા સંચાર-માધ્યમનો લાભ લઈ રહ્યો છે?

A. હવામાન માહિતી આપતાં ઈલેક્ટ્રોનિક સંચાર-માધ્યમો B. પોસ્ટકાર્ડ

C. પુસ્તક D. પોસ્ટર

પ્રશ્ન 229 જો કોઈ જાહેરાતમાં અતિશયોક્તિ કરીને ગ્રાહકોને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવે, તો ગ્રાહકે શું કરવું જોઈએ?

A. તરત જ ખરીદી કરવી.

B. જાહેરાતની સાચી માહિતી અને ગુણવત્તાની ચકાસણી કરવી.

C. મિત્ર કહે એટલે ખરીદી કરવી.

D. માત્ર કિંમત જોઈને નિર્ણય લેવો.

પ્રશ્ન 230 બે મિત્રો વચ્ચે ચર્ચા થાય છે.

વિદ્યાર્થી A: "જાહેરાતમાં બતાવવામાં આવતી દરેક વાત સાચી હોય છે."

વિદ્યાર્થી B: "જાહેરાતમાં આપવામાં આવેલી માહિતીની ચકાસણી કર્યા પછી જ તેના પર વિશ્વાસ કરવો જોઈએ."

નીચેના પૈકી કયું નિવેદન યોગ્ય છે?

A. માત્ર વિદ્યાર્થી A સાચો છે.

B. માત્ર વિદ્યાર્થી B સાચો છે.

C. બંને વિદ્યાર્થીઓ સાચા છે.

D. બંને વિદ્યાર્થીઓ ખોટા છે.

પ્રશ્ન 231 શાળામાં "પ્લાસ્ટિકમુક્ત કેમ્પસ" અંગે વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી સંદેશો અસરકારક રીતે પહોંચાડવો હોય, તો સૌથી યોગ્ય રીત કઈ ગણાય?

A. માત્ર એક વિદ્યાર્થીને કહેવું. B. કોઈ માહિતી ન આપવી.

C. પોસ્ટર, જાહેરાત અને શાળાની ઘોષણા—ત્રણેયનો ઉપયોગ કરવો. D. માત્ર પુસ્તકમાં લખી દેવું.

પ્રશ્ન 232 શાળામાં 'જવાબદાર ગ્રાહક જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને જાહેરાતોની સાચી અસર સમજાવવાનો હેતુ છે. નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ આ હેતુને સૌથી વધુ સફળ બનાવશે?

A. માત્ર આકર્ષક જાહેરાતો બતાવીને વિદ્યાર્થીઓને વસ્તુ ખરીદવા પ્રોત્સાહિત કરવું.

B. માત્ર ટીવી પર આવતી જાહેરાતોની સંખ્યા ગણાવવી.

C. વિદ્યાર્થીઓને મનપસંદ બ્રાન્ડની યાદી તૈયાર કરાવવી.

D. વિવિધ જાહેરાતોનું વિશ્લેષણ કરાવી, તેમાં દર્શાવેલા દાવાની હકીકત તપાસવાની પ્રવૃત્તિ કરાવવી.

પાઠ 18 : સંચાર-માધ્યમ અને જાહેરાત

| | | | |
|---|---|---|---|
| 223 | C. મોબાઈલ ફોન | 228 | A. હવામાન માહિતી આપતાં ઈલેક્ટ્રોનિક સંચાર-માધ્યમો |
| 224 | B. ટેલિવિઝન – દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમ | 229 | B. જાહેરાતની સાચી માહિતી અને ગુણવત્તાની ચકાસણી કરવી. |
| 225 | B. જાહેરાતમાં દર્શાવેલી માહિતીની ચકાસણી કર્યા પછી જ ખરીદી કરવી. | 230 | B. માત્ર વિદ્યાર્થી B સાચો છે. |
| 226 | A. A અને R બંને સાચાં છે અને R, Aનું યોગ્ય કારણ છે. | 231 | C. પોસ્ટર, જાહેરાત અને શાળાની ઘોષણા—ત્રણેયનો ઉપયોગ કરવો. |
| 227 | B. આરોગ્ય અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ લાવવી. | 232 | D. વિવિધ જાહેરાતોનું વિશ્લેષણ કરાવી, તેમાં દર્શાવેલા દાવાની હકીકત તપાસવાની પ્રવૃત્તિ કરાવવી. |

## પાઠ 19 : બજાર

પ્રશ્ન 233 તમારા ગામમાં ખેડૂતોને તેમની ખેતપેદાશનો યોગ્ય ભાવ મળતો નથી. આ સમસ્યાનો સૌથી યોગ્ય ઉકેલ કયો ગણાય?

A. ખેડૂતોને નિયંત્રિત બજાર (માર્કેટ યાર્ડ)માં વેચાણ કરવા પ્રોત્સાહિત કરવું.

B. વચેટિયાને કોઈપણ ભાવે વેચી દેવું.

C. પેદાશનો સંગ્રહ કરવો.

D. માત્ર પોતાના ગામમાં જ વેચાણ કરવું.

પ્રશ્ન 234 નીચેના પૈકી યોગ્ય જોડકુ કયુછે?

A. ગ્રાહક – વસ્તુ ખરીદનાર

B. જથ્થાબંધ વેપારી – સીધો ગ્રાહકને એક જ વસ્તુ વેચનાર

C. છૂટક વેપારી – કારખાનામાં ઉત્પાદન કરનાર

D. બજાર – માત્ર વેચનારનું સ્થળ

પ્રશ્ન 235 એક ગ્રાહક કોઈ ઈલેક્ટ્રોનિક વસ્તુ ખરીદે છે. ખરીદી સમયે તેણે સૌથી પહેલાં કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ?

A. માત્ર વસ્તુનો રંગ જોવો.

B. બિલ, ગુણવત્તા ચિહ્ન (ISI વગેરે) અને વોરંટી તપાસવી.

C. મિત્રે ખરીદી છે એટલે ખરીદી લેવી.

D. માત્ર જાહેરાત જોઈને ખરીદી કરવી.

પ્રશ્ન 236 વિધાન (A): બજારમાં સ્પર્ધા હોવાથી ગ્રાહકને વધુ વિકલ્પો મળે છે.

કારણ (R): વિવિધ વેપારીઓ ગ્રાહકોને સારી ગુણવત્તા અને યોગ્ય ભાવ આપવાનો પ્રયત્ન કરે છે.

A. A અને R બંને સાચાં છે અને R, Aનું યોગ્ય કારણ છે.

B. A અને R બંને સાચાં છે, પરંતુ R, Aનું યોગ્ય કારણ નથી.

C. A સાચું છે, R ખોટું છે.

D. A ખોટું છે, R સાચું છે.

પ્રશ્ન 237 એક ગ્રાહકે ખાદ્ય વસ્તુ ખરીદવાની છે. નીચેના પૈકી કયો નિર્ણય સૌથી વધુ જવાબદાર ગણાય?

A. માત્ર ઓછી કિંમત જોવી.

B. ઉત્પાદનની તારીખ, સમાપ્તિ તારીખ અને ગુણવત્તા ચિહ્ન તપાસવું.

C. જાહેરાત જોઈને તરત ખરીદી લેવી.

D. દુકાનદાર જે કહે તે માની લેવું.

પ્રશ્ન 238 જો કોઈ વેપારી ગ્રાહકને બિલ આપવાનો ઈનકાર કરે, તો ગ્રાહકે શું કરવું જોઈએ?

A. બિલ લીધા વગર વસ્તુ ખરીદી લેવી.

B. બિલ મેળવવાનો આગ્રહ રાખવો અથવા બીજી દુકાનમાંથી ખરીદી કરવી.

C. વસ્તુ પરત મૂકી દેવી અને ફરી ક્યારેય ખરીદી ન કરવી.

D. કોઈને જાણ ન કરવી.

પ્રશ્ન 239 ઑનલાઈન બજારનો સૌથી મોટો લાભ કયો છે?

A. વસ્તુ ખરીદવા માટે બજારમાં જવું પડે.

B. બિલ મળતું નથી.

C. દરેક વસ્તુ સસ્તી જ મળે.

D. ઘરે બેઠાં વિવિધ વસ્તુઓની સરખામણી કરીને ખરીદી કરી શકાય.

પ્રશ્ન 240 એક વિદ્યાર્થી કહે છે, “દરેક મોંઘી વસ્તુ સારી જ હોય છે.” બીજા વિદ્યાર્થીનું કહેવું છે, “વસ્તુની ગુણવત્તા અને પ્રમાણિત ચિહ્ન તપાસ્યા પછી જ નિર્ણય લેવો જોઈએ.” કોનું મંતવ્ય યોગ્ય છે?

A. માત્ર પ્રથમ વિદ્યાર્થીનું B. માત્ર બીજા વિદ્યાર્થીનું

C. બંનેનું D. કોઈનું નહીં

પ્રશ્ન 241 શા માટે સરકાર નિયંત્રિત બજાર (માર્કેટ યાર્ડ)ની વ્યવસ્થા કરે છે?

A. ખેડૂતોને યોગ્ય ભાવ મળે અને શોષણ અટકે.

B. વસ્તુઓ મોંઘી વેચી શકાય.

C. માત્ર વેપારીઓને લાભ મળે.

D. ખેડૂતોને બજારમાં જવા ન દેવા.

પ્રશ્ન 242 તમારે તમારા પરિવાર માટે એક ઈલેક્ટ્રોનિક વસ્તુ ખરીદવાની છે. નીચેના પૈકી સૌથી યોગ્ય નિર્ણય કયો ગણાય?

A. માત્ર ઓછી કિંમત હોવાથી ખરીદી લેવી.

B. જાહેરાતમાં જોઈ હોવાથી ખરીદી લેવી.

C. ગુણવત્તા ચિહ્ન, વોરંટી, બિલ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ખરીદી કરવી.

D. મિત્ર પાસે છે એટલે ખરીદી લેવી.

## પાઠ 19 : બજાર

| | | | |
|---|---|---|---|
| 233 | A. ખેડૂતોને નિયંત્રિત બજાર (માર્કેટ યાર્ડ)માં વેચાણ કરવા પ્રોત્સાહિત કરવું. | 238 | B. બિલ મેળવવાનો આગ્રહ રાખવો અથવા બીજી દુકાનમાંથી ખરીદી કરવી. |
| 234 | A. ગ્રાહક – વસ્તુ ખરીદનાર | 239 | D. ઘરે બેઠાં વિવિધ વસ્તુઓની સરખામણી કરીને ખરીદી કરી શકાય. |
| 235 | B. બિલ, ગુણવત્તા ચિહ્ન (ISI વગેરે) અને વોરંટી તપાસવી. | 240 | B. માત્ર બીજા વિદ્યાર્થીનું |
| 236 | A. A અને R બંને સાચાં છે અને R, Aનું યોગ્ય કારણ છે. | 241 | A. ખેડૂતોને યોગ્ય ભાવ મળે અને શોષણ અટકે. |
| 237 | B. ઉત્પાદનની તારીખ, સમાપ્તિ તારીખ અને ગુણવત્તા ચિહ્ન તપાસવું. | 242 | C. ગુણવત્તા ચિહ્ન, વોરંટી, બિલ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ખરીદી કરવી. |

# ધોરણ 3 અને ધોરણ 6 ની ક્ષમતાઓ અને ટકાવારી

## જિલ્લા • રાજ્ય • રાષ્ટ્રીય પ્રદર્શન સરખામણી

જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National)

## ધોરણ 3 (Foundation Stage)

### ભાષા (Language)

| | | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-9.7 | રોજબરોજની વાતચીત અને તુતન શબ્દભંડોળનો ઉપયોગ | 62% | 61% | 67% |
| C-10.5 | ટૂંકી વાર્તાઓનું વાંચન અને મુખ્ય વિચારની સમજ | 51% | 52% | 60% |
| C-10.7 | ટૂંકા સમાચારો અને સૂચનાઓનું વાંચન-સમજ | 57% | 55% | 61% |

### ગણિત (Mathematics)

| | | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) | |
|---|---|---|---|---|---|
| C-8.1 | વસ્તુઓનું ગુણધર્મોના આધારે જુથ વિભાજન | 63% | 63% | 68% | 63% |
| C-8.2 | આકારો અને સંખ્યાઓમાં સરળ પેટર્ન વધારવી | 65% | 63% | 69% | 69% |
| C-8.4 | 99 સુધીની સંખ્યાઓને ચડતા-ઉતરતા ક્રમમાં ગોકવવી | 48% | 55% | 61% | 55% |
| C-8.5 | દશાંસ પદ્ધતિ અને સ્થાનડિપતની સમજ ( 99 સુથી) | 54% | 57% | 61% | 61% |
| C-8.6 | 2-અંડી સંખ્યાઓના સરવાઆ અને બાદબાડી | 42% | 47% | 58% | 58% |
| C-8.7 | ગુણાકાર અને ભાગાકારની પાયાની સમજ | 41% | 43% | 54% | 54% |
| C-8.8 | મૂળણૂત ભીમિતિક આકારો અને અવકાસીય સંબંધ | 37% | 40% | 50% | 50% |
| C-8.9 | લંબાઈ, વજન અને કદનું સરવ માપન | 55% | 52% | 62% | 62% |
| C-8.10 | સમયનું સાંમાન્ય માપન (મિનિટ, કલાક, દિવસ) | 50% | 52% | 61% | 64% |
| C-8.11 | 100 રૂપિયા સુધીના નાણાકીય વ્યવતારો | 38% | 41% | 50% | 50% |
| C-8.12 | ગરિતની વિભાવનાઓ વ્યકત કરવા યોગ્ય શબ્દણંડોળ | 51% | 51% | 55% | 51% |
| C-8.13 | બ્યવસારિક જીવનના સરળ ગાણિતિક કોયડા ઉકેલવા | 44% | 44% | 55% | |

## ધોરણ 6 (Preparatory Stage)

### ભાષા (Language)

| | | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-2.1 | લખાણનું સમજવા માટે વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ | 54% | 50% | 56% |
| C-2.2 | ગુખ્ય વિચારો સંજજવા અને તારણી કારચા | 57% | 53% | 68% |

### ગણિત (Mathematics)

| | | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-1.1 | ભારતીય સંખ્યા લેખન પદ્ધતિ અને મોટી સંખ્યાઓ | 59% | 53% | 54% |
| C-1.2 | રોજિંદા જીવનના અપૂર્ણાંકોની સમજ | 25% | 25% | 29% |
| C-1.3 | મુળભૂત ચાર કિયાઓ અને ઘડિયાનો વ્યવહારિક ઉપયોગ | 50% | 46% | 53% |
| C-1.4 | નકશા (નક્ન્દ્જાં શા) પવી સંખ્યનનીની પેટર્ના | | | 49% |
| C-2.4 | નકશા (નજરી નકશા) પર સ્થાન અને દિશા દર્શાવવા | 49% | 45% | 48% |
| C-3.3 | માપનની પ્રણાલીમાં સરળ એકમ પરિવર્તન | 34% | 32% | 38% |
| C-3.5 | અંતર, પરિમિતિ, ક્ષેત્રફળ અને કદની અંદાજ | 37% | 35% | 42% |
| C-4.1 | જાદુઈ ચોરસ જેવા વ્યવહારિક પ્રશ્નો ઉકેલવા | 33% | 31% | 38% |
| C-4.3 | ગણતરી કરવા માટેટ યોગ્ય રીત (મૌખિક કે લેખિત) પસંદ કરવી | 42% | 41% | 49% |

### આપણી આસપાસની દુનિયા (The World Around Us)

| | | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-1.1 | કુદરતી અને સામાજિંક ઘટકોને ઓળખવા | 44% | 44% | 44% |
| C-1.3 | ઋતુ પરિવર્તન અને ચંદ્રની કળાઓ વિશે પ્રશ્નો પૂછવા | 38% | 38% | 38% |
| C-1.4 | સ્થાનિક સંસ્થાઓ (પંચાયત, બેંક, બજાર) ના કાર્યો | 55% | 51% | 56% |
| C-3.2 | કટોકટીની સ્થિતિ (આગ, ઈજા) માં પૂર્વતૈયારી | 40% | 39% | 45% |
| C-4.1 | વનસ્પતિ અને પ્રાણીઓની વિવિધતાનું વર્ણન | 53% | 51% | 54% |
| C-4.3 | કુદરતી સંસાધનોના ઉપયોગ વિશે જણાવવું | 47% | 43% | 50% |
| C-4.7 | સામાજિક મૂલ્યો અને પર્યાવરણ અનુકુળ વ્યવહારો | 48% | 46% | 51% |
| C-5.3 | સંકેતો સાથે દેશ અને રાજ્યના નકશા વાંચવા | 43% | 41% | 46% |

# પરખ ટેકસોનોમીના
# સબ-ડોમેન્સ

Awareness • Sensitivity • Creativity

| જાગૃતિ | સંવેદનશીલતા | સર્જનાત્મકતા |
| --- | --- | --- |
| જ્ઞાન | સહકાર | નવીન વિચારો |
| પ્રક્રિયાની સમજ | વિવાદ નિરાકરણ | લવચીકતા |
| રચનાની સમજ | ખુલ્લું મન | બહુવિધ વિચારો |
| | | અન્વેષણ |
| | | વિચારોનું સંયોજન |

